RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 206 Dt. 9-2-2025 Page : 08 Price : Rs 3

આપના મોબાઈલમાં રાજકોટ મિરર મેળવવા ઈચ્છો છો?
QR કોડ સ્કેન કરો અને જોડાવ અમારા whatsapp ગ્રુપમાં

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

# દિલ્હીની ગાદી આંચકી લેતું ભાજપ

**આપની હાર બાદ અન્ના હજારેનું નિવેદન, મે કેજરીવાલને ખૂબ જ સમજાવ્યા પરંતુ તેઓએ સમાજ વિષે ન વિચાર્યું અને રાજકારણમાં ગયા**






BJP **48**

AAP **22**

INC **00**

નવીદિલ્હી, તા. ૮

દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે ભારતના ચૂંટણી પંચના અંતિમ પરિણામો અનુસાર, ચૂંટણી પંચે સવારે ૮ વાગ્યે મતગણતરી શરૂ કર્યા પછી તરત જ પ્રારંભિક વલણોમાં આગળ વધીને, ભારતીય જનતા પાર્ટી (BJP) તેની લીડ જાળવી રાખવામાં સફળ રહી અને કુલ ૪૮ બેઠકો જીતી. આમ આદમી પાર્ટી (AAP), જેણે આ અંતરને ટૂંકમાં ઘટાડ્યું, તેણે ૨૨ બેઠકો મેળવી છે, જે બહુમતી ૩૬ અને તેની ૨૦૨૦ની ચૂંટણીની સંખ્યા ૬૨થી ઘણી ઓછી છે. દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરૂ થઈ ગઈ છે. દિલ્હી વિધાનસભાની તમામ ૭૦ બેઠકો માટે બુધવારે ૫ ફેબ્રુઆરીએ મતદાન થયું હતું. દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોના પગલે, કોંગ્રેસના નેતા દેવેન્દ્ર યાદવે દાવો કર્યો હતો કે દિલ્હીની જનતાએ અઅડ વડા અરવિંદ કેજરીવાલની ''જૂઠ અને છેતરપિંડી''ની રાજનીતિને નિર્ણાયક રીતે નકારી કાઢી છે. યાદવે સતત ત્રીજી વખત કોઈપણ બેઠકો મેળવવામાં કોંગ્રેસના ઉમેદવારોની નિષ્ફળતાનો સ્વીકાર કરતા પક્ષની નિરાશા વ્યક્ત કરી હતી. હાર છતાં, તેમણે ભારપૂર્વક કહ્યું કે પાર્ટી તેની ભૂલો પર વિચાર કરશે અને દિલ્હીના લોકોની સેવા કરવાનું ચાલુ રાખશે. કોંગ્રેસ માત્ર એક સીટ, કસ્તુરબા નગરમાં બીજા ક્રમે રહી, અને માત્ર ત્રણ મતવિસ્તારો - કસ્તુરબા નગર, બદલી અને નાંગલોઈ જાટમાં તેની થાપણો બચાવવામાં સફળ રહી.

દિલ્હીમાં એક દાયકા સુધી શાસન કરનાર આમ આદમી પાર્ટી (AAP)ને ભાજપે પરાજય આપ્યો હતો અને તેને માત્ર ૨૨ બેઠકો મળી હતી, જ્યારે ભાજપને ૪૮ બેઠકો મળી હતી. કોંગ્રેસ માટે આ બીજી કારમી હાર હતી, જો કે પાર્ટીનો વોટ શેર ૨૦૨૦માં ૪.૩% થી વધીને આ વર્ષે ૬.૩૯% થયો છે. આગળ જોતા, કોંગ્રેસના નેતાઓએ લોકોનો વિશ્વાસ જીતવા અને ૨૦૩૦ સુધીમાં દિલ્હીમાં સરકાર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ અને તેમના ભૂતપૂર્વ નાયબ મનીષ સિસોદિયા સહિત અઅડ્ના ઉમેદવારોને હરાવીને કોંગ્રેસને ૧૪ મતવિસ્તારોમાં જીતના માર્જિન કરતાં વધુ મતો મળ્યા જ્યાં BJP જીતી હતી. શનિવારે AAP ૨૨ બેઠકો પર ઘટી ગઈ હતી, જે બહુમતી બનાવવામાં ૧૪ બેઠકો ઓછી છે. જ્યારે પાર્ટીએ તેનો વોટ શેર ૨૦૨૦ માં ૪.૨૬ ટકાથી વધારીને ૨૦૨૫ માં છ ટકાથી વધુ કર્યો, તે સતત ત્રીજી વખત એક પણ બેઠક જીતવામાં નિષ્ફળ રહી. આ ૧૪ સીટો છે તિમારપુર, બદલી, નાંગલોઈ જાટ, માડીપુર, રાજેન્દ્ર નગર, નવી દિલ્હી, જંગપુરા, કસ્તુરબા નગર, માલવિયા નગર, મહેરૌલી, છતરપુર, સંગમ વિહાર, ગ્રેટર કૈલાશ અને ત્રિલોકપુરી. દિલ્હીના પૂર્વ સીએમ સાહિબ સિંહ વર્માના પુત્ર પ્રવેશ વર્માએ નવી દિલ્હી બેઠક પરથી કેજરીવાલને હરાવ્યા હતા. કેજરીવાલ ૪,૦૮૯ મતોથી બેઠક હારી ગયા, જ્યારે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન શીલા દીક્ષિતના પુત્ર સંદીપ દીક્ષિત ૪,૫૬૮ મતો સાથે ત્રીજા ક્રમે આવ્યા, જે વિજયના માર્જિન કરતાં વધુ હતા.

અઅડ સુપ્રીમો અરવિંદ કેજરીવાલ, ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયા, દિલ્હીના પ્રધાન સૌરભ ભારદ્વાજ, ભૂતપૂર્વ પ્રધાનો સોમનાથ ભારતી અને સત્યેન્દ્ર જૈન અને પક્ષના નેતાઓ અવધ ઓઝા અને દુર્ગેશ પાઠક સહિત આમ આદમી પાર્ટીના ઘણા અગ્રણી નેતાઓ પોતપોતાના મતવિસ્તારમાં હારી ગયા. દિલ્હીના વર્તમાન મુખ્યમંત્રી આતિશી કાલકાજીથી જીત્યા. બીજેપીના પ્રવેશ વર્માએ કેજરીવાલને ૪,૦૮૯ વોટથી હરાવ્યા, જ્યારે અઅડ સુપ્રીમોના ૨૫,૯૯૯ વોટ સામે ૩૦,૦૮૮ વોટ મેળવ્યા. જંગપુરામાં, સિસોદિયા ભાજપના તરવિંદર સિંહ મારવાહ સામે માત્ર ૬૭૫ મતોથી હારી ગયા હતા, જ્યારે મંત્રી સૌરભ ભારદ્વાજને ગ્રેટર કૈલાશમાં બીજેપીના શિખા રાય દ્વારા ૩,૧૮૮ મતોથી પરાજય આપ્યો હતો.

દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫માં બીજેપીએ પ્રચંડ જીત નોંધાવી છે. ૭૦ સભ્યોની દિલ્હી વિધાનસભામાં ૪૮ બેઠકો જીતીને ભાજપ ૨૭ વર્ષ બાદ દિલ્હીની ગાદી પર પરત ફર્યું છે. આ પરિણામોના કારણે આમ આદમી પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. દિલ્હી ચૂંટણી પરિણામોને લઈને બીજેપી હેડક્વાર્ટરમાં ભારે જશ્નનો માહોલ છે. PM મોદી પણ શનિવારે સાંજે બીજેપી હેડક્વાર્ટર પહોંચ્યા, જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. અહીં બીજેપી કાર્યકર્તાઓને સંબોધિત કરતી વખતે પીએમ મોદીએ અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. દિલ્હીની તમામ ૭૦ સીટોનું ચિત્ર હવે સ્પષ્ટ છે. ભાજપે ૪૮ બેઠકો જીતી છે. જ્યારે આમ આદમી પાર્ટી ૨૨ સીટો પર ઘટી છે. દિલ્હીમાં હવે ભાજપનો કબજો છે. આ માટે તેણે ૨૭ વર્ષનો લાંબો સમય રાહ જોવી પડી.

આ ચૂંટણી પરિણામો આમ આદમી પાર્ટી માટે ખૂબ જ નિરાશાજનક સાબિત થયા. નવી દિલ્હી બેઠક પરથી અરવિંદ કેજરીવાલ, જંગપુરાથી મનીષ સિસોદિયા અને ગ્રેટર કૈલાશથી સૌરભ ભારદ્વાજ ચૂંટણી હારી ગયા છે. AAP માટે રાહતની વાત એ છે કે મુખ્યમંત્રી આતિષી કાલકાજી ચૂંટણી જીત્યા. દિલ્હી ચૂંટણીના પરિણામો બાદ આમ આદમી પાર્ટીના કાર્યાલયમાં મૌન છે જ્યારે ભાજપ કાર્યાલયમાં ઉજવણીનો માહોલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે શનિવારે સાંજે બીજેપી હેડક્વાર્ટર પહોંચ્યા અને દિલ્હી વિજય પર કાર્યકર્તાઓને સંબોધિત કર્યા. તો ચાલો જાણીએ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કોણ હાર્યું અને કોણ જીત્યું.

## ભાજપના પાસા યથાર્થ ઠર્યા

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ એ જે પાસા ફેકીયા હતા તે યથાર્થ ઠર્યા. મહત્વનું એ છે કે ભાજપે જે નીતિ પર કામ કરી ને દિલ્હીના મતદારો પર જે છાપ છોડી અને જે રીતે ઓવેશીને મેદાનમાં ઉતારવાથી જે ૫૦% જીતનું ફેક્ટર કામ કરી ગયું તે અકલ્પનીય છે. સત્તામાં એક દાયકા કરતાં વધુ સમય પછી, AAPની અપીલ ઓછી થઈ છે, ખાસ કરીને મધ્યમ વર્ગમાં, જે એક સમયે કેજરીવાલના ભ્રષ્ટાચાર વિરોધી વલણથી આકર્ષિત હતા. કેજરીવાલ, એક સમયે મધ્યમ વર્ગની આગેવાની હેઠળની ભ્રષ્ટાચાર વિરોધી ચળવળના ચેમ્પિયન, ગરીબોનો પક્ષ બની ગયા હતા - તે હજી સ્પષ્ટ નથી કે દિલ્હીના ગરીબ અને સંઘર્ષશીલ મજૂર વર્ગે તેમને ક્યારે છોડી દીધા. ભ્રષ્ટાચારના આરોપો, મુખ્ય નેતાઓની જેલ અને કેજરીવાલની પોતાની ધરપકડથી અઅડ્ની ઝુંબેશને નુકસાન પહોંચ્યું હતું, જેનાથી એક ખાલીપો સર્જાયો હતો જે ભાજપ દ્વારા ઝડપથી ભરવામાં આવ્યો હતો. વિશાળ સંસાધનો અને શક્તિશાળી ચૂંટણી મશીન દ્વારા સમર્થિત, ભાજપની ''ડબલ-એન્જિન'' પિચ - જ્યાં રાજ્ય અને સંઘીય સરકારો એક જ પક્ષ દ્વારા શાસન કરે છે - સ્થિરતા અને વધુ સારા શાસનનું વચન આપે છે. આ એક ઐતિહાસિક જીત છે - લગભગ ૩૦ વર્ષમાં ભાજપની દિલ્હીમાં પહેલી બહુમતી. તેના ''પરિવર્તન'' સંદેશે લોકોના હૃદય જીતી લીધા, પરંતુ તેની રાજકીય અને નાણાકીય શક્તિએ ભારે વિજયની ખાતરી આપી.

**ઓવૈસીને મેદાનમાં ઉતારી ૫૦ ટકા દાવ સફળ રહ્યો**

અસાઉદ્દીન ઓવૈસીની પાર્ટીએ પોતાના બે ઉમેદવારો દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ઉતારીયા હતા. જેમાં મુસ્તફાબાદમાં તાહિર હુસેનને ઉતાર્યા હતા જેમાં આ બેઠકમાં ભાજપના મોહન બીસ્ટ જીત્યા હતા જ્યારે ઓખલા બેઠકમાં સિફા રહેમાનને સ્થાન આપવામાં આવ્યું હતું અને આ બેઠકમાં આમ આદમી પાર્ટી એ બાજી મારી હતી એટલે એ પુરવાર થઈ ગયું કે ઓવેસી મેદાનમાં ઉતર્યા અને ભાજપને ફાયદો કરાવ્યો.

## દિલ્હીના લોકોને AAP ' દા થી મુક્તિઃ મોદી

દિલ્હી ઈલેક્શન જીત્યા બાદ વડાપ્રધાન મોદીએ ભાજપ કાર્યાલય ખાતે કાર્ય કરો ને સંબોધન કરતા કહ્યું કે, દિલ્હીના લોકોમાં ઉત્સાહ અને શાંતિ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (BJP)ની મજબૂત જીતની પ્રશંસા કરતા કહ્યું, ''આત્મા જીત માટે છે અને રાહત દિલ્હીને અઅડથી મુક્ત કરવા માટે છે. દિલ્હીના લોકોમાં ઉત્સાહ અને રાહત બંને છે. ઉત્સાહ જીત માટે છે અને રાહત દિલ્હીને AAPથી મુક્ત કરવા માટે છે.'' મહેલ વિવાદ દિલ્હી વિધાનસભાના પ્રથમ સત્રમાં રજૂ કરવામાં આવશે. પીએમ મોદીએ કહ્યું, અમે તમારો પ્રેમ ૧.૨૫ ગણો વિકાસના રૂપમાં પરત કરીશું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, દિલ્હીના માલિક માત્ર જનતા જ છે. તેમણે વધુમાં કહ્યું કે, ''જેઓએ તેને પોતાની મિલકત માન્યું હતું તેમણે તેને નકારી કાઢી છે.'' વડા પ્રધાન મોદીએ જાહેરાત કરી હતી કે દિલ્હીના લોકો રાહત અને આનંદ બંનેનો અનુભવ કરી રહ્યા છે – ''આપત્તિ'' (AAP–DA શાસન) માંથી રાહત અને ભાજપના શાસન હેઠળ નવા યુગને સ્વીકારવાનો આનંદ. ''મેં દરેક દિલ્હીવાસીઓને પત્ર લખીને ૨૧મી સદીમાં બીજેપીને સેવા કરવાની તક આપવા વિનંતી કરી... આજે, હું અમારા પર વિશ્વાસ કરવા બદલ દિલ્હીના દરેક પરિવારનો આભાર માનું છું. તમે અમને દિલથી પ્રેમ કર્યો છે, અને હું તમને ખાતરી આપું છું કે અમે ઝડપી વિકાસ દ્વારા તેને અનેકગણો પરત કરીશું.''

## BSPએ મોટા ઉપાડે ઉમેદવાર રાખ્યા ઊભા ૦.૫૮ ટકા મળ્યો વોટ શેર

મહત્વનું એ છે કે માયાવતી ની બહુજન સમાજ પાર્ટી એ ૭૦ બેઠકોમાંથી ૬૯ બેઠકો પર ઉમેદવારોને ઉભા રાખ્યા હતા પરંતુ જોવાનું એ રહ્યું કે જ્યારે રિઝલ્ટ બહાર આવ્યા તો માત્રને માત્ર ૦.૫૮ ટકા જ વોટ શેર બહુજન સમાજ પાર્ટીને મળ્યો જે ખરા અર્થમાં અકલ્પનીય છે ત્યારે ગત વર્ષની એટલે કે ગત વિધાનસભા ચૂંટણીની સરખામણીમાં આ વખતે પણ બીએસપી નો વોટ શેર ખૂબ ઓછો રહ્યો હતો.






### સાયબર ફ્રોડની ઘટનાઓ અટકતી જ નથીઃ લોકો જાગૃત ન થતાં હોઇ ગઠીયાઓ કરી લે છે શિકાર

# સ્ટોક ટ્રેડીંગના નામે કંપનીના મેનેજર સાથે ૧૧ કરોડની ઠગાઇ

## બીજી ઘટનામાં તમારા મોબાઇલ નંબરનો પાંચસો આડત્રીસ કરોડના મની લોન્ડરીંગમાં ઉપયોગ થયો છે કહી ડિજીટલ એરેસ્ટની ધમકી દઇ ત્રીસ લાખ પડાવ્યા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૮**

ઓનલાઇન ફ્રોડના બનાવોમાં વધુ એક કિસ્સો ઉમેરાઇ ગયો છે. શેર બજારમાં રોકાણ અને ટાસ્કમાં કમાણીના નામે લોકોને છેતરવાના કિસ્સા સતત વધી ગયા છે. આવા વધુ એક બનાવમાં એક કંપનીના ગ્રુપ મેનેજર સાથે અધધધ એક કરોડ અઠ્ઠાવીસ લાખની ઠગાઇ થઇ છે. તેમને શેર બજારમાં રોકાણ કરવાથી ખુબ મોટુ વળતર મળશે તેવી ખાત્રી આપી સ્ટોક ટ્રેડીંગમાં ગ્રુપ અને વેબ પોર્ટલ દ્વારા લલચાવી શિકાર બનાવી લેવાયા હતાં. તેમણે ચૌદ એલગ અલગ એકાઉન્ટમાં પોતાની પાસેના એક કરોડ અઠ્ઠાવીસ લાખ જમા કરાવ્યા હતાં. પરંતુ આ રકમ સામે નફો મળવાને બદલે ઠામુકી રકમ ગુમાવવી પડી હતી. બીજા કિસ્સામાં વૃધ્ધને ટ્રાઇ અને મુંબઇ સાયબર ક્રાઇમના નામે ફોન કરી ડિજીટલ એરેસ્ટની ધમકી આપી ત્રીસ લાખ પડાવી લેવાયા હતાં.



સાયબર ફ્રોડની પ્રથમ ઘટના વિશે વિગતે વાત કરીએ તો અંકલેશ્વર જીઆઇડીસીમાં સંસ્કૃતિ કોટેઝમાં રહેતા અને નોઈડાની કંપનીમાં ગ્રૂપ મેનેજર તરીકે કાર્યરત હાર્દિક પટેલ સાયબર ઠગોના શિકાર બન્યા છે. સાયબર ગેંગે વોટ્સએપ પર સ્ટોક ટ્રેડિંગના ગ્રૂપ અને વેબ પોર્ટલ દ્વારા આકર્ષક વળતરની લાલચ આપી હતી. ભેજાબાજોએ શરૂઆતમાં નાના રોકાણ પર સારૂ વળતર આપી વિશ્વાસ કેળવ્યો હતો. આ વિશ્વાસના આધારે હાર્દિક પટેલે ચૌદ જુદા જુદા એકાઉન્ટમાં કુલ રૂ. ૧.૩૬ કરોડનું રોકાણ કર્યું હતું. ઠગોએ શરૂઆતમાં થોડી રકમ પરત કરી હતી, પરંતુ જ્યારે હાર્દિકે તમામ રકમ પરત માંગી ત્યારે તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું. આ રીતે કુલ રૂ. ૧.૨૮ કરોડની ઠગાઈનો ભોગ બન્યા છે.

મસમોટી એવી આ ઠગાઇના ગંભીર મામલે સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ કેસ સાયબર ક્રાઇમના વધતા જતા કેસોમાં એક વધુ ઉમેરો છે, જેમાં સ્ટોક માર્કેટના નામે લોકોને છેતરવામાં આવે છે. પોલીસે લોકોને આવી ફેક સ્કીમોથી સાવધ રહેવા અને કોઈપણ આર્થિક વ્યવહાર કરતા પહેલા યોગ્ય ચકાસણી કરવા વધુ એક વખત અપીલ કરી છે.

ઠગાઇના બીજા એક બનાવમાં ભરૂચમાં સાયબર ગઠીયાઓએ એક વૃદ્ધ વ્યક્તિ પાસેથી ડિજિટલ અરેસ્ટની ધમકી આપીને રૂ. ૩૦ લાખની છેતરપિંડી કરી લીધી છે. સિદ્ધનાથનગર સોસાયટીના રહેવાસી ભરતકુમાર કિશનાડવાલાને ટ્રાઇ તરફથી હોવાનો દાવો કરતો ફોન આવ્યો હતો. ઠગોએ પહેલા રેકોર્ડેડ મેસેજ દ્વારા અને પછી રાહુલકુમાર નામના વ્યક્તિએ ટ્રાઇના અધિકારી હોવાનો દાવો કરી, તેમનું સિમ કાર્ડ બંધ થવાની ધમકી આપી. ત્યારબાદ પ્રદીપ સાવંત નામના વ્યક્તિએ મુંબઈ સાયબર ક્રાઈમ પોલીસ અધિકારી હોવાનો દાવો કરી, રૂ. ૫૩૮ કરોડના મની લોન્ડરિંગ કેસમાં તેમનો મોબાઈલ નંબર સંડોવાયેલો હોવાનું જણાવ્યું.

ત્યારબાદ ઠગોએ ભરતકુમારને ડિજિટલ અરેસ્ટની ધમકી આપી અને તેમની રૂ. ૩૦ લાખની જ્ઞ તોડાવી, બેંક ઓફ મહારાષ્ટ્રના એકાઉન્ટમાં આરટીજીએસ દ્વારા ટ્રાન્સફર કરાવી લીધી. પીડિત વ્યક્તિએ પોતાના સંબંધીઓ સાથે વાત કર્યા બાદ આ છેતરપિંડીની જાણ થતાં સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. ભરૂચ સાયબર પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.આ કેસ સાયબર ક્રાઈમના વધતા જતા ખતરા તરફ ધ્યાન દોરે છે અને લોકોને સાયબર ઠગાઈથી સાવધાન રહેવા માટેની ચેતવણી આપે છે.

ઓનલાઇન ફ્રોડની આવી ઘટનાઓ દેશમાં, રાજ્યમાં દરરોજ બની રહી છે. કોઇપણ ગામ કે શહેર હોઇ ત્યાંના કોઇને કોઇ રહેવાસી ભોગ બની રહ્યા છે. સરકાર અને પોલીસ લોકોને સતત જાગૃત કરવા પ્રયાસ કરે છે. પરંતુ આમ છતાં લોકો ગભરાઇ જાય છે અને ભુલ કરી બેસે છે. ડિજીટલ એરેસ્ટ જેવો કોઈ કાયદો નથી એવું પોલીસ કહી કહીને થાકી ગઇ છે. છતાં લોકોને આ પ્રકારના ફોન આવતાં તેઓ ગભરાઇ જાય છે અને ગઠીયાઓ કહે તેમ કરીને પોતાની મરણમુડી ગુમાવી બેસે છે. આવી જ રીતે શેર બજારમાં કમાણીની લાલચમાં પણ લોકો લાખો કરોડો ગુમાવી રહ્યા છે. ચેતશો નહિ તો ચોક્કસ છેતરાશો તેની પુરેપુરી ગેરેન્ટી છે.

# કાલથી હાથી પગા રોગના નિર્મૂલન માટે સામૂહિક દવા વિતરણ કાર્યક્રમ

## રાજ્યના ચાર તાલુકામાં ૫.૪૬ લાખથી વધુ લોકોને આપવામાં આવશે દવા

**કાલે તાલુકાની અંદાજે ૭૭૬ આંગણવાડી, ૭૪૮ શાળાઓ અને ૧૩ જેટલી કોલેજોમાં આરોગ્ય કાર્યકરોની ૬૧૦ ટીમો દ્વારા દવાનું કરાશે વિતરણ**

રાજકોટ, તા. ૮

'સ્વસ્થ નાગરિક- સ્વસ્થ દેશ'નું નિર્માણ કરે છે. જ્યારે, ગુજરાત ટી. બી., પોલીયો જેવા વિવિધ પ્રકારના ગંભીર રોગોને જડમૂળથી નાશ કરવા રાજ્ય સરકાર હરહંમેશ ખડેપગે રહે છે. તેવી જ રીતે, ફાઈલેરિયા એટલે કે, 'હાથીપગા રોગ'ને નાબૂદ કરવા આગામી તા. ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન 'માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન' એટલે કે સામૂહિક દવા વિતરણ કાર્યક્રમનો બીજો તબક્કો હાથ ધરવામાં આવશે. તે માટે રાજ્ય સરકાર દ્વારા તમામ આગોતરા આયોજન કરવામાં આવી રહ્યા છે.

'હાથીપગા રોગ મુક્ત ગુજરાત'નું નિર્માણ કરવા કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૭ સુધીનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં કેન્દ્રના આ લક્ષ્યાંકને હાંસલ કરવા ગુજરાત અગ્રેસર રાજ્ય રહેશે.

આ અભિયાન ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં, નર્મદા જિલ્લાના નાંદોદ અને ડેડીયાપાડા તેમજ ડાંગ જિલ્લાના વઘઈ એમ ચાર તાલુકામાં યોજાશે.જેમાં અંદાજે ૫.૪૬ લાખથી વધુ નાગરકોને હાથીપગા રોગના કૃમિનો વ્યક્તિના શરીરમાંથી નાશ કરવા માટેની દવા આરોગ્ય કાર્યકર/ દવા વિતરક ધ્વારા રૂબરૂમાં ગળાવવામાં આવશે. આ અભિયાનમાં બાકી રહી ગયેલા નાગરિકોને આરોગ્ય કાર્યકર/ દવા વિતરક દ્વારા તા. ૧૩ અને ૧૪ ફેબ્રુઆરીના રોજ ફરીથી ઘરની રૂબરૂ મુલાકાત લઈ આ દવા ગળાવવામાં આવશે.

જ્યારે,બે વર્ષથી નાના બાળકો, સગર્ભા મહિલા, અતિશય બિમાર વ્યક્તિ અને પ્રસૂતિના એક અઠવાડિયા સુધીની ધાત્રી માતાઓને આ દવા ગળાવામાં આવશે નહિ. આ અભિયાનને ઝડપી સાકાર કરવા સંબંધિત જિલ્લાની આરોગ્ય ટીમો, આશા, આંગણવાડી વર્કર તેમજ શાળાના શિક્ષકોને જરૂરી તાલીમ આપી સુસજ્જ કરવામાં આવ્યા છે. આ અભિયાન અંતર્ગત તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ નક્કી કરેલા તાલુકા વિસ્તારની તમામ ૭૭૬ આંગણવાડી, ૭૪૮ શાળાઓ અને ૧૩ જેટલી કોલેજોમાં આરોગ્ય કાર્યકરોની ૬૧૦ ટીમો દ્વારા બાળકોને દવા રૂબરૂમાં ગળાવવામાં આવશે. સાથે જ, જાહેર સ્થળો પર ૫૬ જેટલા બુથ ગોઠવીને પણ રૂબરૂમાં દવા ગળાવવામાં આવશે. આ અભિયાન દરમિયાન અને પછી ત્રણ મેડીકલ કોલેજના પી.એસ.એમ. ડિપાર્ટમેન્ટ દ્વારા વ્યક્તિગત મુલ્યાંકન હાથ ધરવામાં આવશે.

હાથીપગો (ફાઇલેરીયા)એ લિમ્ફેટિક ફાઇલેરિયાસિસ કૃમિથી થતો રોગ છે. જે સામાન્ય રીતે ગંદા પાણીમાં થતા માદા ક્યુલેક્સ ચેપી મચ્છરો દ્વારા ફેલાય છે. આ રોગમાં ચેપ લાગ્યાના શરૂઆતમાં કોઈ લક્ષણો દેખાતા નથી, પરંતુ ૬થી ૮ વર્ષ બાદ આ રોગના લક્ષણો જેમ કે, લસિકા ગ્રંથીઓ/ લસિકા વાહિનીઓ ફૂલી જવાથી હાથ-પગમાં સોજો આવવો, અથવા પુરૂષોમાં હાઈડ્રોસીલ (વધરાવળ) જોવા મળે છે.આ રોગના જીવાણુઓ રાત્રીના સમયે જ લોહીમાં પરિભ્રણ કરતાં હોવાથી આરોગ્યતંત્ર દ્વારા રાત્રે ૮થી ૧૨ના સમયગાળામાં જ લોહીના નમૂના લેવામાં આવે છે. લોહીના પરીક્ષણમાં જો કોઈ વ્યક્તિમાં આ રોગના જીવાણુઓ દેખાય તો તાત્કાલિક સારવાર આપીને ચેપ ફેલાતો અટકાવી શકાય છે.

# નવા વર્ષના બજેટની તૈયારીમાં લાગ્યું રૂડા

## ગત વર્ષના બજેટમાં નિર્ધારિત થયેલા કામો જે હજી પૂર્ણ ન થયા હોય તેને પણ આ વર્ષના બજેટમાં આવશે ઉમેરવામાં : તજજ્ઞોનું માંડવો રૂડા અમલવારી કરવામાં સદંતર નિષ્ફળ

રાજકોટ, તા. ૮

રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ તેનું આગામી નવા વર્ષના બજેટ માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે ત્યારે તજજ્ઞોના જણાવ્યા અનુસાર ગત વર્ષના બજેટમાં જે મોટાભાગના કામો હજુ થયા નથી તેને આ વર્ષના બજેટમાં સમાવવામાં આવશે આ પ્રકારની ઘટના દર વર્ષે ઘટી રહી છે કારણ કે રૂડા પાસે પૂરતો સ્ટાફ ન હોવાથી તેઓ માત્ર આયોજન જ કરી શકે છે પરંતુ જે તે પ્રોજેક્ટ માટેની જે અમલવારી થવી જોઈએ તે થઈ શકતી નથી અને તેના કારણે અનેકવિધ પ્રોજેક્ટ હજુ પણ શરૂ નથી થયા અને તેની સીધી જ અસર રૂડા વિસ્તારોના વિકાસ પર જોવા મળે છે.

રૂડા જે બજેટ બનાવે છે તે અત્યંત મનમોહકતો હોય પરંતુ તેની યોગ્ય અમલવારી થતી ન હોવાથી અનેક પ્રશ્નો પણ ઊભા થાય છે. તજજ્ઞોના જણાવ્યા અનુસાર જે ગત વર્ષના બજેટમાં કામગીરી બાકી હોય તેને નવા વર્ષના બજેટમાં લઈ લેવું તે રૂડા નો સિલસિલો રહ્યો છે. ગત નાણાકીય વર્ષ માટે જે મહેનત બજેટ બનાવવામાં કરવામાં આવી હતી તેને ધ્યાને લઈ હજુ પણ અનેક કામો બાકી છે એટલું જ નહીં જે આવક જાવક નો અંદાજો પણ જે લગાવવામાં આવ્યો હતો તે પણ સાચો સાબિત થયો નથી.

રૂડાએ ગત વર્ષે જણાવ્યું હતું કે તે જમીન વેચીને આવક ઊભી કરશે પરંતુ ગત નાણાકીય વર્ષના બજેટને ધ્યાને લઈ રૂડાએ એક પણ જમીન વહેંચી નથી અને નવી હોર્ડિંગ માટેની સાઈટ પણ ઉભી કરી નથી. તો સામે લેણું વસૂલવામાં પણ રાજકોટ શેરી વિકાસ સત્તા મંડળને કોઈ ખાંસી એવી સફળતા મળી ન હોવાનું પણ માલુમ પડ્યું છે એટલું જ નહીં રૂડા હસ્તકના જે પણ પ્લોટ્સ છે તેમાં મહત્તમ પ્લોટ માં દબાણો થઈ ગયા છે ત્યારે તજજ્ઞોના જણાવ્યા અનુસાર રૂડા પોતાના પ્લોટ ને પણ સુરક્ષિત રાખી શક્યું નથી. બીજી સૌથી મોટી વાત તો એ છે કે મહાનગરપાલિકા હોય તો તમે આંતરે બેઠક મળતી હોય છે પરંતુ બજેટ બાદ માત્ર છ બેઠક જ એક વર્ષમાં મળી છે તેથી એ વાત તો સ્પષ્ટ થાય કે રાજકોટ શેરી વિકાસ સત્તા મંડળની જે કામગીરી છે તે અત્યંત ગોકળગાય ગતીએ ચાલી રહી છે.




જાન્યુઆરી ૨૦૨૪ માં રાજકોટ શહેર વિકાસ સત્તા મંડળની ૧૭૧મી બોર્ડ બેઠક તત્કાલીન ચેરમેન આનંદ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં બજેટને બહાલી પણ આપવામાં આવી હતી. મળતી માહિતી મુજબ ગત બજેટમાં રૂડાએ આવક પેટે ૨૫૬ કરોડ રૂપિયા દર્શાવ્યા હતા અને જાવક નો આંકડો અંદાજે ૨૦૦૨૭ કરોડ જેટલો હતો જેમાં ૨૦૬ કરોડનો મુડીગત ખર્ચ, ૮ કરોડના રેવન્યુ ખર્ચ જ્યારે આશરે ૧૩ કરોડના અનામત ખર્ચ ની દરખાસ્ત કરવામાં આવી હતી જેને મંજૂર પણ કરવામાં આવી ત્યારે હાલની સ્થિતિએ એ વાત તો સ્પષ્ટ છે કે રૂડા ની નબળી અને ઢીલી કામગીરીના કારણે તંત્રએ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની ગ્રાન્ટ ઉપર જ મદાર રાખવો પડે છે. તો બીજી તરફ રાજકોટ શેરી વિકાસ સત્તા મંડળે ખરા અર્થમાં પોતાની નવી આવક ઊભી કરવા માટેનો સ્ત્રોત નક્કી કરવો જોઈએ જે કરવામાં પણ રૂડા નિષ્ફળ નીવડ્યું છે.

ગત વર્ષના બજેટમાં રૂડામાં સમાવિષ્ટ રોણકી ગામ માં પીવાના પાણીને લઈને અનેક રજૂઆતો કરવામાં આવી હતી અને જેને રૂડાએ મંજૂર પણ કરવામાં આવ્યું પરંતુ આજ દિન સુધી હજુ પણ તેઓને પીવાનું પાણી મળી શક્યું નથી એટલે કે પાણીની લાઈન હજુ સુધી રોનકીને મળી નથી આ અંગે એક વખત નહીં અને એક વખત રજૂઆતો કરવામાં આવી છતાં પરિણામ જેવું હોય તેવું જ. સાથો સાથ કાંગસિયાળી અને મનહરપુર ની સાથે રોણકી વિસ્તારમાં ભૂગર્ભ ગટરના કામો પણ હજુ સુધી અપૂરતા છે તેનું પણ કામ પૂર્ણ થયું નથી. આવા એક નહીં અનેક કામો હાલ પેન્ડિંગ છે.

### છુટાછેડા લઇ ચુકેલા યુવાને એક મહિલાની મધ્યસ્થીતી મહારાષ્ટ્રીયન યુવતિ સાથે લગ્ન કર્યા, નોંધણી કરાવી પણ સંસાર શરૂ થયા પહેલા જ ખતમ

# ચેતતો નર સદા સુખીઃ લૂંટેરી દુલ્હનનો યુવાનને સવા લાખનો ચાંદલો!

## કન્યા અને તેની કહેવાતી બહેન ઘરમાંથી હાથફેરો કરી ગઇઃ ફોન કરતાં કહ્યું-અમારો પ્લાન તો તમને લૂંટવાનો જ હતો

રાજકોટઃ અનેક એવા યુવાનો હોય છે જેમના લગ્ન તેમના સમાજ જ્ઞાતિમાં ન થઇ શકતાં હોય તેવા યુવાનો એજન્ટો, દલાલો મારફત બહારના પ્રાંતની કન્યાઓની પસંદગી કરી જે તે એજન્ટ અને જે તે કન્યાના પરિવારને રકમ ચુકવી લગ્ન કરે છે. આવા અનેક લગ્નો સફળ પણ થયા છે. પરંતુ મોટા ભાગે લગ્નના નામે ફ્રોડ કરતી ટોળકી વધુ ફાવી જતી હોય છે. લૂંટેરી દુલ્હનના કિસ્સા સમયાંતરે સામે આવતાં રહે છે. જેમાં જે તે કન્યાને જે તે યુવાન સાથે પરણાવી એડવાન્સ રૂપિયા મેળવી લેવાય છે અને બાદમાં લગ્ન કર્યા પછી એકાદ દિવસમાં જ કન્યા લૂંટેરી દુલ્હન બની ઘરમાંથી રોકડ, દાગીના સહિતની માલમત્તા ઉસેડીને ભાગી જાય છે. આવો વધુ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં છુટાછેડા લઇ ચુકેલા એક યુવાને આ રીતે દલાલ મારફત લગ્ન કર્યા હતાં. પરંતુ લગ્ન બાદ કન્યા અને તેની કહેવાતી બહેન ઘરમાંથી સવા લાખની મત્તા લઇ ભાગી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો ગાંધીધામનસુંદરપુરીમા છુટાછેડા થયેલા વેપારીના લગ્ન કરાવીને પરીણીતા અને તેની કહેવાતી બહેન સવા લાખ રૂપીયા લઈને ભાગી ગઈ હતી. જે અંગે ત્રણ મહિલાઓ સામે ફરિયાદ દાખલ કરાઈ છે. ગાંધીધામ એ ડિવીઝન પોલીસ મથકમાં સીલાઈ મશીનનું કામ કરતા દિનેશભાઈ સથવારાએ આરોપી સવિતા શૈલેશ ઈંગલે, ગુંજન શૈલેશ ઈંગલે અને પ્રકાશબા સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે ગત તા. ૧૦/૮/૨૦૨૪ના તેમના પ્રથમ લગ્નમાં છુટાછેડા થયા હતા. ત્યારબાદ તેમનું સીલાઈનું કામ ચાલતું હોવાથી તે સમયે આરોપી પ્રકાશબા (રહે. દુકાન સામે, નીલકંઠ મંદીરની સામે, નવી સુંદરપુરી)એ કપડા સીવડાવવા માટે આવ્યા હતા.



ત્યારે તેમણે કહ્યું કે તેમના ધ્યાનમાં એક છોકરી છે જો લગ્ન કરવા હોય તો. તે અનુસાર પ્રકાશબાએ સવિતા તથા ગુંજનને લઈ આવેલી અને સવિના લગ્ન તુટી ગયા હોવાનું જણાવી, જો તેની સાથે મેળ બેસે તો લગ્ન કરાવવાની વાત કરી હતી. જે અંગે ફરિયાદીએ હા પાડી હતી. પરંતુ વાત આટલેથી અટકી નહતી. ત્યારબાદ ૨૬/૭/૨૦૨૪ના જ્યારે ફરિયાદી, તેમના બનેવી અને બહેન તેમજ સગા વ્હાલા પ્રકાશાબાના ઘરે લગ્નની વાત લઈને ગયા ત્યારે ગુંજને જણાવ્યું કે તેવો બે બહેનો એકલી છે અને પરિવારમાં કોઇ માતા પિતા નથી જેના કારણે લગ્નનો ખર્ચો આપો તો થએ શકસે. જેને પણ માન્ય રાખીને આરોપી ચોવીસ વર્ષિય સવિતા શૈલેશ ઈંગલે (રહે. મુળ સીમ ટીકલી, નાગપુર, મહારાષ્ટ્ર) સાથે કાયદેસર લગ્ન કર્યા અને લગ્નની ગાંધીધામ નગરપાલિકામાં નોંધણી પણ કરાવી હતી.

લગ્ન બાદ ફરિયાદીની સાળી ગુંજનએ સુરત રહેતી હોવાથી પૈસા લઈ ઘરેથી ચાલી ગઈ અને જતા જતા કહ્યું કે હવે કોઇ ચિંતા કરવાની નહી, મારી બહેન તમરો સંસાર ચલાવશે. પરંતુ ત્યારબાદ પત્નીએ કહ્યું કે મને દાગીના જોઇએ છીએ, જે માટે તીજોરીન ચાવી આપીને ઘરવખરી માટે ત્રીસ હજાર રોકડા અને ચાંદીના સાકરાની જોડી, તેમજ હાથની પોચીની ત્રણેય વસ્તુઓ મળીને કુલ પંદર હજારની રાખવા માટે આપ્યા હતા. પરંતુ ત્યારબાદ બપોરે ફરિયાદી માતાના ઘરે સુતા હતા ત્યારે પત્નિ સવિતા દુકાને જવાનું કહીને ઘરેથી નિકળી ગયેલી અને ત્યારબાદ ઘણો સમય વિત્યા અને સગા વ્હાલાઓમાં તપાસ કર્યા બાદ પણ પતો લાગ્યો નહતો. ફોન કર્યો તો પતી સવિતાએ કહ્યું કે 'તમારા રૂપીયા પડાવવાનો અમારો પ્લાન હતો, તમારા રૂપીયા પરત આપીશું નહી' આમ કહીને ફોન કટ કરી નાખ્યો હતો.

જેથી આ અંગે અગાઉ મધ્યાંતર બનેલા પ્રકાશબાને વાત કરતા તેમણે પૈસા અને દાગીના પરત અપાવી દઈશ તેવું કહ્યુ તે આજ દીન સુધી પરત આવ્યા નથી. ત્રણેય વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. આમ વધુ એક લગ્નવાંચ્છુ યુવાન લૂંટેરી દુલ્હનનો શિકાર બની ગયો હતો. આ પ્રકારની યુવતિઓ સાથે લગ્ન કરનારા અનેક યુવાનો છે અને તેમના લગ્ન ટકી પણ રહ્યા છે. પરંતુ મોટે ભાગે આવા કિસ્સામાં છેતરાઇ જવાનો ચાન્સ વધુ રહેતો હોય છે. અહિ ચેતનનો નર સદા સુખી એમ કહી શકાય.

### મહિલા કર્મચારી સાથે લફરૂ થતાં બે મહિના પહેલા વેપારી ગૂમ થયેલ, મહિલા પાછી આવી ગઇ હતી, વેપારીની છેક હવે લાશ મળી

# જીવલેણ હનીટ્રેપઃ રેસ્ટોરન્ટના સંચાલકને ફસાવાતાં કર્યો આપઘાત

### પોતાને ત્યાં જ નોકરી કરતી મહિલા અને તેણીની જેઠાણીએ મળી પાંચ લાખ માંગ્યા હતાંઃ સ્યુસાઇડ પહેલાનો વિડીયો જાહેર થતાં પોલીસે આદરી તપાસ

રાજકોટઃ હનીટ્રેપના કિસ્સા અવાર-નવાર બનતાં રહે છે. તાજેતરમાં જ આવા બે બનાવોમાં વેપારી, એનઆરઆઇને ફસાવી લાખોનો તોડ કરાયો હતો. જો કે એક કિસ્સામાં તો શિકારી ગેંગનો જ પોલીસે શિકાર કરી લીધો હતો. ત્યાં હવે ખળભળાટ મચાવતી જીવલેણ હનીટ્રેપની ઘટના સામે આવી છે. જેમાં રેસ્ટોરન્ટના સંચાલકને બે બહેનો અને તેણીના પતિઓએ હનીટ્રેપમાં ફસાવી લાખો પડાવતાં અંતે તેણે વિડીયો બનાવી નદીમાં કુદી આપઘાત કરી લીધો હતો. પોલીસ સામે આ ઘટના ઉજાગતર થતાં ટોળકી સામે એફઆઇઆર દાખલ કરી છે. બે મહિનાથી ગૂમ આ હોટલ સંચાલકની લાશ હવે છેક નદીમાંથી મળતાં સમગ્ર ઘટના સામે આવી છે.

ચોંકાવનારી અને લાલબત્તી સમાન આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો બનાવ સુરતમાં બન્યો છે. અહિ સુરતમાં એક રેસ્ટોરાના માલિકે તાપી નદીમાં કૂદીને આપઘાત કરી લીધો હોવાનો બનાવ સામે આવ્યો છે, તેણે આપઘાત કરતાં પહેલાં બનાવેલા વીડિયોમાં ચોંકાવનારા આક્ષેપો કર્યા છે. એક મહિલા દ્વારા તેમને હનીટ્રેપમાં ફસાવવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ સાથે આરોપીઓએ રૂપિયાની પણ માગણી કરી હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બે મહિલા સહિત ચારનાં નામ પણ વીડિયોમાં બોલે છે. અત્રે ઉલ્લેખનીય છે કે રેસ્ટોરાંમાલિક છેલ્લા બે મહિનાથી મિસિંગ હતા અને તેમનો પરિવાર મિસિંગની ફરિયાદ નોંધાવવા માટે આમતેમ ધક્કા ખાઈ રહ્યો હતો.





વધુ વિગતો જોઇએ તો પાસોદરા વિસ્તારમાં અડતાલીસ વર્ષીય યોગેશભાઈ જાવિયા પરિવાર સાથે રહેતા હતા. પરિવારમાં પત્ની અને એક પુત્ર છે. યોગેશભાઈ સુરતમાં વરાછા વિસ્તારમાં આવેલા મિની બજાર ખાતે રેસ્ટોરાં ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા હતા. એ દરમિયાન તેમની રેસ્ટોરાંમાં એક મહિલા કામ કરતી હતી, જેના સંપર્કમાં તેઓ આવ્યા હતા. તે જ મહિલા દ્વારા યોગેશભાઈને ફસાવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. સુસાઈડ વીડિયોમાં યોગેશભાઈએ જણાવ્યું હતું કે નયના નામની બે મહિલાઓ સહિતે મને હનીટ્રેપમાં ફસાવ્યો હતો. મારી હોટલમાં નયના ભરત ઝાલા કામ કરતી હતી. તેની જેઠાણી નયના અનુ ઝાલા મેઈન માસ્ટરમાઈન્ડ છે. તેણે મને હનીટ્રેપમાં ફસાવ્યો છે. નયના ભરત ઝાલા મને ભગાડીને લઈ ગઈ હતી અને ચાર-પાંચ દિવસ પછી પરત લઇ આવી હતી અને કહ્યું કે ચલો... હવે જવું છે. પછી નયના અનુ ઝાલા, જે નયના ભરત ઝાલાની જેઠાણી તેણે મારી પાસે પાંચ લાખ રૂપિયાની માગ કરી હતી.

મને ધમકી આપી મજબૂર કર્યો કે બધી બાજુ તને બદનામ કરી નાખીશું અને પૈસા આપ, નહીં તર અમે તને હેરાન કરીશું, તારી હોટલ બંધ કરાવી દઈશું, હોટલમાં આવી તોડફોડ કરીશું. આ બધી ધમકીઓથી હું કંટાળી ગયો હતો. મારું આપઘાત કરવાનું કારણ આ મહિલાઓ જ છે, જેમાં નયના અનુ ઝાલા માસ્ટરમાઈન્ડ અને નયના ભરત ઝાલા તથા ભરત ઝાલા તથા અનુ ઝાલા આ ચારેય વિરુદ્ધ કડક કાર્યવાહી થવી જોઈએ. હું આ ચાર લોકોના ત્રાસના કારણે જ આપઘાત કરૂ છું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે મારી પર ઘણું બધું દેવું થઈ ગયું હતું અને હું બધાના પૈસા ચૂકવી રહ્યો હતો અને હજુ પણ ચૂકવતો હતો. મારા સાળાએ લીધેલા પૈસા હું ભરતો હતો, મારો સાળો મોતને ભેટ્યા બાદ તેના પૈસા પણ હું ભરતો હતો, પરંતુ હવે મારાથી સહન થતું નથી. મારા પરિવારને નોધારા છોડી હું આપઘાત કરૂ છું અને વરાછા પોલીસ પાસે ન્યાયની માગ કરૂ છું.

યોગેશભાઈ છેલ્લા બે મહિનાથી ઘરેથી નીકળી ગયા હતા અને રેસ્ટોરાંમાં કામ કરતી મહિલા સાથે બે મહિના પહેલાં ભાગી ગયા હતા. પાંચ દિવસ પછી મહિલા પરત પોતાના ઘરે પહોંચી ગઈ હતી, જ્યારે યોગેશભાઈ ઘરે પહોંચ્યા નહોતા. આ દરમિયાન મહિલાના જેઠાણી દ્વારા યોગેશભાઈ પાસે પાંચ લાખ રૂપિયા માગવામાં આવ્યા હોવાનો આક્ષેપ યોગેશભાઈએ તેમના અંતિમ વીડિયોમાં કર્યો છે. રેસ્ટોરાંમાં કામ કરતી પરિણીત મહિલા અને યોગેશભાઈ વચ્ચે સંબંધો હતા. પરિણીત મહિલાના જેઠાણી દ્વારા પૈસા માગવાનો આરોપ મૃતકનાં પરિવારજનોએ લગાવ્યો છે. પોલીસ હવે તપાસ કરી રહી છે. બે મહિનાથી ગૂમ યોગેશભાઈની લાશ હવે છેક ઉતરાણ વિસ્તારમાં આવેલી તાપી નદી કાંઠેથી મળી આવી હતી. હાલ પરિવારજનો દ્વારા ન્યાયની માગ કરવામાં આવી છે.

### સ્વાસ્થ્ય સમૃદ્ધિ અને સંસ્કૃતિનો અનેરો ઉત્સવ એટલે ‘‘મિલેટ મહોત્સવ’’

# રાજકોટમાં મિલેટ મહોત્સવ ૨૦૨૫’’નો શુભારંભ : મિલેટ્સ સ્વાસ્થ્ય માટે ઔષધી

### ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમનો શુભારંભ

રાજકોટ, તા.૮

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવ-ણાના અધ્યક્ષસ્થાને રાજકોટ ખાતે નાના મવા સર્કલ નજીક મહાનગરપાલિકા ગ્રાઉન્ડમાં ‘‘મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ - ૨૦૨૫‘‘નો ઉદઘાટન સમાર-ોહ યોજાયો હતો. ગુજરાત સરકા-રના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ આયોજિત મિલેટ એક્સ્પોમાં મિલેટ પ્રોડક્ટ્સ અને પ્રાકૃતિક કૃષિ પેદાશોનું પ્રદર્શન કમ વેચાણ કરાઈ રહ્યું છે.

આ અવસરે નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સઘન પ્રયા-સોના પરિણામે સંયુક્ત રાષ્ટ્ર સંઘે વર્ષ ૨૦૨૩ને મિલેટ યર જાહેર કર્યું હતું. જેના પગલે લોકોમાં શ્રી અન્ન અંગે જાગૃતિ આવી છે. ભૂતકાળ-માં ગ્રામીણ લોકો બાજરા-જુવારના રોટલા આરોગતા હતા અને શહ-ેરવાસીઓનું ભોજન રોટલી-ભાત ગણાતું હતું, જે ગામ અને શહેર



### કૃષિ વૈજ્ઞાનિકે મિલેટ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિષયક જાણકારી આપી : પ્રદર્શન-વેચાણ સ્ટોલની મુલાકાત લેતા મહાનુભાવો



વચ્ચે તફાવત હતો. આ ભેદ હવે ભૂંસાઈ ગયો છે. આધુનિક સમયમાં શ્રીઅન્નનો ઉપયોગ કરવો એ સ્વસ્થ જીવન જીવવા માટે તાતી જરૂરિયાત છે. અહીં કૃષિ વૈજ્ઞાનિક અને નાટ્ય કલાકાર-ોએ પ્રાકૃતિક કૃષિ અને જાડા-બરછટ અનાજની આપેલી વિગતથી લોકોમાં જાગૃતિ લાવવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે. દેશમાં ઘઉં અને ચોખાનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન અને વપરાશ થઈ થાય છે. જેના કારણે બાજરો, જુવાર, મકાઈ, કાંગ, કોદરી જેવા જાડા-બરછટ અનાજનું મહત્વ ઘટતું ગયું. પરંતુ આજે ફરી મિલેટ્સના મહત્વ અંગે લોકો જાગૃત થઈ રહ્યા છે.ભારતીય સંસ્કૃતિમાં સન્માન આપવા માટે નામની આગળ ‘શ્રી’ લગાવવાની પરંપરા છે. ત્યારે જાડા-બરછટ અનાજ માટે શ્રીઅન્ન શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે, જે મિલેટનું માહાત્મ્ય દર્શાવે છે. શ્રીઅન્નનો આહાર તરીકે ઉપયોગ કરવા ઉપરાંત હાલ વધુમાં વધુ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ તરફ વળવું જોઈએ. પ્રાકૃતિક ઉત્પાદનોના ભાવ સારા મળતાં, ખેડૂતોની આવકમાં વધા-રો થતાં કૃષિકારો સમૃદ્ધ બન્યા છે. જંતુનાશક દવાના ઉપયોગથી બનેલો આહાર આરોગવાથી લોકોમાં કેન્સર જેવા રોગ જોવા મળી રહ્યા છે. ગંભીર બીમારીઓ સામે રક્ષણ મેળવવા ફાસ્ટ ફૂડનું સેવન ઓછું કરીને ભોજનમાં મિલેટ્સનો ઉપયોગ કરવો જોઈએ. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્ર ભૂપેન્દ્ર પટેલની આગેવ-ાનીમાં રાજ્ય સરકાર જાડા-બરછટ ધાન્ય અને પ્રાકૃતિક કૃષિ પેદાશોના વ્યાપ માટે પ્રયાસશીલ છે. ત્યારે ભા-રતની યુવાપેઢીને તંદુરસ્ત જીવન પ્રદાન કરવા જગતના તાતે પ્રાકૃતિક ખેતી તરફ વળવું, એ આજના સમયની માંગ છે.આ કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરાયા બાદ મહાનુભાવોનું પુષ્પગુચ્છ અને મિલેટ બાસ્કેટથી અભિવાદન કરાયું હતું. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી તૃપ્તિબેન પટેલએ ઉપસ્થિતોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તાંડવ નૃત્ય એકેડમી દ્વારા સ્વાગત નૃત્ય રજૂ કરાયું હતું. કૃષિ વૈજ્ઞાનિકશ્રી ડો. એમ.એલ.પટેલ એ મિલેટ પાકનું મહત્વ સમજાવવા અને ઉત્પાદન વધારવા માટે મિલેટ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિષયક જાણકારી આપી હતી.



# કાલે વિશ્વ કઠોળ દિવસ

### સોયાબીનમાં નોનવેજ કરતા પણ વધારે પ્રોટીન હોય છે

રાજકોટ મિરર, તા.૮

વિશ્વ કઠોળ દિવસ શરૂ કરવા પાછળનો હેતુ સંયુક્ત રાષ્ટ્રનાં ‘ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન’નાં નેતૃત્વ હેઠળ કઠોળનાં પોષણ અને પર્યાવ-રણીય ફાયદાઓ વિશે જાગૃતિ લાવવાનો હતો.

પ્રથમ વખત આ દિવસ ૨૦૧૬ માં ઉજવવામાં આવ્યો હતો ત્યારબાદ વર્ષ ૨૦૧૯ માં ૧૦ ફેબ્રુઆરીને ‘આંતરરાષ્ટ્રીય કઠોળ દિવસ’ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.

‘વિશ્વ કઠોળ દિવસ’ની ઉજવણી પાછળનો હેતુ જમીનની ઉત્પાદકતા અને કઠોળની ઉત્પાદકતા, ખેતી પ્રણાલીમાં સ્થિતિસ્થાપકતા, ખેડૂતો માટે સારું જીવન અને યોગ્ય ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાનો છે.

આજકાલ આપણા બધાની જીવનશૈલીમાં ફાસ્ટ ફૂડનું પ્રમાણ ઘણું વધી ગયું છે, જેના કારણે આપણા આહારમાં કઠોળનો ઉપયોગ ઓછો થઈ રહ્યો છે. જેના કારણે શરીરને સંપૂર્ણ પોષણ મળતું નથી અને બાળકો અને યુવાનો સહિત દરેકનાં સ્વાસ્થ્યને અસર થાય છે.

કઠોળના સેવનથી લોહી શુદ્ધ થાય છે, પાચન તંત્ર મજબૂત થાય છે, હાડકા મજબુત બને, વજન કંટ્રોલમાં રહે વગેરે જેવા મહત્વના ફાયદાઓ થાય છે.

સોયાબીનમાં નોનવેજ કરતા પણ વધારે પ્રોટીન હોય છેઆજકાલ કસ-રતી શરીર બનાવવા માટે યુવાનો નોનવેજ ખાતા થઈ ગયા છે, પરંતુ નોનવેજમાં સૌથી વધુ પ્રોટીન ૧૦૦ ગ્રામ ચિકનમાં ૩૨.૮ ગ્રામ ઉપલબ્ધ છે જયારે કઠોળમાં આવતા સોયાબીનમાં ૩૬ ગ્રામ પ્રોટીન હોય છે. આથી શાકાહાર સંપૂર્ણ આહાર છે એ સાબિત થાય છે.

કઠોળનો ઉપયોગ ઓછામાં ઓછા ૧૦ હજાર વર્ષોથી કરવામાં આવે છે અને તે વિશ્વમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ખોરાકમાંનો એક છે.

કઠોળ પ્રોટીન અને ફાઈબર તેમજ આયર્ન, ઝિંક, ફોલેટ અને મેગ્નેશિયમ જેવા વિટામિન્સ અને ખનિજોનો નોંધપાત્ર સ્ત્રોત પૂરો પાડે છે અને દરરોજ અડધો કપ કઠોળ અથવા વટાણાનું સેવન કરવાથી આ પોષક તત્વોનાં સેવનમાં વધારો કરીને આહારની ગુણવત્તામાં વધારો થઈ શકે છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

## સાવરણો ખુદ સાફ!

### દિલ્હીમાં ભગવુ વાવાઝોડું કેજરીવાલ ટોળકી તણાઈ ગઈ



Raastaa Saaf Karo......Modiji Aa Rahe Hain.

ભગવું વાવાઝોડું દિલ્હીમાં ફુકાયું જેના દ્વારા ઊઠેલા ઘોડાપૂરમાં કેજરીવાલ અને આમ આદમી પાર્ટી તણાઈ ગઈ છે. મુખ્યમંત્રી અતિશિને બાદ કરતા કેજરીવાલ સહિતના 'આપ'ના મોટા માથા પરાજિત થઈ ગયા છે. અઢી દાયિકાના વનવાસ બાદ દિલ્હીમાં ભાજપને સિંહાસન - સત્તા પ્રાપ્ત થયા છે.

રાજનીતિની ગંદકી સાફ કરવાનું વચન આપીને ઝાડું-સાવરણો નિશાન રાખીને રાજનીતિમાં આવેલી 'આપ' ખુદ ગંદકીથી ખદબદવા લાગી હતી. સાવરણાનું કામ સફાઈ કરવાનું હોય છે, દિલ્હીની ચૂંટણીમાં સાવરણો ખુદ સાફ થઈ ગયો છે. હવામાન ઉડી રહેલા 'આપ'ના નેતાઓ ધરતી પર પટકાયા છે. ભ્રમ અને આક્ષેપોની રાજનીતિ કરી રહેલી ટીમ કેજરીવાલે દિલ્હીમાં પ્રથમ વખત મોદીજીના સાનિધ્યમાં પરાજય ચાખ્યો છે.

'આપ'ના નેતાઓ કામ કરી દેખાડવાને બદલે માઈન્ડ ગેમ જ ખેલતા રહ્યા. ઓવર સ્માર્ટ બનીને લોકોને ભ્રમિત કરવાની જ પ્રવૃત્તિમાં વ્યસ્ત બની ગયા હતા. વડાપ્રધાન મોદીજીને લલકાર કર્યો હતો. તમે 'આપ'ને આ જનમમાં તો પરાજિત નહીં જ કરી શકો.

આવા બેફામ નેતાઓ લલકાર કર્યાના જુજ દિવસોમાં પરાજિત થઈને ઘરભેગા થઈ ગયા છે. 'આપ'નો મુખ્ય ચહેરો કેજરીવાલની ટોપી પણ લોકોએ ઉતારી લીધી છે. આ પરિણામોથી 'આપ'નો યુગ લગભગ સમાપ્ત થઈ ગયો છે. પંજાબમાં સરકાર જાળવી રાખવી પણ કઠિન બનશે.

દિલ્હીમાં ધારણા પ્રમાણે જ કોંગ્રેસનું નામોનિશાન નથી રહ્યું. રાહુલે દલિતોના મત મેળવવા પ્રયોગો કર્યા પણ કંઈ ઉપજ્યું નહીં, પક્ષને એક પણ બેઠક મળી નથી.

સમગ્ર દિલ્હીમાં ભગવો છવાઈ ગયો છે આતિસી આપ પાસે છે, પણ આતસબાજી ભાજપ પાસે છે. દિલ્હીને 'આપ'થી મુક્ત કરવું સામાન્ય બાબત નથી. કેન્દ્રમાં ત્રીજી ટર્મ બાદ મોદીત્વનો પ્રભાવ જાળવી રાખવો એ પણ સામાન્ય બાબત નથી. ભાજપએ અસામાન્ય કાર્યો કરી દેખાડ્યા છે.

પ્રચંડ જયજયકાર બદલ અભિનંદનો પણ જીત સાથે જવાબદારી પણ આવતી હોય છે. લગભગ ૨૭ વર્ષ બાદ દિલ્હીમાં ભાજપ સત્તા ઉપર આવી રહ્યો છે. પડકારો પણ સામાન્ય નથી. લોકોની અપેક્ષા ના મતો મળ્યા છે. વચનો અપાયા છે, તે પૂરા કરવા મોટો પડકાર છે. દિલ્હીમાં નેતાગીરી નક્કી કરવી એ પણ પડકારજનક છે.

દિલ્હીમાંથી યમુના નદી પસાર થાય છે. અતિગંદા બનેલા યમુનાજળને શુદ્ધ કરવામાં 'આપ' સરકાર પૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. ચૂંટણીમાં આ મુદ્દો મુખ્ય બની ગયો છે. અમદાવાદમાં સાબરમતીને શુદ્ધ કરવાનો અનુભવ મોદીજીને છે. દિલ્હીમાં આ અનુભવ કામે લગાવીને વાસ્તવિક શુદ્ધિકરણ થાય તો મહાકાર્ય ગણાશે. આ કાર્યથી લાંબા ગાળા સુધી ભાજપને રાજકીય લાભ મળી શકે તેમ છે.

પરિણામો ઐતિહાસિક છે. કાર્યો પણ ઐતિહાસિક થાય તેવી ભાજપને શુભેચ્છા.

" પ્રેમભક્તિના હસ્તાંક્ષરે "
ભૂલ એ જીવનનું એક પાનું છે, પણ સંબંધ એ આખું પુસ્તક છે. જરૂર પડ્યે ભૂલનું પાનું ફાડી નાખજો, પણ એક પાના માટે આખું પુસ્તક ક્યારેય નહીં ફાડતા.

પુ ભક્તિ સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ભારતીયો માટે ઓસ્ટ્રેલિયા વિઝા પોલિસીમાં કરશે બદલાવ

## CoEની ગેરહાજરીને કારણે વિઝા અરજી અમાન્ય માનવામાં આવે છે, તો બ્રિજિંગ વિઝા પણ મંજૂર થઈ શકશે નહીં




નવીદિલ્હી, તા. ૮

પ્રથમ-વર્ગનું શિક્ષણ, ગતિશીલ સાંસ્કૃતિક તકો અને અનુકૂળ કારકિર્દીની સંભાવનાઓ દર વર્ષે હજારો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને ઓસ્ટ્રેલિયા તરફ ખેંચે છે. જોકે, આ વર્ષે તેમાં કેટલાક ફેરફારો થયા છે. ઓસ્ટ્રેલિયામાં તેમના શિક્ષણને આગળ વધારવાનું આયોજન કરતા વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી વિઝા નિયમો તપાસવાની જરૂર છે કારણ કે સરકારે તેની વિઝા નીતિઓમાં ફેરફાર કર્યો છે. સુધારેલા નિયમોનો ઉદ્દેશ્ય વિઝા અરજી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાનો છે, સાથે સાથે શૈક્ષણિક ધોરણોમાં સુધારો કરવો અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ દેશના અર્થતંત્ર અને કાર્યબળમાં યોગદાન આપવાનું ચાલુ રાખે તે સુનિશ્ચિત કરવાનો છે. તેથી, જો તમે સંભવિત વિદ્યાર્થી છો કે જેઓ ઑસ્ટ્રેલિયન યુનિવર્સિટીમાં તમારું શિક્ષણ ચાલુ રાખવાનું આયોજન કરી રહ્યાં છો, તો આ લેખ તમારા માટે છે. ભૂતકાળમાં, ઑસ્ટ્રેલિયન યુનિવર્સિટીઓ તરફથી ઑફર લેટર એ વ્યક્તિ દ્વારા વિદ્યાર્થી વિઝા માટે અરજી કરવા માટે જરૂરી મુખ્ય દસ્તાવેજ હતો. તેમાં વિદ્યાર્થી વિશેની તમામ માહિતી શામેલ છે, જેમાં તેઓ જે પ્રોગ્રામમાં નોંધાયેલા છે, અભ્યાસક્રમનો સમયગાળો, કિંમત અને પ્રારંભ તારીખ સહિત.

જો કે, ૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ નવા નિયમોની રજૂઆત પછી, વિદ્યાર્થી વિઝા માટેની દરેક અરજીમાં માન્ય કન્ફર્મેશન ઓફ એનરોલમેન્ટ (CoE); નહિંતર, અરજી અમાન્ય ગણવામાં આવશે. સંશોધિત માર્ગદર્શિકા મુજબ, CoE એક ડિજિટલ દસ્તાવેજ તરીકે સેવા આપશે જે ઑસ્ટ્રેલિયન યુનિવર્સિટીઓ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીની નોંધણીની પુષ્ટિ કરવા માટે જારી કરશે. ઑફર લેટરની જેમ, તેમાં અભ્યાસ કાર્યક્રમ, અભ્યાસક્રમની અવધિ અને સંબંધિત ફી વિશે પણ માહિતી હશે. આ દસ્તાવેજ મેળવવા માટે, વિદ્યાર્થીઓએ ઑસ્ટ્રેલિયન શૈક્ષણિક સંસ્થામાં સ્વીકારીને અને જરૂરી ટ્યુશન ફી ચૂકવીને તેમની નોંધણીની પુષ્ટિ કરવી આવશ્યક છે.

આ નિયમો માત્ર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને જ નહીં પરંતુ દેશમાં પહેલેથી જ રહેતા વિદ્યાર્થીઓને પણ અસર કરે છે જેઓ તેમના વિદ્યાર્થી વિઝાને લંબાવવા માંગે છે. નિયમો અમલમાં આવ્યા પછી સબમિટ કરવામાં આવેલી તમામ વિદ્યાર્થી વિઝા અરજીઓમાં માન્ય CoE શામેલ હોવું આવશ્યક છે. એ સમજવું અગત્યનું છે કે જો CoE ની ગેરહાજરીને કારણે વિઝા અરજી અમાન્ય માનવામાં આવે છે, તો બ્રિજિંગ વિઝા પણ મંજૂર થઈ શકશે નહીં. તેવી જ રીતે, જો કોઈ વિદ્યાર્થીના વર્તમાન વિઝાની સમયસીમા સમાપ્ત થઈ જાય, તો તેને અનુરૂપ બ્રિજિંગ વિઝા મંજૂર કરી શકાતા નથી. પરિણામે, વિદ્યાર્થીઓએ માન્ય CoE મેળવવું આવશ્યક છે, પછી ભલે તેઓ નવા વિઝા માટે અરજી કરતા હોય અથવા તેમના હાલના વિઝા રિન્યુ કરતા હોય.

# ઓડીસામાં રાષ્ટ્રવિરોધી નિવેદનો આપવા બદલ રાહુલ ગાંધી સામે FIR

## રાહુલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભાજપ પર દેશની ''દરેક સંસ્થાને કબજે કરવાનો'' આરોપ મૂક્યો હતો



નવીદિલ્હી, તા. ૮

ઓડિશાના ઝારસુગુડા જિલ્લામાં કથિત રીતે 'રાષ્ટ્ર વિરોધી નિવેદનો' આપવા બદલ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ શનિવારે આ માહિતી આપી. અધિકારીએ જણાવ્યું હતું કે ઝારસુગુડા જિલ્લામાં ભાજપ, તેની યુવા પાંખ, આરએસએસ અને બજરંગ દળના સભ્યોએ ૫ ફેબ્રુઆરીએ રાહુલ ગાંધી વિરુદ્ધ પોલીસ મહાનિરીક્ષક-ઉત્તરી રેન્જ હિમાંશુ લાલને ફરિયાદ કરી હતી. ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે રાહુલ ગાંધી જાણીજોઈને રાષ્ટ્ર વિરોધી નિવેદનો કરી રહ્યા છે જેનાથી દરેક ભારતીયને દુઃખ થાય છે. આઈજીએ તપાસ અને જરૂરી કાયદાકીય કાર્યવાહી માટે ઝારસુગુડાના પોલીસ અધિક્ષક પરમાર સ્મિત પુરુષોત્તમદાસને ફરિયાદ મોકલી હતી. એસપીની સૂચના મુજબ, શુક્રવારે ઝારસુગુડા પોલીસ સ્ટેશનમાં રાહુલ વિરુદ્ધ એફઆઈઆર (કેસ નંબર ૩૧) નોંધવામાં આવી હતી. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ BNSની કલમ ૧૫૨ અને ૧૯૭ (૧) (મ) લગાવવામાં આવી છે. બંને વિભાગો ભારતની એકતા અને સાર્વભૌમત્વને જોખમમાં મૂકતા કૃત્યોથી સંબંધિત છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા શ્રીકાંત જેણાએ કહ્યું કે, રાહુલ ગાંધી પરના આરોપોનું સ્વરૂપ ખબર નથી, પહેલા મને જોવા દો. કોંગ્રેસ એક રાજકીય પક્ષ તરીકે ભાજપ અને આરએસએસની વિચારધારા સામે લડી રહી છે.

૭ ફેબ્રુઆરીના રોજ નોંધાયેલી એફઆઈઆર ઝારસુગુડાના સરભલના રહેવાસી રામ હરિ પૂજારી અને સ્થાનિક ભાજપ અધિકારીની ફરિયાદ પર આધારિત છે.

તે ૧૫ જાન્યુઆરીના રોજ મધ્ય દિલ્હીમાં રાઉઝ એવન્યુ ડિસ્ટ્રિક્ટ કોર્ટ સંકુલ પાસે કોટલા રોડ પર કોંગ્રેસના નવા મુખ્યાલયના ઉદઘાટન સમયે ગાંધી દ્વારા આપેલા ભાષણથી સંબંધિત છે. તે દિવસે, ગાંધીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) અને ભાજપ પર દેશની ''દરેક સંસ્થાને કબજે કરવાનો'' આરોપ મૂક્યો હતો, અને દાવો કર્યો હતો કે તેમની પાર્ટી માત્ર ભાજપ જ નહીં પરંતુ ''ભારતીય રાજ્ય પોતે'' સામે લડી રહી છે. ભાજપ, આરએસએસ અને અન્ય સમાન જમણેરી સંગઠનો વતી તેમની ફરિયાદમાં, પૂજારીએ ગાંધી પર આરોપ મૂક્યો હતો કે ''જાણીને રાષ્ટ્રવિરોધી નિવેદનો કર્યા છે જેનાથી દરેક ભારતીયને દુઃખ થયું છે''.

રાહુલ ગાંધીના નિવેદને અભિવ્યક્તિની સ્વતંત્રતાની હદ વટાવી દીધી છે. ભારતીય રાજ્ય સામે તેમની લડાઈની ઘોષણા કરીને, તેઓએ જાણીજોઈને વિધ્વંસક પ્રવૃત્તિઓ અને લોકોમાં વિદ્રોહને ઉશ્કેર્યો છે. આ પ્રવૃતિઓએ ભારતની સાર્વભૌમત્વ અને અખંડિતતાને નુકસાન પહોંચાડ્યું છે, ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો. આઈજી (ઉત્તરી રેન્જ) હિમાંશુ કુમાર લાલે કહ્યું કે તેમને ૫ ફેબ્રુઆરીએ ભાજપના નેતાઓ અને કેટલાક અન્ય સંગઠનો તરફથી ફરિયાદ મળી હતી. મેં ઝારસુગુડા એસપીને આ મામલાની સંપૂર્ણ તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેથી કેસ નોંધવામાં આવ્યો છે

# ચારધામ યાત્રા માટે ૧૫ દિવસ ૨૪ કલાક નોંધણી કરાવી શકશે યાત્રિકો

## દર વર્ષે લાખો ભક્તો ચાર ધામ યાત્રામાં ભાગ લે છે. જેની સુવિધા અને સુરક્ષા માટે વહીવટીતંત્ર કોઈ કસર છોડતું નથી

નવીદિલ્હી, તા. ૮

વિશ્વ પ્રસિદ્ધ ચાર ધામ યાત્રા હાથ ધરનારા યાત્રાળુઓ પ્રથમ ૧૫ દિવસ માટે રજીસ્ટ્રેશન કાઉન્ટર પર ૨૪ કલાક નોંધણી કરાવી શકે છે. નોંધણીની સુવિધા ત્રણ શિફ્ટમાં ઉપલબ્ધ હશે, જેમાં કર્મચારીઓ મુસાફરોની મેન્યુઅલ નોંધણી કરશે. તે જ સમયે, વહીવટીતંત્રનું કહેવું છે કે એકવાર પરિસ્થિતિ સામાન્ય થઈ જાય તો, નોંધણીનો સમય સવારે ૮ થી ૧૧ વાગ્યા સુધી બદલી શકાય છે. તમને જણાવી દઈએ કે દર વર્ષે લાખો ભક્તો ચાર યાત્રામાં ભાગ લે છે.

આ વર્ષે, ચાર કી ધામ યાત્રા ૨૯ એપ્રિલથી શરૂ થશે, જે પરંપરાગત રીતે યમુનોત્રીથી શરૂ થાય છે અને બદ્રીનાથમાં સમાપ્ત થાય છે. ચાર ધામ યાત્રા માટેનો સૌથી લોકપ્રિય માર્ગ હરિદ્વારથી શરૂ થાય છે. દર વર્ષે લાખો ભક્તો ચાર ધામ યાત્રામાં ભાગ લે છે. જેની સુવિધા અને સુરક્ષા માટે વહીવટીતંત્ર કોઈ કસર છોડતું નથી. ચાર ધામ યાત્રા માટે રજીસ્ટ્રેશન ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે કરી શકાય છે. ચાર ધામ યાત્રા માટે, તમે પ્રથમ ૧૫ દિવસમાં રજિસ્ટ્રેશન કાઉન્ટર પર ૨૪ કલાક ઑફલાઇન નોંધણી કરાવી શકો છો. ગઢવાલના કમિશનર વિનય શંકર પાંડેના જણાવ્યા અનુસાર ઑફલાઇન રજિસ્ટ્રેશનની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. તેમજ લોકોની સુવિધાને ધ્યાનમાં રાખીને રજીસ્ટ્રેશનનો સમય પણ વધારીને ૨૪ કલાક કરવામાં આવ્યો છે. હરિદ્વાર-ઋષિકેશમાં ૨૦-૨૦ કાઉન્ટર સ્થાપવાની સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત વિકાસ નગરમાં મુસાફરો માટે ૧૫ કાઉન્ટરની પણ વ્યવસ્થા કરવામાં આવશે. કમિશનરે જણાવ્યું હતું કે ગયા વર્ષે મેન્યુઅલ રજીસ્ટ્રેશનમાં ઘણી ક્ષતિઓ નોંધવામાં આવી હતી. જે આ વખતે સુધારવામાં આવશે. ૨૪ કલાક કાઉન્ટર ખોલવાની જોગવાઈ શરૂઆતના ૧૫ દિવસ માટે છે. આ પછી, મુસાફરોના આગમન અનુસાર સમય બદલવામાં આવશે. મેન્યુઅલ રજીસ્ટ્રેશન ૪૦ ટકા નક્કી કરવામાં આવ્યું છે, જ્યારે ઓનલાઈન ક્વોટા ૬૦ ટકા રહેશે. કમિશનર વિનય શંકર પાંડેએ ગઢવાલના સાત જિલ્લાના ડીએમને સ્પષ્ટપણે કહ્યું છે કે કોઈપણ મુસાફરની ગંભીર સ્થિતિના કિસ્સામાં, તેને તાત્કાલિક ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના હેલિકોપ્ટર દ્વારા ઉચ્ચ કેન્દ્રમાં એરલિફ્ટ કરવામાં આવશે. બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે ભક્તોના ઓનલાઈન રજીસ્ટ્રેશનની સાથે ૪૦ ટકા ઓફલાઈન રજીસ્ટ્રેશન પણ કરવામાં આવશે જેથી ગ્રામીણ વિસ્તારોમાંથી આવતા ભક્તો આ પરેશાનીમાંથી મુક્ત થઈ શકે. ગત વખતે માત્ર ઓનલાઈન રજીસ્ટ્રેશનની વ્યવસ્થાના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે બેઠકમાં એ પણ નક્કી કરવામાં આવ્યું હતું કે નોંધણી પછી મુસાફરોને આપવામાં આવેલા 'સ્લોટ'માં મુસાફરીના ક્રમ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### શું શૂળસૈયા પર સૂઈને મૃત્યુની પ્રતીક્ષા કરવી એ ભીષ્મ પિતામહનાં કર્મનું ફળ હતું?



મિત્રો- શુભ સવાર

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ટાઈમ ટ્રાવેલ એ અત્યારે બહુ પ્રચલિત શબ્દ છે, અને એનાં પર બહુ બધા લેખકો એ લખ્યું છે એમાં આગળ ગતિ કરી હોય એવું બહુ ઓછું બતાવ્યું છે, પણ પાછળ ગતિ કરી હોય એવી ઘણી બધી ફિલ્મોની કહાની, કે પછી સીરીયલ બની છે, અને મૂળ તો આ વિચાર આપણી સંસ્કૃતિનો છે, અને આપણે ત્યાંથી જ લગભગ એ ચોરેલો છે. સમયમાં પાછળ ગતિ કરવી એટલે કે ભૂતકાળમાં ગતિ કરવી, અને સામાન્ય રીતે તો દિવસમાં આપણે આપણા અતિતમાં કેટલીય વાર ચાલ્યાં જતાં હોઈએ છીએ. આપણી પાસે તો એવા વૈદિક ગ્રંથો તેમજ અવતાર ચરિત્ર દર્શાવતાં સદગ્રંથો પણ છે, જેના દ્વારા આપણે જે તે સમયમાં શું ઘટના ઘટી એનું તાદ્રશ્ય દ્રશ્ય જોઈ શકીએ છીએ, અને આપણી તીવ્રતા વધુ હોય તો આપણે અનુભવી પણ શકીએ. અવતાર લીલા તરીકે રામ વનવાસ ને જોઈએ તો, પોતાના પુત્ર સાથે થતો આટલો મોટો અન્યાય જોઈને કૌશલ્યાનું મૌન, સીતાનું અપહરણ, બીજી વારનો સીતાનો ત્યાગ, આ બધું દર્શાવે છે કે સ્ત્રી સશક્તિકરણની કમી ત્યારે પણ હતી, અને આજે પણ છે, અને એને કારણે જ સમાજમાં સ્ત્રીઓને જોઈએ તેટલું માન સન્માન મળતું નથી. સુધરેલા વર્ગમાં તો હજી પણ ઠીક છે બધું, પરંતુ પછાત વર્ગમાં તો પરિસ્થિતિ હજી પણ વણસેલી જ છે. માત્ર મધર્સ ડે એ પોતપોતાની માતાના પ્રત્યેનો અહોભાવ વ્યક્ત કરે, અને મા પ્રત્યે તો દરેકને માન હોય જ એમાં કોઈ શંકા નથી. પરંતુ પુરુષ પતિ એ પત્નીને પોતાનાં પુત્રની માતા છે, એ રીતે એને શું માન સન્માન આપ્યું છે?

મકર સંક્રાંતિ આવે એટલે પિતામહ ભીષ્મ પણ યાદ આવે, કથાથી આપણે સૌ પરિચિત છીએ, કે રાજા પાંડુના નિધન બાદ પાંડવો, અને કૌરવો વચ્ચે, પોતાના અધિકાર માટે યુદ્ધ થયું. એટલે કે દુર્યોધને પાંડવોને સોયની અણી જેટલી પણ જમીન આપવાની ના પાડી દીધી, અને એમાં માટે કેટલાય પ્રયત્નો છતાં દુર્યોધન માન્યો નહીં. ધૃતની ક્રિડા દરમિયાન પાંડવો પોતાની પત્ની દ્રૌપદીને હારી જાય છે, અને દુર્યોધન દ્વારા તેની સાથે અભદ્ર વ્યવહાર થાય છે, અને ભરી સભામાં વસ્ત્રો ખેંચવામાં આવે છે. મહાભારતના આ બધા પાત્રોમાંથી સૌથી વધુ સંતાપ જો કોઈને થયો હોય તો મારી દ્રષ્ટિએ પિતામહા ભિષ્મ છે. કારણ કે હસ્તિનાપુરની રક્ષા માટે પોતે આજીવન કુંવારા રહેવાનું વ્રત રાખ્યું. કૌરવો અને પાંડવો બંને સાથે તે સંબંધની રીતે એકસરખા જોડાયેલા હતા. દુર્યોધન જે કરી રહ્યો છે તે ખોટું છે એ જાણવા છતાં એને ચુપ રહ્યાં, એ સંતાપ તેને છેક શૂળસૈયા સુધી લઈ જાય છે. આપણે સૌ જાણીએ છીએ કે પિતામહ ભીષ્મને ઈચ્છામૃત્યુંનું વરદાન હતું, અને તેણે પોતાનો પ્રાણ ટકાવી રાખ્યો હતો. મકરસંક્રાંતિએ જ્યારે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે ત્યારે જો મૃત્યુને સ્વીકારવામાં આવે તો આ બધા જ સંતાપનો એટલે કે પાપ કર્મનો નાશ થાય એવી આપણે ત્યાં એક પ્રચલિત માન્યતા છે. આપણે વિચારીએ તો આપણને પણ એમ થાય કે સભામાં એ વખતે હાજર રહેલા દરેકની કેવી દર્દનાક ઘડીઓ રહી હશે, પોતાની જ નજર સામે પોતાની પત્નીને નિર્વસ્ત્ર થતી જોવી એ પાંડવો માટે પણ અઘરું હશે! પરંતુ કદાચ એ લોકો તો એને માટે યોગ્ય પણ હતા. કોણ પોતાની પત્નીને દાવ પર મૂકે?: શું એ કોઈ તમારી જાગીર છે? શું એ કોઈ સાધન છે? ખેર છોડો પરંતુ દ્રૌપદીના પિતા સમાન ગુરુદેવ દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, અને પિતામહ ભીષ્મ,અને સ્વયમ ધૃતરાષ્ટ્ર માટે પણ આ ઘડી આકરી વીતી હશે, એવું માની લઈએ તો એ બધાનો સંતાપ ત્યારે બહારના તાપ કરતા પણ વધી ગયો હશે, અને જીવનભર એણે એવી વ્યથા આપી હશે કે જે અકલ્પનીય છે.

આપણે આ કથાનક પરથી શું બોધ લેવાનો છે, એવો કોઈ પ્રશ્ન થાય તો સ્ત્રી દુશ્મન પક્ષમાંથી હોય, કે પોતાનાં પક્ષમાંથી હોય તેનું માન સન્માન થવું જ જોઈએ, અને તેની સાથે આ રીતનો વ્યવહાર ક્યારે થવો જોઈએ નહીં, નહીં તો કુરુક્ષેત્રનું યુદ્ધ થાય! અને એમાં આપણું કુળ પણ નાશ પામી શકે! પરંતુ આપણે શું બોધ લીધો કે ભગવાન યોગ યોગેશ્વર ત્યારે સ્વયંમ હાજર હતા, અને છતાં તે આ ઘટનાને રોકી ન શક્યાં! ત્યારે પણ આવું થતું હતું, તો આજે આવું થાય એમાં શી નવાઈ! ઈનફેક્ટ આનો મતલબ એવો જ કરી શકાય કે આ બધું તો થતું આવ્યું છે, અને આગળ પણ થશે! દ્રૌપદીની વાત છોડી દઈએ, કારણ કે આપણામાં કદાચ હવે સ્ત્રી સન્માનની અધિકારી છે એવું માનનારા થયા છે, પરંતુ નીતિ ચૂક તો આ સિવાય પણ મહાભારતમાં ઘણીવાર થઈ, અને એનું ગિલ્ટ પણ સંતાપ વધારનારું હતું. આજે પણ આપણે એવું ઘણું કરતા હોઈએ છીએ, કે જેને આપણને ખબર હોય છે કે આવું ન કરવું જોઈએ, આ એક પ્રકારની નીતિ વિરુદ્ધ છે, અને છતાં ચૂપ રહીએ, કોઈવાર મમતાને કારણે, કોઈ વાર મોહને કારણે, તો કોઈ વાર અન્ય લોભ લાલચને કારણે, આવું બધું થતું જ હોય છે, અને આ દરેકના જીવનની સચ્ચાઈ છે,કે તેનું સૂક્ષ્મતમ ચિંતન કરવાથી ખબર પડે. પેલા ઈસુના વાક્ય જેવું છે કે જેણે પાપ ન કર્યું હોય એ પહેલો પથ્થર મારે!

આપણે સૌ જાણીએ છીએ કે ભગવાન યોગ યોગેશ્વર શ્રીકૃષ્ણ દ્વારા દ્રૌપદીના ચીર પુરાયા અને તેની ઈજ્જત બચી ગઈ. પણ પિતામહ ભિષ્મનો સંતાપ એ હતો કે યોગ યોગેશ્વર શ્રીકૃષ્ણ દ્વારા જે થયું એ પોતાના હાથે થવું જોઈતું હતું, અને સેમ ફિલિંગ કૃપાચાર્ય તેમજ, દ્રોણાચાર્યની પણ હશે, કુંતી, ગાંધારી, વગેરે પણ અત્યંત વિચલિત હશે. શૂળસૈયા એ શબ્દને જુદી રીતે જોઈએ, તો આવી કોઈ ઘટના ઘટે અને આપણે ચૂપ રહીએ તો એ આપણી નીંદર ઉડાવી દે છે, અને ત્યારે આપણા હૃદયમાં શૂળ વાગી ગયું હોય, એવી વેદના થાય છે. અથવા તો અંતિમ સમયે તો આ બધી વેદનાઓ ઘેરી વળે છે કે, આટલી મેં ભૂલ કરી! આટલી વાર હું નીતિ ચુકી ગયો! કે ગઈ! આટલી વાર મેં અન્યાય થતો જોયો, છતાં હું મૌન રહ્યો! કોઈની પર અત્યાચાર થતો હતો છતાં મેં એ રોકવાની પણ કોશિશ ન કરી, કે એ વ્યક્તિને બચાવવાની પણ કોશિશ ન કરી, તો આ બધાં શૂળ પર આપણે મૃત્યુ પહેલાં સૂવું પડે છે, અને પિતામહ ભીષ્મની જેમ મૃત્યુની પ્રતીક્ષા આટલી વેદનાઓ સાથે કરવી પડે છે. એમને તો મકરસંક્રાંતિએ મૃત્યુ સ્વીકારી, અને આ બધા જ સંચિત કર્મોમાંથી મુક્તિ મેળવી લીધી. પરંતુ આપણે કંઈ એના જેટલો જીવનમાં મોટો ત્યાગ કર્યો નથી, એટલે આપણા સંચિત કર્મો તો સાથે જ આવવાના છે, અને આવતાં ભવે પણ આપણે આ જ શૂળનો સંતાપ સહન કરવો પડશે, અને જો ન કરવો હોય તો બને તેટલી નીતિઓનું પાલન કરવું, કોઈની સાથે થતાં અન્યાય સમયે ચુપ ન રહેવું, અને તેથી એ વધુ કોઈનો હક મારવો નહીં, કોઈની વસ્તુઓ છીનવી લેવાની ભૂલ કરવી નહીં! બહારનું તાપમાન તો હવે પ્રકૃતિ સાથે થતા ચેડા એટલે કે અત્યંત પ્રદૂષણને કારણે વધતું જ રહેવાનું છે, ત્યારે આપણે આંતરિક સંતાપને ઓછો કરી શકાય એવા કર્મ કરીને આપણું જીવન જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### પોતાના પત્નિને ખેડૂત વિદેશ મોકલવા ઇચ્છતા હતાઃ લેભાગુ એજન્ટે નાણા પડાવ્યા

# UKના વર્ક પરમિટ વીઝાના નામે ખેડૂતને ૨૨ લાખનો ચૂનો

## બીજા બનાવમાં તાડપત્રીના વેપારી પાસેથી સાડા ચાર કરોડનો માલ ખરીદી રૂપિયા ન ચુકવાયાઃ સીઆઇડી ક્રાઇમમાં દાખલ થઇ ફરિયાદ

રાજકોટઃ એક તરફ ગેરકાયદેસર રીતે અમેરિકામાં વસવાટ કરતાં ભારતીયોને હાંકી કાઢવામાં આવ્યા છે તો બીજી તરફ હજુ પણ લેભાગુ એજન્ટો લોકોને વર્ક પરમીટના નામે વિદેશ મોકલવાની લાલચ આપી છેતરી રહ્યા છે. વધુ એક આવા બનાવમાં ખેડુતના પત્નિના યુકેના વર્ક પરમીટ વિઝા અપાવી દેવાના નામે સાડા બાવીસ લાખથી વધુની છેતરપીંડી થઇ છે.

પોલીસે આ મામલે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે. ઠગાઇના બીજા એક બનાવમાં વેપારી પાસેથી સાડા ચાર કરોડની તાડપત્રી ખરીદ કરી રૂપિયા ન ચુકવી છેતરપીંડી કરવામાં આવતાં સીઆઇડી ક્રાઇમ દ્વારા ગુનો દાખલ કરાયો છે.

વિગતો પર નજર કરીએ તો વડોદરાના શિનોરના સાધલી ગામના સહયોગ પાર્કમાં રહેતા ખેડૂત અલતાફહુસેન દિલાવરખાન પરમારે માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ જણાવ્યું છે કે, માંજલપુર દરબાર ચોક્ડી પાસે સાલીન કોમ્પલેક્ષમાં ધ વર્લ્ડ વિઝા હબ નામની વિઝા કન્સલ્ટન્સની ઓફિસમાં અમે તુષાર દિલીપભાઈ સપકાળને મારી પત્નિના યુકેના વર્ક વિઝા કરી આપવા માટે મળ્યા હતા. પત્નિના વિઝાના કામ માટે ૨૮ લાખ રૂપિયા નક્કી કર્યા હતા. તેઓએ કુલ ૨૮ લાખ રૂપિયા લઇ વિઝા કરી આપ્યા ન હતા. અમે પૈસાની માંગણી કરતા સમજૂતી કરાર કરી ૫.૩૦ લાખ રૂપિયા પરત આપ્યા હતા.

જ્યારે બાકીની રકમ માટે ચેક આપ્યા હતા. ચેક બેંકમાં ડિપોઝિટ કરાવતા તે રિટર્ન થયા હતા. આખરે છેતરપિંડીના કિસ્સા મામલે માંજલપુર પોલીસ સ્ટેશનમાં તુષાર સપકાળ, જયદીપ પટેલ અને સાવિત્રી તિવારી સામે ગુનો નોંધાવતા




પોલીસે વિશેષ તપાસ શરૂ કરી છે.

ઠગાઇના બીજા બનાવમાં અમદાવાદ સાંતેજની ગુજરાત ક્રાસ્ટ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીમાંથી તાડપત્રીનો બાકીમાં માલ ખરીદી ૪.૪૯ કરોડની ઠગાઈ કરનારા તેલંગાણાના રાજેશસિંહ કપીશ, આંધ્ર પ્રદેશના જવારી કપીશ, આંધ્ર પ્ર-દેશનાં પુણીમા બાઈ, હૈદરાબાદના જવાહરી કપીશ પ્રવીણાકુમારી અને કર્ણાટકના શ્રીધર ગૌડ વિરૂધ્ધ સીઆઇડી ક્રાઇમ બ્રાન્ચે ગુનો દાખલ કર્યો છે.

કંપનીના ડિરેક્ટર રિશભ છાજેરે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની કંપની દેશના જુદાં જુદાં રાજ્યોમાં ડીલરો મારફતે ઉત્પાદિત થયેલો માલ મોકલાવે છે તેમ જ તેલંગાણા અને કર્ણાટકના રજિસ્ટર્ડ વેન્ડર છે. વર્ષ ૨૦૧૨-૧૩માં તેલંગાણા રાજ્યના મેસર્સ આઇકોન એસોસિયેટના ભાગીદાર રાજેશસિંહ, જવારી કપીશે ગુજરાત ક્રાફટ ઇન્ડસ્ટ્રીઝ કંપનીનો સંપર્ક કર્યો હતો અને તેમની બેંગ્લુરુ, હૈદરાબાદ, કંડપ્પાહ તથા ઉદયકુમારી માર્કેટિંગ તથા સી. આર. એસોસિયેટ્સ નામની ભાગીદારી પેઢીઓ છે. તેમજ તેમની કંપનીઓ તાડપત્રી, એચડીપીઈજીઓ મેમ્બન શીટ્સ વગેરેના ટ્રેડિંગ તથા સપ્લાયના વેચાણ સાથે સંકળાયેલા છે તથા અલગ અલગ રાજ્ય સરકારો પાસેથી ટેન્ડરો મગાવી પ્લાસ્ટિક અને તાડપત્રીનું વેચાણ કરે છે. આરોપીઓએ રિશબને વાતોમાં ઉતારી બાકીમાં માલ ખરીદવાનું નક્કી કર્યું હતું અને માલના રૂપિયા થોડા દિવસોમાં આપી દેવાની વાત કરી માલ ખરીદવાનું શરૂ કર્યું હતું. જ્યારે બાકીના રૂપિયા ચૂકવી આપીને ફરિયાદીનો વિશ્વાસ કેળવી લીધો હતો. ત્યાર બાદ તેમણે મોટા પ્રમાણમાં તાડપત્રીનો માલ ખરીદ્યો હતો, જે પેટે બાકી ૪.૪૯ કરોડ આપતો ન હતો. આથી વારંવારની ઉઘરાણી છતાં આરોપીઓ રૂપિયા આપવામાં ગલ્લાં-તલ્લાં કરતા હતા. આરોપીઓ સામે વિવિધ પોલીસ સ્ટેશનમાં પાંચ ગુના અને કોર્ટમાં પાંચ સિવિલ દાવા ચાલી રહ્યા છે. હવે નવો ગુનો નોંધાતા વધુ એક તપાસ શરૂ થઇ છે.

# ગાંધીનગરમાં બિમસ્ટેક યુથ સમિટનો પ્રારંભ કરાવતા CM પટેલ

## બિમસ્ટેક સમિટ યુવાઓની અનંત શક્તિ અને સંભાવનાઓના સામૂહિક વિકાસ માટેનો સફળ આયામ છે

અમદાવાદ, તા. ૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી બિમસ્ટેક યુથ સમિટનો પ્રારંભ કેન્દ્રીય ખેલકૂદ અને યુવા કાર્યક્રમોના મંત્રી ડો. મનસુખ માંડવીયાની પ્રેરક ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. આ સંદર્ભે મુખ્યમંત્રીએ વૅક્સીન મૈત્રી અભિયાન, તુર્કી માં ઑપરેશન દોસ્ત અને યુક્રેનમાં ઑપરેશન ગંગાનું ઉદાહરણ આપતા કહ્યું હતું કે, આવા ઉદાહરણો જ વૈશ્વિક સ્તર પર સૌના સાથ-સૌના વિકાસ માટે ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

ભારતે હંમેશાં પોતાના નાગરિકોની સુરક્ષા સાથે અન્ય દેશોના નાગરિકોની પણ મદદ કરી છે. વિશ્વબંધુ તરીકે ભારતની આ જ પ્રતિબદ્ધતા બિમસ્ટેકના વ્યાપ અને સક્રિયતામાં પણ જોવા મળી રહી છે, તેમ તેમણે જણાવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, આ વર્ષની સમિટની થીમ ''યુથ બ્રીજ ફોર ઇન્ટ્રા-બિમ્સ્ટેક એક્સચેન્જ'' સમયસર અને મહત્ત્વપૂર્ણ છે. BIMSTEC યુથ બ્રિજ મારફતે પરિવર્તનકારી પ્લેટફોર્મની કલ્પના કરે છે, જે ગતિશીલ, બહુ-ક્ષેત્રીય પ્રાદેશિક યુવા ઇકોસિસ્ટમનું નિર્માણ કરવા પરંપરાગત સાંસ્કૃતિક અને શૈક્ષણિક આદાનપ્રદાનથી આગળ વધશે. તેમણે કહ્યું કે, ઉદ્યોગસાહસિકતા, રમતગમત, શૈક્ષણિક સંસ્થાઓ અને ટેકનોલોજીને સંકલિત કરીને આ પહેલ ભવિષ્ય માટે તૈયાર નેટવર્ક ઊભું કરશે, જે BIMSTECનાં તમામ દેશોમાં યુવાન નેતાઓને સશક્ત બનાવશે.

કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ જણાવ્યું, વર્ષ ૨૦૩૬ના ઓલિમ્પિક માટે ભારતની દાવેદારી BIMSTEC સ્પોર્ટિંગ ઈકોસિસ્ટમને વધુ મજબૂત કરશે, વૈશ્વિક સ્તરે રોકાણ આકર્ષિત કરશે, તાલીમ સુવિધાઓમાં વધારો કરશે અને આંતરરાષ્ટ્રીય રમતગમત ભાગીદારીને પ્રોત્સાહન આપશે. તેનાથી યુવા રમતવીરો માટે નવા માર્ગો ખુલશે, ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહન મળશે અને રમતગમતમાં પ્રાદેશિક સહયોગ સ્થાપિત થશે. ડો. માંડવિયાએ કહ્યું કે, તાજેતરના વર્લ્ડ ઇકોનોમિક ફોરમના ''ફ્યુચર ઓફ જોબ્સ રિપોર્ટ''માં જણાવવામાં આવ્યું છે કે ઓટોમેશન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં ઝડપી પ્રગતિને કારણે ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક સ્તરે ૧૭૦ મિલિયન નવી નોકરીઓનું સર્જન કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રીએ વધુમાં જણાવ્યું કે, ભારતની સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ યુવાનો-સંચાલિત વિકાસની શક્તિનો વધુ એક પુરાવો છે. ભારત વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમની સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ ધરાવે છે. આજે દેશમાં ૧૫૭,૦૦૦થી વધુ રજિસ્ટર્ડ સ્ટાર્ટઅપ્સ છે, જેમાંથી ૪૮ ટકામાં ઓછામાં ઓછા એક મહિલા ડિરેક્ટરનો સમાવેશ થાય છે, જે સમૃદ્ધ અને સર્વસમાવેશક સ્ટાર્ટઅપ લેન્ડસ્કેપને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે, ''મેક ફોર ઇન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ''ને મજબૂત કરવા માટે ભારત પાંચ નેશનલ સેન્ટર્સ ઓફ એક્સલન્સની સ્થાપના કરી રહ્યું છે, જે યુવાનોને આધુનિક ઉત્પાદન કૌશલ્યોથી સજ્જ કરવા વૈશ્વિક કુશળતાનો ઉપયોગ કરે છે.

ડો. માંડવિયાએ જણાવ્યું કે, એમવાય ભારત નામનો એક રાષ્ટ્રીય મંચ સ્થાપિત કર્યો છે.આ પ્લેટફોર્મ પર રાષ્ટ્ર નિર્માણમાં સક્રિયપણે રોકાયેલા ૧૫ મિલિયન યુવાનોની નોંધણી થઈ ચૂકી છે.

તેમણે વધુમાં કહ્યું કે, આ વર્ષે જાન્યુઆરીમાં અમે પ્રથમ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ ''વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ'' નું આયોજન કર્યું હતું, જેણે યુવાનોની સક્રિય ભાગીદારી અને યુવા નેતૃત્વને પ્રોત્સાહન આપ્યું હતું. આ સ્પર્ધામાં ૩૦ લાખથી વધુ




### ઉદ્યોગ સાહસિકતા, રમત-ગમત, શૈક્ષણિક સંસ્થાઓ અને ટેકનોલોજીને સંકલિત કરીને બિમ્સટેક યુથ સમિટની આ પહેલ ભવિષ્ય માટે તૈયાર નેટવર્ક ઊભું કરશેઃ કેન્દ્રીય મંત્રી માંડવિયા

યુવાનોએ ભાગ લીધો હતો અને પડકારના વિવિધ તબક્કાઓમાં ભાગ લીધો હતો. ભારત આ સફરમાં અગ્રણી ભૂમિકા ભજવવા માટે પ્રતિબદ્ધ છે, જે પ્રાદેશિક સહકારને મજબૂત કરવા માટે તેની કુશળતા, સંસાધનો અને દ્રષ્ટિકોણ પ્રસ્તુત કરે છે.

BIMSTEC એ માત્ર સરકારો સાથે મળીને કામ કરવા વિશે જ નથી તે લોકોને જોડવા, યુવાનોને સશક્ત બનાવવા અને સહિયારી સમૃદ્ધિના ભવિષ્યનું નિર્માણ કરવા વિશે પણ છે.

આ સમારોહમાં વિદેશ મંત્રાલયના સચિવ(પૂર્વ) જયદીપ મઝુમદારે પ્રથમ બિમ્સટેક યુથ સમિટના ઉદ્દેશ્ય, જરૂરિયાત અને મહત્વતાની વિસ્તૃત ભૂમિકા આપી હતી. તેમણે સમિટમાં સહભાગી થઈ રહેલા ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડના પ્રતિનિધિઓનો પરિચય પણ આપ્યો હતો.ભારત સરકાર અને ગુજરાત સરકારના અધિકારીઓ, ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડના યુવા પ્રતિનિધિઓ ઉપરાંત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

### અલગ અલગ સ્થળોએ બનેલી ઘટનાઓએ હતભાગીઓના પરિવારજનોને શોકના સમંદરમાં ધકેલી દીધા

# ત્રણ જીવલેણ વાહન અકસ્માતઃ યુવાન, પ્રૌઢ અને વૃધ્ધના જીવ ગયા

## યુવાનને સગપણ માટે કન્યાનો પરિવાર જોવા આવવાનો હોઇ બાલ-દાઢી કરાવીને ઘરે આવતી વખતે બાઇક સ્લીપ થતાં મોતઃ હોટલ સંચાલકને રોંગ સાઇડમાં ધસી આવેલી કારે ઉલાળતાં જીવ ગયોઃ વૃધ્ધાને અજાણ્યો વાહનચાલક ઠોકરે લઇ ભાગી ગયો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૮**

રાજકોટઃ રોજબરોજ શહેર સહિત સૌરાષ્ટ્રભરમાં વાહન અકસ્માતની ઘટના બનતી રહે છે. જેમાં અનેક લોકોના મૃત્યુ પણ નીપજતાં હોય છે. આ કારણે હર્યાભર્યા પરિવારના માળા વેરવિખેર થઇ જતાં હોય છે. આવી વધુ ત્રણ ઘટના બની છે જેમાં ત્રણ લોકો માટે વાહન અકસ્માતની ઘાત જીવલેણ સાબીત થઇ હતી. એક બનાવમાં પોતાને કન્યાના પરિવારજનો સગપણ માટે જોવા આવવાના હોઇ બાલ-દાઢી કરાવીને ઘરે આવી રહેલા યુવાનનું અકસ્માતમાં મોત થયું હતું. બીજા બનાવમાં હોટલ સંચાલક માટે કાર કાળ બનીને ત્રાટકી હતી. ત્રીજા બનાવમાં હિટ એન્ડ રનની ઘટનામાં વૃધ્ધાનું મોત થયું હતું.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો જસદણના ગોંડલાધારના યુવાનનું નજીકના માધવીપુર ગામ પાસે બાઇક સ્લીપ થઇ જતાં મૃત્યુ થયું છે. ગઇકાલે તેને સગપણ માટે કન્યાના પરિવારજનો જોવા આવવાના હોઇ તે જસદણ બાલ-દાઢી કરાવવા ગયો હતો. ત્યાંથી પરત આવતો હતો ત્યારે બનાવ બનતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. જસદણના ગોંડલાધાર ગામે રહેતાં બાવીસ વર્ષના મહેશ કુરજીભાઇ માનકોલીયા નામના યુવાનને જસદણ-માધવીપુર વચ્ચે બાઇક સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થતાં જસદણ સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક







છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર યુવાન ચાર ભાઇ અને ત્રણ બહેનમાં નાનો હતો અને હીરા ઘસી પરિવારને મદદરૂપ થતો હતો.

તેના પિતા ખેતી કરી ગુજરાન ચલાવે છે. સગાના કહેવા મુજબ ગઇકાલે મહેશને કન્યાવાળા સગપણ માટે જોવા આવવાના હોઇ તે દાઢી-બાલ કરાવવા જસદણ ગયો હતો. ત્યારે રસ્તામાં આ ઘટના બની હતી. યુવાન દિકરાના અણધાર્યા મૃત્યુથી પરિવાર પર વજ્રઘાત થયો હતો.

બીજી જીવલેણ અકસ્માતની ઘટનામાં મોરબીના ઉંચી માંડલ ગામ નજીક રોંગ સાઇડમાં આવતી કારે બાઇકને ઉલાળી દેતાં હોટેલ સંચાલક પ્રૌઢનું ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું હતું. ઉંચી માંડલ ગામે રહેતાં અને ચામુંડા નામથી હોટલ ચલાવતાં પંચાવન વર્ષના પ્રવિણભાઇ નાથાભાઇ કાલીયા રાતે સાડા દસેક વાગ્યે ઉંચી માંડલમાં આવેલી પોતાની હોટલ ખાતેથી બાઇક હંકારી નજીકમાં આવેલી પોતાની બીજી હોટલ ખાતે જઇ રહ્યા હતાં ત્યારે રસ્તામાં નેકશન સિરામીક પાસે રોંગ સાઇડમાં એક કાર બંબાટ ઝડપે આવતાં પ્રવિણભાઇ બાઇક સહિત ઠોકરે ચડી ગયા હતાં. અકસ્માત સર્જી ચાલક કાર મુકીને ભાગી ગયો હતો. ગંભીર ઇજાગ્રસ્ત પ્રવિણભાઇને મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર પ્રવિણભાઇ બે બહેન અને ચાર ભાઇમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. મોરબી તાલુકા પોલીસે વાહન ચાલકની શોધખોળ હાથ ધરી હતી.

ત્રીજા બનાવમાં જેતપુરમાં ભાદરના સામા કાંઠે રહેતાં કુંવરબેન કાનાભાઇ વાગડીયા નામના પાંસઠ વર્ષના વૃધ્ધાનું શાપરમાં આનંદ ગેઇટ નજીક હિટ એન્ડ રનની ઘટનામાં ઇજા થવાથી મૃત્યુ થયું છે. કુંવરબેન તા. ૬ના રોજ જેતપુરથી શાપર રહેતાં દિકરા અશોકભાઇના ઘરે આટો દેવા આવી રહ્યા હતાં. કોઇ વાહનમાંથી ઉતરીને આનંદ ગેઇટ નજીક રસ્તો ઓળંગવા જતાં હતાં ત્યારે અજાણ્યો વાહનચાલક ઠોકરે લઇ ભાગી જતાં સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ રાતે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેમને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. ત્રણેય ઘટનામાં સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ, અશ્વિનભાઇ, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ જે તે પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી થઇ હતી.

RTOની શિક્ષાત્મક કાર્યવાહી, છતાં વાહન ચાલકોની બેદરકારી હજુયે યથાવત

# ૩૪૫૧૨ વાહચાલકોને ૧.૧૦ કરોડનો દંડ

## રોડ સેફટી મંથ અંતર્ગત હેલ્મેટના ૨૨૩૨ અને ત્રિપલ સવારીના ૧૧૩૬૭ કરાયા કેસ







રાજકોટ મિરર, તા.૮

બેદરકાર વાહન ચાલકોની આંખો ઉઘાડવા ભારત સરકારના વાહન વ્યવહાર અને હાઇવે મંત્રાલય નવી દિલ્હી દ્વારા માર્ગ સલામતી અંગે વાહન ચાલકોમા જાગૃતી લાવવા માટે સમગ્ર દેશમા રોડ સેફટી મંથ તેમજ વિકની ઉજવણી કરવામા આવે છે.

તે અન્વયે નેશનલ રોડ સેફટી મંથ ૨૦૨૫ની ઉજવણી ૧ લી જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી સુધી કરવામા આવી હતી જેમાં રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન હેઠળ ટ્રાફીક ડીસીપી પુજા યાદવ અને એસીપી જે. બી. ગઢવી અને ટ્રાફીક શાખાના અધિકારીઓ તેમજ કર્મચારીઓ દ્વારા રોડ સેફટી મંથ દરમ્યાન શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમા લોકો માર્ગ સલામતી અને ટ્રાફીકના નિયમોનુ વધુમા વધુ પાલન કરે તે માટે જાન્યુઆરી મહીના દરમ્યાન શહેરી વિસ્તારમા ટ્રાફીકના નિયમોનુ ઉલંઘન કરતા વાહન ચાલકો સામે કડક કાર્યવાહી કરાઈ હતી.

રાજકોટ ટ્રાફીક પોલીસે રોડ સેફટી મંથ ૨૦૨૫ અંતર્ગત જાન્યુઆરી માસમા કુલ ૩૪૫૧૨ કેસ કરી ૧.૧૦ કરોડનો દંડ ફટકારવામા આવ્યો હતો. જેમાં ટ્રાફિક પોલીસે બ્લેક ફિલ્મના ૭૨૯ કેસ કરી ૩,૬૪,૫૦૦નો દંડ વસૂલ્યો છે ચાલુ ગાડીએ મોબાઈલ પર વાત કરનાર ૫૧૬ વાહન ચાલકો પાસેથી . ૨.૫૮ લાખનો દંડ વસૂલાયો છે. ઓવર સ્પીડના ૨૨૪૨ કેસ, ત્રણ સવારી વાહન ચલાવવાના ૧૧૩૬૭ કેસ, ટ્રાફિક અડચણપ વાહન મૂકવાના ૩૩૪૮, સુશોભિત નંબર પ્લેટના ૩૬૬૦, એર હોર્નના ૧૮૨, હેલ્મેટ વગર વાહન ચલાવવાના ૨૨૩૨, સીટ બેલ્ટના ૨૫૯૩, જરૂરી કાગળો સાથે ન રાખવાના ૨૬૮૭, નંબર પ્લેટ વગર વાહન ચલાવવાના ૨૨૦૩ તેમજ અન્ય કેસો ૨૭૫૩કેસ મળી ટ્રાફિક શાખાએ એક માસ દરમિયાન કુલ ૩૪,૫૧૨ કેસ કરી એક ૧,૧૦,૮૭,૮૦૦ નો દંડ વસુલાયો છે. આ સાથે પોલીસે ૯૬૨ વાહન ડિટેઇન પણ કર્યા છે.રોડ સેફટી મંથ દરમિયાન ટ્રાફીક શાખા દ્વારા ૨૫ થી વધુ સેમીનાર યોજાયા હતા. ડીસીપી ટ્રાફીક પુજા યાદવે રાજકોટમા રોડ અકસ્માતની વિગતો આપી હતી. જેમા તેઓએ જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૨૩મા ૧૬૯ ફેટલ નોંધાયા હતા જેની સામે વર્ષ ૨૦૨૪ મા ૧૧૫ જેટલા અકસ્માત નોંધાયા હતા. જયારે ગંભીર અકસ્માતમા વર્ષ ૨૦૨૩ મા ૨૨૪ની સામે ૧૪૯ જેટલા કેસ નોંધવામા આવતા ૧૫ જેટલો ઘટાડો થયો હોવાનુ જણાવ્યુ હતુ.

# પતિએ જ પત્નીને પહોચાડી'તી પરલોક !

## જામનગર રોડ પરના શેઠનગરની ઘટના : દિયરવટુ વાળનાર મહિલાનું પતિના મારથી મોત થયાના રીપોર્ટ બાદ ઉકેલાયો ભેદ

રાજકોટ મિરર, તા.૮

સાસરીયે બેભાન થયા બાદ મારી દીકરીની હત્યા થઇ હોવાની માતાની શંકા સાથેની ફરિયાદમાં વજૂદ નીકળ્યું છે. શહેરના શેઠનગરમાં મહિલાના ભેદી મૃત્યુની ઘટનામા પતિના મારથી મૃત્યુ થયું હોવાનું બહાર આવતા મૃતક મહિલાના પતિ સામે ગુન્હો નોંધી પોલીસે તેમને ઝડપી પાડવા તપાસ આદરી છે.

જામનગર રોડ પર શેઠનગર સામે ઝૂપડપટ્ટીમાં રહેતી ૩૦ વર્ષિય ભાવનાબેન અરજણ વાજેલીયા ઝૂપડામાં બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પણ તેણીને તબિબે મૃત જાહેર કરતાં મૃતકની હત્યા થયાનો આક્ષેપ તેણીની માતાએ કર્યો હતો.

પોલીસ તપાસમાં એવું બહાર આવ્યું છે કે, ભાવનાબેનના પતિનું બે વર્ષ પહેલા અવસાન થયા પાંચ દિવસ પહેલા જ તેણીએ દિયરવટુ કર્યુ હતું. આ બીજા પતિએ પૈસા મામલે માથાકુટ કરી ધોકાના ઘા ફટકારી હત્યા કર્યાનો આક્ષેપ માતાએ કરતા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવાયું હતુ. અને રીપોર્ટ પણ માર મારવાથી થયાનું બહાર આવ્યું હતું. ગાંધીગ્રામ પોલીસે મૃતકના પતિ વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

જાણવા મળ્યા મુજબ,શેઠનગર સામે રહેતી ભાવનાબેન અરજણભાઇ વાજેલિયા (ઉ.વ.૩૦)ને બેભાન હાલતમાં હોસ્પિટલમાં ખસેડાઇ હતી. તેણી ઘરે બેભાન થઇ ગયાનું જણાવાયું હતું. તબિબે તેણીને મૃત જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં પીઆઇ એસ. આર. મેઘાણી, પીએસઆઇ પી. જી. રોહડીયા, રાઇટર હંસરાજભાઇ અને અમિતભાઇ કોરાટ સહિતે હોસ્પિટલે પહોંચી કાર્યવાહી કરી હતી. પોલીસે તપાસ કરતાં મૃતક ભાવનાબેનના શરીર પર ઈજાના કેટલાક નિશાન હતા, પરંતુ તે નિશાન તાજા છે કે જૂના તે સ્પષ્ટ ન થતાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવાયું હતું.

બીજી તરફ ભાવનાબેનના માતા જીવતીબેન કવાભાઇ વાજેલિયાએ ચોંકાવનારો આક્ષેપ કર્યો હતો કે મારી દિકરી ભાવનાબેનના લગ્ન અરજણ વાજેલિયા સાથે થયા હતા અને તેને સંતાનમાં બે પુત્ર છે, મૂળ પતિ અરજણનું બે વર્ષ પહેલા બીમારીથી મૃત્યુ થયું હતું. પાંચ દિવસ પહેલા જ ભાવનાબેનું દિયરવટુ અરજણના ભાઇ હિરા સાથે કરવામાં આવ્યું હતું, હિરો વાજેલિયા પણ પરિણીત છે અને તેને સંતાનમાં એક પુત્રી છે. એક વર્ષ પહેલા તેના એક પુત્રનું મૃત્યુ થયું હતું.

જીવતીબેને વધુમાં કહ્યું હતું કે ગત બુધવારે હિરાને પૈસા જોઇતા હોય જે મામલે પત્ની ભાવનાબેન પાસેથી પૈસા માંગતા તેણીએ પૈસા આપવાની ના કહેતા હિરો ઉશ્કેરાયો હતો અને તેણે ધોકાના આડેધડ ઘા ભાવનાને માર્યા હતા.મારના બીજા દિવસે ભાવનાબેનને હોસ્પિટલમાં ખસેડાઇ હતી ત્યારે તેણી ઇજાગ્રસ્ત હોઇ અકસ્માતમાં ઇજા થયાનું કહેવાયું હતું.

પ્રાથમિક સારવાર બાદ રજા લઈને ઘરે આવ્યા હતા પણ અહીથી બેભાન હાલતમાં સિવિલમાં લાવવામાં આવી ત્યારે તેણીને મૃત જાહેર કરાઇ હતી. પતિ આ બનાવ પછી ગાયબ હોઇ હત્યાની શંકા દ્રઢ બની હતી. આ બનાવમાં મૃતકના માતા જીવતીબેન વાજેલીયાને ફરીયાદી બનાવી કાર્યવાહી શરુ કરી હીરાની શોધખોળ આદરાઈ છે.

# ગુજરાતના દ્દઠ્ઠા મુખ્યમંત્રી બાબુભાઈ પટેલનો આજે જન્મ દિવસ

રાજકોટ મિરર, તા.૮

બાબુભાઈ જશભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી હતા. તેઓ બે વખત મુખ્યમંત્રીના હોદ્દે રહ્યા હતા. પ્રથમ જૂન ૧૯૭૫ થી માર્ચ ૧૯૭૬ સુધી જનતા મોર્ચાના નેતા તરીકે અને બીજી વખત એપ્રિલ ૧૯૭૭ થી ફેબ્રુઆરી ૧૯૮૦ સુધી જનતા પાર્ટીના નેતા તરીકે ફરજ બજાવી હતી.



બાબુભાઈ જશભાઈ પટેલ

તેમનો જન્મ ૯ ફેબ્રુઆરી, ૧૯૧૧ના રોજ નડીઆદ, ગુજરાત ખાતે થયો હતો.. તેઓ વ્યવસાયે વકીલ હતા. તેઓ ૧૯૩૦માં કોલેજમાં અભ્યાસ કરતા હતા એ સમયે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા. અને એ સબબ ૧૯૪૨ સુધીમાં તેઓ સાત વખત જેલમાં ગયા હતા.

મુંબઈ રાજ્યના વખતના મંત્રીમંડળમાં, ૧૯૫૨ થી ૧૯૫૭ સુધી, તેઓ કેબિનેટ મંત્રી રહ્યા. ગુજરાતની રચના પછી ૧૯૬૭માં તેઓ ગુજરાતની ધારાસભામાં ચૂંટાયા અને વિવિધ મંત્રાલયો સંભાળેલા.

૧૯૭૪માં, ચીમનભાઈ પટેલે નવનિર્માણ આંદોલનને કારણે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું અને ધારાસભાનું વિસર્જન કરાયું. ચૂંટણી પછી ૧૮ જૂન, ૧૯૭૫માં તેઓ ગુજરાતના પ્રથમ ગેરકોંગ્રેસી મુખ્યમંત્રી બન્યા. તેઓ વિવિધ પક્ષોના ગઠબંધનથી બનેલા જનતા મોર્ચાના નેતા બન્યા. એક અઠવાડીયા પછી, ઈન્દિરા ગાંધી દ્વારા દેશમાં કટોકટી લાદવામાં આવી પણ તેઓ માર્ચ ૧૯૭૬ સુધી પદ પર કાયમ રહ્યા. બીજી વખત તેઓ ૧૯૭૭ થી ૧૯૮૦ સુધી, જનતા પાર્ટીના નેતા તરીકે મુખ્યમંત્રી બન્યા. ૧૯૭૯ની મચ્છુ બંધ હોનારત સમયે તેઓએ છ માસ સુધી સઘળું મંત્રીમંડળ અને સરકારી તંત્રને મોરબી ફેરવ્યું હતું. ૧૯૯૦ની શરૂઆતમાં, ચીમનભાઈ પટેલની સરકારમાં, કેબિનેટ મંત્રી તરીકે તેઓ સરદાર સરોવર બંધ પરિયોજનાના વડા તરીકેનો પદભાર સંભાળ્યો હતો. ૧૯ ડિસેમ્બર, ૨૦૦૨નાં રોજ ગાંધીનગર ખાતે તેઓનું અવસાન થયું હતું.

# આજે મધ્યકાલીન ગુજરાતી કવિ દયારામ પંડ્યાની પુણ્યતિથી

## દયારામ, નરસિંહ મહેતા અને મીરાંબાઈની સાથે ગુજરાતી સાહિત્યમાં ભક્તિ આંદોલનના ગણાતા હતા અગ્રણી યોગદાનકર્તા

રાજકોટ મિરર, તા.૮

દયારામ (૧૭૭૭-૧૮૫૩) ગરબી શૈલીમાં ગીતો રચનાર પ્રથમ મધ્યકાલીન ગુજરાતી કવિ હતા. તેમણે રચેલાં પુષ્ટિમાર્ગે અનુસરતા કૃષ્ણભક્તિના પદો ખૂબ જ પ્રખ્યાત છે. દયારામ, નરસિંહ મહેતા અને મીરાંબાઈની સાથે ગુજરાતી સાહિત્યમાં ભક્તિ આંદોલનના અગ્રણી યોગદાનકર્તા ગણાય છે.



દયારામનો જન્મ ૧૬ ઓગસ્ટ ૧૭૭૭ના રોજ નર્મદા નદીને કિનારે આવેલા ચાણોદમાં થયો હતો. તેઓ નાગર બ્રાહ્મણ પ્રભુરામ પંડ્યાના બીજા પુત્ર હતા. તેમની મોટી બહેન ડાહીગૌરી અને નાનો ભાઇ મણીશંકર ૯ અને ૨ વર્ષની વયે જ અવસાન પામ્યા હતા.

તેમના પિતા કારકૂન હતા. દયારામે બહુ અલ્પ માત્રામાં શિક્ષણ લીધું હતું અને તેમને વૈષ્ણવ મંદિરમાં ભજન ગાવામાં રસ હતો. તેમના લગ્ન બાળપણમાં થયા હતા પરંતુ તેમની પત્નિ લગ્નના બે વર્ષ પછી મૃત્યુ પામી અને તેમના બીજા લગ્ન તેમના પિતાનું અવસાન થવાથી ટક્યા નહી. બે વર્ષ પછી તેમની માતાનું પણ અવસાન થયું. તેઓ ચાણોદ અને ડભોઇમાં તેમના સગા-સબંધીઓનાં ઘરે રહેતા હતા. દયારામે ભારતભરમાં વૈષ્ણવ સંપ્રદાયનાં મહત્વનાં સ્થળોની મુલાકાત લીધી હતી. ઇચ્છારામ ભટ્ટના સંપર્કમાં આવ્યા પછી તેઓ ધાર્મિક વૃત્તિ તરફ વળ્યા હતા.

વિક્રમ સંવત ૧૮૫૮માં તેઓ વલ્લભ મહારાજ થકી પુષ્ટિમાર્ગી વૈષ્ણવ સંપ્રદાયમાં જોડાયા અને વિક્રમ સંવત ૧૮૬૧માં સંપૂર્ણ રીતે પરોવાઇ ગયા હતા. દયારામનું મોટા ભાગનું સર્જન ગરબી સ્વરૂપે છે. તેમની કુલ રચનાઓ વિશે વિદ્વાનોમાં મતભેદ છે. તેમની કુલ રચનાઓની સંખ્યા ૮૭ જેટલી કહેવાય છે. તેમની કેટલીક જાણીતી કૃતિઓઃ શ્યામ રંગ સમીપે ન જાઉં, હવે સખી નહીં બોલું અને ઓ વ્રજનારી! સાહિત્ય ક્ષેત્રે ખુબ પ્રચલિત બની હોવાનું સાહિત્યપ્રેમીઓએ જણાવ્યું હતું. તેઓનું અવસાન ૯મી ફેબ્રુઆરી ૧૯૫૩માં થયું હતું.

ઘરના જ ઘાતકી, વાડ જ ચીભડા ગળ ગઇઃ કાર બ્રોકરો સાથે મળી કાવત્રુ રચી મસમોટી રોકડ બારોબાર ટ્રાન્સફર કરી દીધી

# કાર લોનના નામે બેંકને મહિલા મેનેજરનો ૯૩ લાખનો ચૂનો

## રાજકોટની વિજય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી.ના મંગળા રોડ શાખાના મેનેજર દેવિકાબેન વસા સહિતના વિરૂધ્ધ એ-ડિવીઝનમાં ફ્રોડનો ગુનો નોંધાતા ચકચારઃ જે કાર ખરીદી જ નથી તેવી ૧૦ કારની લોનો સગા ઓળખીતાના નામે મંજુર કરી રોકડ બે અલગ અલગ પેઢીમાં ટ્રાન્સફર કરી દીધી!

રાજકોટઃ બેંકો સાથે ઠગાઇના કિસ્સા તો અવારનવાર બનતા રહે છે. જેમાં ઘણીવાર ઘરના જ ઘાતકી કે વાડ જ ચીભડા ગળે એવુ પણ થતું હોય છે. એટલે કે કૌભાંડમાં બેંકના જ કર્મચારી કે અધિકારી પણ સામેલ હોય છે. આવો જ ચોંકાવનારો કિસ્સો શહેરના એ-ડિવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. જેમાં મંગળા રોડ પર આવેલી વિજય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંકના મહિલા મેનેજરે બે કાર બ્રોકર સહિતની સાથે હળીમળીને પુર્વયોજીત કાવત્રુ ઘડી પોતાની જ બેંકને મસમોટો ચૂનો ચોપડી દીધો છે. બોગસ ડોક્યુમેન્ટ ઉભા કરી ૧૦ કાર માટેની લોન મેળવી લઇ બેંકના રૂપિયા બારોબાર ટ્રાન્સફર કરી છેતરપીંડી આચરતાં ચકચાર મચી ગઇ છે.

વિગતો પર નજર કરીએ તો બેંકના મહિલા મેનેજરેં બ્રોકરો મારફત ૧૦ કાર લોન મંજુર કરાવડાવી તેની રકમ રૂ. ૯૩,૧૫,૦૦૦ મોરબીની બે અલગ અલગ પેઢીના સંચાલકોના ખાતામાં જમા કરાવી દીધી હતી. ટાટા અલ્ટ્રોઝ કંપનીની સીએનજી કાર માટેની આ તમામ લોન મંજુર કરાવાઇ હતી. જો કે બેંકને એક અરજી મળતાં તપાસ શરૂ થતાં સમગ્ર કારસ્તાન ખુલ્યું હતું. જેમાં કાર લોન માટે જરૂરી દસ્તાવેજો જેમાં આર. સી. બૂક, વિમા પોલીસી, કોટેશન સહિત તમામ બોગસ ઉભા કરી રજૂ કરાયાનું ખુલ્યું હતું. પોલીસે તમામની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે. એ-ડિવીઝન પોલીસે મોટા મવા સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે પેન્ટાગોન ટાવર એ-૫૦૧માં રહેતાં અને વિજય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંકની કનક રોડ પરની મેઇન બ્રાંચમાં આસી. જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતાં દુર્ગેશભાઇ વૃજલાલભાઇ આચાર્યની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો છે.

પોલીસે શ્રુજય સંજયભાઇ વોરા, લક્ષ્યાંક શૈલેષભાઇ વિઠ્ઠલાણી, જૈન સાયન્ટીફીક ઉદ્યોગના નામની ભાગીદારી પેઢીના જવાબદાર, મહાકાલ એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટર મીત મહેશભાઇ પરમાર તથા વિજય કોમર્શિયલ કો. ઓપરેટીવ બેંકની મંગળા રોડ શાખાના બ્રાંચ મેનેજર દેવીકાબેન વસા તથા તપાસમાં ખુલે તેની સામે કાવત્રુ ઘડી બોગસ દસ્તાવેજો ઉભા કરી છેતરપીંડી કરી ૧૦ કાર લોનની રકમ રૂ. ૯૩,૧૫,૦૦૦ ઓળવી જવા અંગે એફઆઇઆર દાખલ કરી છે. ફરિયાદી આસી. જનરલ મેનેજર દુર્ગેશભાઇ આચાર્યએ જણાવ્યું છે કે ચારેક મહિના પહેલા વિરેન મુકુદરાય પાઉ અને સમીર સુરેશભાઇ અઢીયાએ એક લેખિત અરજી કરી હતી, જે અરજી અમારી મેઇન બ્રાંચ ખાતે આવી હતી. જેમાં શ્રુજય વોરા, લક્ષ્યાંક વિઠ્ઠલાણીના સામાવાળા તરીકે નામ હતાં. બેંક લોન બાબતની આ અરજી હતી. બેંક મારફતે આ અરજીની તપાસ કરતાં રાજકોટ મંગળા રોડ શાખામાંથી વિરેન પાંઉ, સમીર અઢીયાએ કાર લોન મેળવી હતી.




જે કાર લોન બાબતે શાખા મેનેજર શ્રીમતિ દેવિકાબેન વસાને પુછતાં તેણે કહેલું કે લોન બ્રોકર શ્રુજય વોરા અને લક્ષ્યાંક વિઠ્ઠલાણીએ બે કાર માટેની લોન કરાવી છે. આ સિવાય અન્ય ૮ કાર લોન પણ આ લોકોએ કરાવી છે. વધુ તપાસ કરતાં મંગળા રોડ શાખાના મેનેજર દેવીકાબેન વસાએ બહારના બ્રાકર તરીકે દેવીકાબેને પોતાના પરિચીત શ્રુજય વોરા (રહે. ૨૦૧-એપલ ગ્રીન ઓરેન્જ વીંગ-એ, નાગેશ્વર મંદિર પાસે) તથા લક્ષ્યાંક શૈલેષભાઇ વિઠ્ઠલાણી (રહે. સી-૪૦૪, શ્યામકુંજ-૧, આર્યશ્રી પાછળ નાના મવા રોડ) લોન બ્રોકર તરીકે કામ કરતાં હોઇ આ બંનેએ અમારી બેંકની મંગળા રોડ શાખામાંથી ૧૦ લોકોની કાર લોન મંજુર કરાવી હતી. જેમાં કાલાવડ રોડ આંબેડકરનગરના રાઠોડ રવજીભાઇ નાથાભાઇએ ટાટા અલ્ટ્રોઝ કાર માટે ૧૦ લાખની લોન અપાઇ હતી, તેમજ ઘંટેશ્વર બ્રહ્માનંદ સોસાયટીના દિવ્યાબેન વસંતજતી ગોસ્વામીએ અલ્ટ્રોઝ સીએનજી કાર માટે ૯,૭૦,૦૦૦ની લોન લીધી હતી. તેણે લોન લેતી વખતે જરૂરી બેંક લોનની પોલીસ મુજબના જરૂરી કાગળો રજુ કર્યા હતાં.

આ ઉપરાંત નાના મવા રોડ શ્યામલ કુંજ-૧માં રહેતાં દીપાબેન શૈલેષભાઇ વિઠ્ઠલાણીને ટાટા અલ્ટ્રોઝ સીએનજી કાર માટે રૂ. ૯,૦૦,૦૦૦ની લોન, નવલનગર-૯/૧૨ના ઉદય મનીષભાઇ બધેકાને પણ અલ્ટ્રોઝ કાર માટે ૯,૭૦,૦૦૦ની લોન, શ્યામલકુંજ-૧ના વિક્રમ શૈલેષભાઇ વિઠ્ઠલાણીને પણ અલ્ટ્રોઝ કાર માટે રૂ. ૯,૩૦,૦૦૦ની લોન, નવલનગર-૯/૧૨ના નિકીતાબેન મનિષ બધેકાને પણ આવી જ કાર માટે ૯,૦૦,૦૦૦ની લોન, ભોમેશ્વર પ્લોટ-૭ના દિવાન રાજેશભાઇ વેકરીયાને પણ અલ્ટ્રોઝ સીએનજી કાર માટે રૂ. ૯,૦૦,૦૦૦ની લોન, રણુજા મંદિર પાછળ રહેતાં સમીર સુરેશભાઇ અઢીયાને પણ ટાટા સીએનજી અલ્ટ્રોઝ કાર માટે ૯,૪૫,૦૦૦૦ની લોન, અંબીકા ટાઉનશીપ કસ્તુરી કેસલ-૧ના વિરેન મુકુંદરાય પાઉને પણ અલ્ટ્રોઝ કાર માટે ૯,૫૦,૦૦૦ની અને જામનગર રોડ પટેલ વિહાર રેસ્ટોરન્ટ ક્રાઇસ્ટ હોસ્પિટલ સામેના સોનુબેન મહેશભાઇ ભોજાણીને પણ અલ્ટ્રોઝ સીએનજી કાર માટે રૂ. ૮,૫૦,૦૦૦ની લોન અપાઇ હતી. આ તમામ ૧૦ લોન મંગળા રોડની વિજય કોમર્શિયલ કો-ઓપ. બેંકના મેનેજર દેવીકોબન વસાએ મંજુર કરાવી હતી.

આ બાબતે ખરઇ કરતાં આ દસેય લોન ધારકોના કોટેશન એક જ પેઢી મહાકાલ એન્ટરપ્રાઇઝના નામે રૂ. ૯૩,૧૫,૦૦૦ના હતાં. આ રકમ બેંક દ્વારા મહાકાલ એન્ટરપ્રાઇઝ મોરબીને આરટીજીએસથી ચુકવાઇ હતી, તેવું લોનની ફાઇલો પરથી જણાઇ આવ્યું હતું. દુર્ગેશભાઇ આચાર્યએ વધુમાં જણાવ્યું હતું કે વધુ તપાસ કરતાં ખબર પડી હતી કે ૧૦ પૈકી ૩ કાર લોનધારકોના રૂ. ૨૮,૭૦,૦૦૦ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની રેસકોર્ષ બ્રાંચના મહાકાલ એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટ મીત મહેશભાઇ પરમાર (રહે. શેઠનગર-૧૧ જામનગર રોડ)ના ખાતામાં જમા થયા હતાં. જ્યારે બાકીના ૭ લોકોના લોનના રૂપિયા ૬૪,૪૫,૦૦૦ યસ બેંક મોરબી બ્રાંચના ખાતામાં (મે. જૈન સાયન્ટીફીક ઉદ્યોગના પ્રોપરાઇટર દિપક ચંદુલાલ દોશી-રહે. ૫-લાતી પ્લોટ, મોરબી)ના ખાતામાં જમા થયાનું જણાઇ આવ્યું હતું. મંગળા રોડ શાખાના બ્રાંચ મેનેજર દેવીકાબેન વસાએ આ તમામ ૧૦ લોન ધારકોને કોટેશન મુજબની કાર લોન મંજુર કરી આપી હતી, જે તમામ કાર ટાટા અલ્ટ્રોઝ સીએનજી હતી.

લોન આપતી વખતે તેને લગતા જરૂર રેકર્ડ ચકાસણી કરવાની જવાબદારી દેવીકાબેનની હતી. દેવીકાબેને મેનેજરના પાવર ડેલીગેશનને આધારે આ લોનો પાસ કરી હતી. ત્યારબાદ અમારી બેં મારફત જે તે કોટેશનને આધારે લોન મંજુર કરી હતી. લોન ધારકોએ કાર લોનની આર. સી. બૂક અને ઇન્સ્યુરન્સની પોલીસીની કોપી આપવાની હોય છે. આર.સી. બૂકની કોપી જોતાં અને તેમાં જણાવેલા આરટીઓ નંબર ઓનલાઇન આરટીઓની સાઇટ પર ચેક કરતાં કાર રજીસ્ટ્રેશન નંબર અને કાર માલિકના નામ અલગ અલગ જોવા મળ્યા હતાં! આથી એ સ્પષ્ટ થયું હતું કે કાર લોનના ડોક્યુમેન્ટ સાથે કારની જે આર.સી. બૂકો રજુ થઇ હતી તે ખોટી હતી. તેમજ ઇન્સ્યુરન્સ માટે એસબીઆઇ જનરલ ઇન્સ્યોરન્સ કંપનીના કાગળો રજૂ થયા હોઇ તેની ખરાઇ કરાવતાં ૧૦માંથી ૯ પોલીસી આ કંપનીમાંથી ઇશ્યુ નહિ થયાનું અને માત્ર ૧ જ પોલીસી ઇશ્યુ થયાનું અને તેમાં પણ પોલીસી ધારકનું નામ અલગ હોવાનું જણાવાયું હતું.

આ માહિતી એસબીઆઇ જનરલ ઇન્સ્યુરન્સ કંપની તરફથી અમને અપાઇ હતી. આમ ઇન્સ્યુરન્સ પોલીસી પણ ખોટી રજુ કરાઇ હોવાનું ખુલ્યું હતું. ૧૦ કાર લોન મંજુર થઇ તેની ખરાઇ કરાવતાં તેમાંથી પણ ઘણી કારની લોનના હપ્તા સમયસર ભરવામાં આવ્યા નહોતાં. કાર ખરીદીના કોટેશન ચેક કરતાં તેમાં પેમેન્ટ માટેની કોઇપણ બેંકની માહિતી દર્શાવાઇ નહોતી. કોટેશન ચેક કરવાની જવાબદારી પણ મેનેજર દેવીકાબેનની હોય છે. દેવીકાબેને ઓનલાઇન પેમેન્ટ/આરટીજીએસ ભળતા નામમાં કોઇપણ કાર લોન ખાતેદારની લેખતી પરવાનગી વગર શાખા મેનેજર દેવીકાબેન વસાએ આરોપીઓ સાથે મળી કાવત્રુ રચી ત્રણ લોનની રકમ આરટીજીએસથી મહાકાલ એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટ મીત મહેશભાઇ પરમારના ખાતામાં રૂ. ૨૮,૭૦,૦૦૦ તથા ૭ લોનની રકમ આરટીજીએસથી મોરબીની જૈન સાયન્ટીફીક ઉદ્યોગ નામની ભાગીદારી પેઢીમાં રૂ. ૬૪,૪૫,૦૦૦ની ટ્રાન્સફર કરી દઇ કુલ રૂ. ૯૩,૧૫,૦૦૦ની ભરપાઇ ન થઇ શકે તેવી રકમ બે પેઢીના ખાતામાં જમા કરાવી બેંકને આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. આ રીતે કાર બ્રોકર શ્રુજય અને લક્ષ્યાંકે તેમજ જૈન સાયન્ટીફીક ઉદ્યોગના નામની ભાગીદારી પેઢીના જવાબદાર અને મહાકાલ પેઢીના મીત પરમાર તથા અમારી બેંકના શાખા મેનેજર દેવીકાબેન વસાએ મળી કાવત્રુ રચી પોતાના ઓળખીતા, સગાવ્હાલાઓના નામે તેમજ અન્ય લોકોના નામે ખોટા ડોક્યુમેન્ટ જેમ કે કારની આર.સી. બૂક, વિમા પોલીસી, કારના કોટેશનો, બીલો વગેરે બનાવી બેંકમાં રજુ કરી રૂ. ૯૩,૧૫,૦૦૦ની રકમ ઉપાડી લઇ બેંકને આર્થિક નુકસાન પહોંચાડી છેતરપીંડી કરી હતી. પીઆઇ આર. જી. બારોટ અને ટીમે આરોપીઓને શોધી કાઢવા તપાસ આગળ ધપાવી છે.

### કોઠારીયામાં રોલેક્ષ રોડ પર રહેતાં લાદી કામના કારીગરના ઘરે પરિચીતની કારીગીરીઃ સીસીટીવીમાં ઘટના કેદ

# ઓળખીતો બન્યો અળખામણોઃ ફ્લેટમાં ઘુસી બે લાખની મત્તા ચોરી ગયો

## ચારેક મહિનાથી જેની સાથે આંખની ઓળખ હતી એ શખ્સ ડુપ્લીકેટ ચાવીથી ચોરી કરી ગયોઃ આજીડેમ પોલીસે શોધખોળ હાથ ધરી

રાજકોટઃ શહેરમાં ચોરીનો વધુ એક બનાવ બન્યો છે. અહિ જાણભેદુ નહિ પણ ઓળખીતો હાથફેરો કરી ગયાની દ્રઢ શંકા પરથી તપાસ શરૂ કરવામાં આવી છે. શકમંદ સીસીટીવીમાં કેદ થઇ જતાં તેના આધારે તપાસ શરૂ થઇ છે. કોઠારીયા નજીક રોલેક્ષ રોડ પર આવેલા સ્કાય વ્યુ એપાર્ટમેન્ટમાં રહેતા યુવાનના ફ્લેટને નિશાન બનાવી તેના જ ઓળખીતા શખ્સે ફ્લેટમાં પ્રવેશ કરી રોકડ તથા દાગીના મળી બે લાખ જેવી માલમત્તા ઉસેડી લીધી હતી.



બનાવની વિગતો પર નજર કરીએ તો કોઠારીયા ગામ પાસે રોલેક્ષ રોડ પર આવેલા સ્કાય વ્યુ એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૩૦૪માં રહેતા અને લાદી કામ કરતા પિન્ટુભાઈ વિનોદભાઈ રાઠોડ નામના યુવાને આજીડેમ પોલીસમાં શકમંદ તરીકે રાજ મનીશભાઈ મેંદપરા નામના શખ્સ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે. પિન્ટુભાઈએ જણાવ્યું છે કે હું લાદી કામ કરૂ છું. ગત તા.૧૬.૧૧.૨૪ના રોજ બપોરે હું મારા કામ અર્થે કુવાડવા રોડ, ડી.માર્ટ મોલ પાછળ હતો. ત્યારે પત્નીનો ફોન આવતા તેણે કહેલ કે 'આપણા કબાટની તીજોરીમાં રોકડા રૂપીયા તથા ઘરેણા જોવામાં આવતા નથી.' તેમ વાત કરતા હું તુરંત જ ઘરે આવતા, પત્નીએ કહેલ કે મારે રૂપીયાની જરૂરત હોઈ જેથી કબાટની તીજોરીમાં જોતા તેમાં રાખેલ સોનાની વીટી ત્રણ, સોનાનો પેંડલ સાથેનો ચેઈન, નાકનો દાણો તથા રૂ.૧.૨૨ લાખ રોકડા જોવામાં આવેલ નહી. તેમ વાત કરતા મેં ફ્લેટ નીચે આવેલ અવધ મેડીકલ વાળા ઘનશ્યાનભાઈને અને મારી બાજુના ફ્લેટમાં રહેતા ભાઈ હરેશભાઈ રાઠોડને જાણ કરી હતી.

ત્યારબાદ હું તથા મારોભાઈ ફ્લેટના સીસીટીવી કેમેરા જોતા ગત ચૌદમીના સાંજના સમયે અમે મહેમાન સાથે ફ્લેટનો દરવાજો લોક કરી જમવા માટે ગયા હતા. ત્યારે ફ્લેટ નીચે આવેલ અવધ મેડીકલ સ્ટોર પાસે અમારી સાથે બેસતો રાજ મનીશભાઈ મેંદપરા નામનો શખ્સ એપાર્ટમેન્ટની લીફટમાં જતો દેખાયો હતો. બાદ આ રાજ મેંદપરાની શોધખોળ કરતા તેનો કોઈ પતો લાગ્યો ન હતો. બાદ ગઈ કાલે આજીડેમ પોલીસમાં જાણ કરતા પીએસઆઈ આર.એસ.સાખરા સહિતે સ્થળ પર પહોંચી પીન્ટુભાઈની ફરિયાદ દાખલ કરી શકમંદ રાજ મેંદપરાની શોધખોળ આદરી છે. આ બનાવમાં પીન્ટુભાઈ એ જણાવ્યું હતું કે એપાર્ટમેન્ટની નીચે આવેલા અવધ મેડીકલ સ્ટોર વાળા ઘનશ્યામભાઈ પાસે અવારનવાર બેસવા જતો હોય. ત્યાં છેલ્લા ચારેક મહિનાથી આ રાજ મેંદપરા ત્યાં બેસવા માટે આવતો હોઈ, તેથી મારે તેની સાથે આંખની ઓળખાણ હતી. ગત તા.૧૪/૧૧ના રોજ ઘરે મહેમાન આવ્યા હોઈ, તેથી તેની સાથે જમવા માટે બહાર ગયા હતા.

ત્યારે મારા મોબાઈલમાં આ રાજનો ફોન આવેલ તેણે કહેલ કે 'તમે કયાં છો' મેં કહેલ હું બહાર છું. તેણે કહેલ કે કેટલી વાર લાગશે? તેમ કહયું હતું. બાદ અમે જમીને પરત ઘરે આવી ગયા હતા. બાદ તા.૧૬/૧૧ના રોજ હું કામ અર્થે બહાર હતો, પત્નીને રાજનગર ચોક પાસે કાકાના ઘરે કથામાં જવાનું હોઈ અને તેને પૈસાની જરૂર પડતા તે કબાટમાંથી પૈસા કાઢવા જતા રોકડા તથા દાગીના જોવા ન મળતા મને જાણ કરી હતી. બાદ મેં તપાસ કરતા ગત તા.૧૪/૧૧ના રોજ આ રાજ મેંદપરા મારા ફ્લેટે આવ્યા હતો. ત્યારે પાડોશી તેને જોઈને 'કોનું કામ છે?' પુછતા રાજે કહેલ કે હરેશભાઈનું કામ છે. તેમ કહયું હતું અને સીસીટીવી ફટેજમાં પણ રાજ એપાર્ટમેન્ટમાં પ્રવેશ કરી બાદ લીંફિટ મારફતે નીચે સેલરમાં પાર્કીંગની જગ્યામાંથી બહાર નીકળતો દેખાયો હતો. આથી પીન્ટુભાઈએ આ રાજ મેંદપરાએ ફ્લેટની ડૂપલીકેટ ચાવી બનાવી ચોરી કર્યાની શંકા પરથી પોલીસે તપાસ શરૂ કરી છે.

### સોશિયલ મિડીયાનો ઉપયોગ કરવામાં ખોટુ નથી, પણ આ માધ્યમ કોઇની બરબાદીનું કારણ બને એ ખોટું

# ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડને છોડી દેવાનું કહેતાં છાત્રાએ દુનિયા જ છોડી દીધી!

## કાલાવડ રોડ વામ્બે આવાસ યોજના ક્વાર્ટરની ઘટનાઃ અઢાર વર્ષિય છાત્રા કેટલાક સમયથી કચ્છના યુવાન સાથે મિત્રતામાં હતીઃ માતાએ ઠપકો દેતાં પહેરવાના બહાને સાડી બાંધી તેનો ફાંસો બનાવી લીધો

રાજકોટઃ યુવાનો અને ટીનેજર્સ દ્વારા સોશિયલ મિડીયાના અલગ અલગ પ્લેટફોર્મનો ભરપુર ઉપયોગ થઇ રહ્યો છે. અહિ તેઓ પોતાની ક્રિએટીવીટી પણ દેખાડતાં હોય છે. જો કે અનેક એવા લેભાગુઓ હોય છે જે સોશિયલ મિડીયાના માધ્યમથી સગીરાઓ, છાત્રાઓ, યુવતિઓને ફસાવવાના ધંધા કરતાં હોય છે. દરમિયાન એક ચોંકાવનારા બનાવમાં શહેરના કાલાવડ રોડ પર રહેતી અને નર્સિંગના અભ્યાસની તૈયારી કરી રહેલી છાત્રાને તેની માતાએ ઇન્સ્ટાગ્રામ ફ્રેન્ડ સાથે રિલેશનશીપ તોડી નાખવાનું કહેતાં તેણીને માઠુ લાગી જતાં તેણે ગળાફાંસો ખાઇ દુનિયા જ છોડી દીધી હતી.






અરેરાટીભરી અને ચોંકાવનારી તેમજ સોશિયલ મિડીયા યુઝ કરતાં હોય તેવા યુવક-યુવતિઓ માટે લાલબત્તી સમાન એવી આ ઘટનાની વિગતો જોઇએ તો શહેરના કાલાવડ રોડ પર વામ્બે આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતી અને નર્સિંગની તૈયારી કરી રહેલી અઢાર વર્ષની યુવતિને માતાએ ઇન્સ્ટાગ્રામ ફ્રેન્ડને છોડી દેવાનું કહેતાં તેણીને માઠુ લાગી જતાં માતાની સાડી પહેરવાના બહાને માંગી રૂમમાં જઇ સાડીથી ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. વામ્બે આવાસ યોજના કવાર્ટરમાં રહેતી અઢાર વર્ષની છાત્રા જલસારાણી જયંતિભાઇ પરીછાએ સવારે ઘરે પંખામાં સાડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધાની જાણ ૧૦૮ના ઇએમટી ડોક્ટર મારફત થતાં કન્ટ્રોલ રૂમ ઇન્ચાર્જે તાલુકા પોલીસને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં જ તાલુકા પોલીસ સ્ટેશનના હેડકોન્સ. કિશનભાઇ સહિતે પહોંચીને કાર્યવાહી કરી હતી અને મૃતદેહને પંચનામુ કરી પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. જલસારાણીએ આ પગલુ શા માટે ભર્યુ? તે સહિતની વિગતો પરિવારજનોને પુછવામાં આવી હતી. આપઘાત કરનાર જલસારાણી ત્રણ બહેન અને એક ભાઇમાં નાની હતી. તેના પિતા હાઉસ કીપીંગનું કામ કરે છે. આ પરિવાર મુળ ઓરીસ્સાનો વતની છે. પ્રાથમિક તપાસમાં પરિવારજનોએ કહ્યુ હતું કે જલસારાણી ધોરણ બાર કોમર્સનો અભ્યાસ કર્યા પછી નર્સિંગના અભ્યાસની તૈયારી કરી હતી. તે કેટલાક સમયથી કચ્છ તરફના વિનય નામના શખ્સ સાથે ઇન્સ્ટાગ્રામ થકી ફ્રેન્ડશીપમાં હતી.

પરિવારને આ ફ્રેન્ડશીપની જાણ થતાં તેણીને આ ફ્રેન્ડશીપ મુકી દેવા સમજાવી હતી. આ કારણે માઠુ લાગતાં તેણે સવારે માતા પાસે પોતાને પહેરવી છે તેમ કહીને સાડી માંગી હતી અને બાદમાં તેનાથી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. હેડકોન્સ. કિશનભાઇએ જરૂરી કાર્યવાહી કરી હતી. યુવાન અને આશાસ્પદ દિકરીના આ પગલાથી ગમગીની છવાઇ ગઇ હતી. ઇન્સ્ટાગ્રામની ફ્રેન્ડશીપ એક પરિવારની આશાસ્પદ દિકરીને છેક મોત સુધી દોરી ગઇ હતી.

# આગ હી આગઃ બેડીમાં ગાદલાની ફેક્ટરી ભયંકર આગમાં બળીને ખાક

## ફોમના ગાદલા ઓશીકા બનાવતી વિશાળ ફેક્ટરીમાં મસમોટુ નુકસાનઃ અઠ્ઠાવીસ કર્મચારીઓ કામ કરતાં હતાઃ સમયસર બહાર નીકળી જતાં જાનહાની અટકી





રાજકોટઃ મોરબી રોડ ઉપર બેડી હડાળા ગામ પાસે આવેલ ફોમના ગાદલા ઓશીકા બનાવતી ફેક્ટરીમાં ભયંકર આગ ભભૂકી ઉઠતાં જોતજોતામાં આખી ફેક્ટરી ખાક થઇ ગઇ હતી. તૈયાર કાચો માલ બળીને રાખ થઇ ગયો હતો અને મસમોટી મશીનરી પણ બળી ગઇ હતી. ફોમના ગાદલા ઓશીકા બનાવતી ફેક્ટરીમાં આ આગ ભભૂકી હતી. જેના કારણે ખુબ મોટી નુકસાની થઇ હતી. જો કે સદ્દનસિબે જાનહાની અટકી હતી.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ મોરબી રોડ પર બેડી હડાળા પાસે આવેલી વોરથ વીલ ઈન્ડિયા પ્રા.લી. નામની ફેક્ટરીમાં ફોમના ગાદલા, ઓશીકાનું મોટા પાયે ઉત્પાદન થાય છે. આ ફેક્ટરીમાં બપોરે વિકરાળ આગ લાગ ભભૂકી ઉઠતાં દોડધામ મચી ગઇ હતી. ફોમના ગાદલા-ઓશિકા બનાવતી ફેક્ટરીમા લાગેલી આગે ગણતરીના સેકન્ડમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ આગ બાજુના ખેતરમાં પણ પ્રસરી ગઈ હતી. આગ લાગ્યાના કલાકો વિત્યા છતાં રાજકોટથી મોરબીથી ફાયરબ્રિગેડની ટીમ પહોંચી શકી નહોતી. જો કે બાદમાં ફાયર ફાયટરો પહોંચી ગયા હતાં અને આગ બુઝાવવા કાર્યવાહી હાથ ધરી હતી. આ આગમાં આખી ફેક્ટરી ભસ્મીભૂત થઈ ગઈ હતી.

સદ્દનસિબે જાનહાની થઈ નહોતી. આ વિકરાળ આગના ધુમાડા દૂર સુધી દેખાઈ રહયા હતાં. હાઇવે પરથી પસાર થતાં વાહનચાલકો પણ ધૂમાડાના ગોટા જોઇ ઉભા રહી ગયા હતાં.વધુ માહિતી અનુસાર આ ફેક્ટરીના માલિક રાજકોટના પિયુષભાઇ મનસુખભાઇ પટેલ છે. આગમાં ફેક્ટરીમાં તૈયાર અને કાચો એમ બંને માલ મોટા પ્રમાણમાં બળી ગયો છે. વિશાળ ફેક્ટરીમાં મોટી નુકસાની થઇ છે. આંક કરોડ ઉપર થઇ શકે છે. સવારે ફેક્ટરીમાં નિત્યક્રમ મુજબ ૨૮ કારીગરો કામ કરી રહ્યા હતાં. બપોરે એકાએક ફોમ વિભાગમાં કોઇપણ કારણોસર આગ લાગતાં કારીગરો બહાર નીકળી જતાં જાનહાની અટકી હતી. જોતજોતામાં આગ આખી ફેક્ટરીમાં પ્રસરી ગઇ હતી. આગ ઓલવવા રાજકોટ, મોરબીના ફાયર ફાઇટરો કામે લાગ્યા હતાં. ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી દેખાતા હતાં.

### ગૌ પ્રેમીઓએ કરેલી રજૂઆત બાદ પોલીસે દરોડો પાડી કાર્યવાહી કરી

# FSLએ ભલે ગૌમાંસનો રિપોર્ટ આપ્યો, પણ મુસાણીનું એક જ રટણ-એ પાડાનું માંસ હતું!

## આઇપી મીશન પાછળ ખાડામાંથી પકડાયેલા ગૌમાંસના કેસમાં વકફ બોર્ડ આગેવાન ફારૂક મુસાણી સહિત ત્રણની ધરપકડ બાદ રિમાન્ડ

રાજકોટઃ કેસરી પુલ રોડ આઈપી મીશન સ્કૂલ પાછળ ખાડામાં જય વેલનાથ મકાનની આગળ બે માળવાળા મકાનમાં ગૌપ્રેમીઓએ ત્રાટકી ગૌ માંસ વેંચાતુ હોવાની અરજી થયા બાદ પોલીસે કાર્યવાહી કરી માંસના ટુકડાને પરિક્ષણમાં મોકલતાં એફએસએલ દ્વારા આ માંસ ગૌમાંસ હોવાનો રિપોર્ટ આવતાં વકફ બોર્ડના આગેવાન મુસાણી સહિત ત્રણ વિરૂધ્ધ એ-ડિવીઝન પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતાં એક દિવસના રિમાન્ડ મળ્યા હતાં. એફએસએલ દ્વારા ભલે આ માંસ ગૌમાંસ હોવાનો રિપોર્ટ અપાયો હોઇ પરંતુ ઝડપાયેલા મુસાણીએ આ માંસ પાડાનું હોવાનું રટણ પકડી રાખ્યું હતું!

ગૌ પ્રેમીઓએ આઇપી મીશન સ્કૂલ પાછળ ખાડાના મકાનમાં ગૌમાંસ વેંચાતુ હોવાની રજૂઆત કરી હતી તેના આધારે પોલીસે દરોડો પાડી તપાસ કરતાં અંદર મૃત પશુનું ચામડું ધુ પડ્યું હતું, અને માંસના છુટાછવાયા ટુકડા પડ્યા હતા, કાળા કલરના શિંગડાવાળું માથું પણ મળ્યું હતું અને માંસ કાપવાના છરા પણ કબજે થયા હતા. પોલીસે સ્થળ પરથી કબજે કરેલા માંસમાંથી બે ડબ્બીમાં પચાસ પચાસ ગ્રામ માંસના સેમ્પલ લઇને એફએસએલમાં મોકલ્યા હતા. સેમ્પલનું માંસ ગૌમાંસ હોવાનો ગત તા.૩ના એફએસએલ રિપોર્ટ આવ્યો હતો. આ રિપોર્ટને આધારે હેડકોન્સ. લાભુભાઇ જતાપરાની ફરિયાદ પરથી બે દિવસ પહેલા એ-ડિવીઝન પોલીસે ગુનો નોંધી વકફ બોર્ડના આગેવાન સહિત ત્રણની ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા છે.

આ ગુનામાં એ-ડિવીઝન પોલીસે મોચીબજાર ખાટકીવાસના ફારૂક ઇબ્રાહીમ મુસાણી તેમજ મનાન હારૂનભાઇ લીંગડીયા (જંગલેશ્વર) અને આબીદ ઉર્ફ યુનુસ મુસાણી (રહે. ખાટકીવાસ મોરબી રોડ)ની ધરપકડ કરી છે. ત્રણેયના એક દિવસના રિમાન્ડ મળ્યા હતાં. આ લોકો ગૌમાંસ ક્યાંથી લાવ્યા? કેટલા દિવસથી વેંચતા હતા? તે સહિતની તપાસ થઇ રહી છે. ઉલ્લેખનીય છે કે ગૌપ્રેમી ભાવીનભાઇ ઘીયાડ સહિતના કાર્યકરોએ ૧૭/૧ના રોજ અરજી આપી હતી કે આઇપી મિશન સ્કૂલ પાછળ ખાડામાં આવેલા મકાનમાં ગૌ માંસ વેંચાય છે. તેમજ રિક્ષામાં પણ પશું માંસ પડ્યું છે. આ મામલે પોલીસે તપાસ કરી હતી અને માંસના ટુકડા નમુના માટે લઇ એફએસએલમાં મોકલ્યા હતાં. જેનો રિપોર્ટ આવ્યા બાદ ગુનો નોંધાયો હતો. જો કે ઝડપાયેલો ફારૂક મુસાણી એફએસએલમાં ગૌમાંસનો રિપોર્ટ આવ્યો હોવા છતાં એ માંસ પાડાનું હોવાનું રટણ કરી રહ્યો છે. આવતીકાલે પોલીસે ફારૂક સહિત ત્રણને રિમાન્ડ પુરા થયે કોર્ટમાં રજૂ કરશે. ખરેખર ગૌમાંસ ક્યાંથી આવ્યુ? તે બહાર આવશે કે કેમ? તે સવાલ ચર્ચાના ચકડોળે ચડ્યો છે.

# ૯ મોબાઈલની ચીલઝડપ કરનાર બેલડીને LCBઝોન-૧ ટીમે દબોચી

## દેવપરા શાકમાર્કેટ પાસેથી રીક્ષાચાલક સહીત બેને પકડી લેવાયાઃ મોજશોખ માટે બંને ચીલઝડપ કરતા હતા

રાજકોટ મિરર, તા.૮

ચોરીના બનાવો અટકાવવા અને આવા ગુણ ડિટેક્ટ કરવા એલસીબી ઝોન ૧ ટિમ કાર્યરત હતી ત્યારે બાતમી પરથી કોઠારીયા રોડ દેવપરા નજીકથી બે ચીલઝડપકારને પકડી ૯ મોબાઈલ ફોને કબ્જે કર્યા છે. આ બંને મોજશોખ માટે ચીલઝડપ કરતા હતા.

મળતી વિગતો મુજબ શહેરના જુદા-જુદા વિસ્તારમાં મોબાઇલની ચીલઝડપ કરનારા બે શખ્શો દેવપરામાં હોવાની ડીસીપી ઝોન-૧ની એલસીબીના એ.એસ.આઇ. મનરૂપગીરી ગોસ્વામી, કોન્સા. સત્યઝજીતસિંહ જાડેજા અને દિવ્યંરાજસિંહ જાડેજાને બાતમી મળતા દેવપરા શાકમાર્કેટ પાસેથી જંગલેશ્વર શેરીનં.૧૫ના સંજય શંકરલાલ રાજાણી (ઉ.વ.૪૦) અને ભવાની ચોક પાસે મહેશ્વરી સોસાયટી શેરીનં.૨ના એજાજ ફારૂકભાઇ પરમાર (ઉ.વ.૩૭)ને અલગ અલગ કંપનીના



રૂા.૧,૧૪,૫૦૦ની કિંમતના નવ ચોરાઉ મોબાઇલ ફોન સાથે ઝડપી લઇ ચોરાઉ મોબાઇલ તથા ઓટો રીક્ષા કબજે કરી હતી. પોલીસની પુછપરછમાં કાલાવડ રોડ પર સ્પીલડવેલ પાર્ટી પ્લોહટની બાજુમાં સાનીધ્યા એપાર્ટમેન્ટ૪માં રહેતો અને ફર્નીચરનું કામ કરતો રાજસ્થાઇની યુવાન ગોગારામ ભગારામ ભદુ(ઉ.વ.૨૩) તા.૩ના રોજ આજીડેમ ચોકડીએ મીત્ર સાથે બગીચામાં ફરવા માટે ગયો હતા.

બાદ તે એકલો આજીડેમ ચોકડીએથી એક રીક્ષામાં બેસી બસ સ્ટેશને જવા માટે નીકળ્યો. હતો. બાદ જલારામ ચોક પાસે પહોંચતા રીક્ષા ચાલકે કહેલ કે 'મારે મારી પત્નીને દવાખાને લઇ જવાની છે તમે અહી ઉતરી જાવ.' ગંગારામને ઉતારી દીધો હતો. બાદ તે જલારામ ચોક પાસે પોતાના ભાઇને ફોન કરી વાત કરતો હતો તે દરમ્યાહન જે રીક્ષામાં આવ્યોી તે ઓટો રીક્ષા ચાલકે ગંગારામના હાથમાંથી રૂ.૨,૦૦૦ની કિંમતનો મોબાઇલ ફોન ઝુટવી રીક્ષામાં ભાગી ગયો હતો. આ બનાવ અંગે ભકિતનગર પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી. બંનેને ભકિતનગર પોલીસ મથકમાં સોપ્યાભ હતા. આ કામગીરી ડીસીપી ઝોન -૧ એલ.સી.બીના પીએસઆઇ બીવી ચુડાસમા, એ. એસ.આઇ ભરતભાઇ વાઘેલા, મનરૂપગીરી ગોસ્વામી હેડ કોન્સ. હિતેશભાઇ પરમાર, કોન્સા. સત્ય.જીતસિંહ જાડેજા, દિવ્યજરાજસિંહ જાડેજા, રવિરાજભાઇ પટગીર, દ્વારા કરવામાં આવી છે. વધુ ગુના અંગે પૂછતાછ થઇ રહી છે.

### અવસાન નોંધ

**રાજકોટ :** સિટીઝન્સ કો.ઓ. બેન્કના સ્થાપક સ્વ. અશ્વિનભાઈ મહેતાના ધર્મપત્ની રસીલાબેન(ઉ.વ.૮૫) તે સલીલભાઈ, હારિતભાઈના માતા, રાગીણીબેન, ગીતાબેનના સાસુનું તા.૮ ના રોજ અવસાન થયું છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૦ ને સોમવારે, સાંજે ૪-૩૦ થી ૬-૦૦, બાલભવન, રેસકોર્ષ, રાજકોટ ખાતે રાખેલ છે.

# વિકાસના બાકી રહેતા કામોને પુરા કરોઃ ડો. ભરત બોઘરા

## મેયર બંગલે મહાનગરપાલિકાના પાંચ પદાધિકારીઓ તથા મનપાના ટોચના અધિકારીઓની સાથોસાથ ઈજનેરો રહ્યા હાજર



### ચૂંટણી વર્ષ હોવાના કારણે લોકોના કાર્યો ઝડપભેર પૂર્ણ કરવા અપાયો આદેશ

### પ્રદેશ ભાજપ અધ્યક્ષ ભરત બોઘરાના અધ્યક્ષ સ્થાને મળી હાઈ લેવલ બેઠક

રાજકોટ, તા. ૮

ગઈકાલે મેયર બંગલા ખાતે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડોક્ટર ભરત બોઘરા ના અધ્યક્ષ સ્થાને મહાનગરપાલિકાના અધિકારીઓ સાથે એક વિશેષ સંકલન બેઠક યોજાઈ હતી.. આ બેઠકમાં શહેર ભાજપ પ્રમુખની સાથોસાથ ધારાસભ્યો તથા મહાનગરપાલિકાના પાંચ પદાધિકારીઓ ની સાથે ઉચ્ચ અધિકારીઓ તથા ઈજનેરો આ ખાસ યોજાયેલી સંકલન બેઠકમાં હાજર રહ્યા હતા મળતી માહિતી મુજબ આ બેઠક આશરે ત્રણ કલાક સુધી ચાલી હતી જેમાં હાલ રાજકોટમાં ચાલતા તમામ પ્રોજેક્ટ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. એટલું જ નહીં એ વાતની પણ ચર્ચા થઈ કે જે મંજૂર કરવામાં આવેલા પ્રોજેક્ટ છે તેનું કામ ક્યાં પહોંચ્યું કેટલા પ્રોજેક્ટ કામ શરૂ થયા નથી અને હાલ ચાલુ હોય તેવા પ્રોજેક્ટોની યાદી મેળવવામાં આવી હતી અને સીધો જ આદેશ આપવામાં આવ્યો હતો કે જે સૂચિત કરવામાં આવેલા પ્રોજેક્ટો છે તેને ઝડપભેર પૂર્ણ કરવામાં આવે.

તજજ્ઞોના જણાવ્યા અનુસાર હાલ જે બેઠક મેયર બંગલા ખાતે યોજાઈ તેનું મુખ્ય કારણ એ જ હતું કે ચાલુ વર્ષના અંતમાં મહાનગરપાલિકાની ચૂંટણી આવી રહી છે ત્યારે જે સૂચવવામાં આવેલા તમામ ૧૮ વોર્ડના અને ચારેય વિધાનસભા ક્ષેત્રના જે પ્રોજેક્ટ છે તે કામગીરી ઝડપભેર પૂર્ણ કરવામાં આવે. મહત્વનું એ પણ છે કે કોર્પોરેટરો ઉપરાંત ધારાસભ્યો અને સંસદ સભ્યોની જે ગ્રાન્ટ આવી રહી છે તેમાં યોગ્ય કામનું આયોજન કરી તેનો ઉપયોગ કરવામાં આવે. ભરત બોઘરાએ બેઠકમાં જે ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યા અને જે પ્રોજેક્ટની મંજૂરી આપવામાં આવી હોય તેના તમામ ટેન્ડરો પણ ઝડપથી થાય તે માટેની વ્યવસ્થા ઊભી કરવા માટે ખાસ સુચના આપી હોવાનું તજજ્ઞ જણાવી રહ્યા છે.

મહાનગરપાલિકામાં હાલ જે ચર્ચા નો વિષય બન્યો છે તે એ છે કે કોર્પોરેટરો દ્વારા જે કામ સૂચવવામાં આવ્યા હોય તેનું યોગ્ય અનુસરણ અધિકારીઓ કરતા નથી તે વાતની ચર્ચા પણ ગઈકાલે યોજાયેલી હાઈ લેવલ બેઠકમાં થઈ હતી. આકે પ્રદેશ ઉપાધ્યક્ષે તમામ અધિકારીઓને પણ સૂચિત કર્યા છે અને જણાવ્યું છે કે હાલ પ્રજાહિતના જે પણ કામો થવાના હોય તેને તાકીદે પૂર્ણ કરવામાં આવે એટલું જ નહીં જે કોર્પોરેટરો દ્વારા સૂચવવામાં આવતા જે કાર્યો છે તેની પણ ગંભીર નોંધ લેવામાં આવે જેથી તેઓને પ્રજા સાથે રહીને પાર્ટીનું કાર્ય કરી શકે.

ગઈકાલે યોજાયેલી બેઠકમાં કેટલા પ્રોજેક્ટનું ખાતમુરત થઈ શકે તેમ છે, કેટલા પ્રોજેક્ટ લોકાર્પણના તબક્કે આવી ગયા છે, ગત વર્ષના બજેટ ના કેટલા પ્રોજેક્ટ હજુ પણ અપૂર્ણ છે, એવા કેટલા કામો કે જેના હજુ ટેન્ડર પ્રસિદ્ધ કરવાના બાકી હોય તેની પણ યાદી મેળવવામાં આવી છે સાથોસાથ લોકપશ્નો અને ફરિયાદો અને ઉકેલવામાં કેમ સમય લાગી રહ્યો છે આ તમામ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. તો બીજી તરફ પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ છે કોર્પોરેટરોની ફરિયાદો જે આવી છે તેનું તાકીદે નિરાકરણ કરવા તથા ધારાસભ્યો અને સાંસદોએ જે પણ કાર્યો સૂચવ્યા હોય તેને વેગવતા બનાવવાની સાથોસાથ લોક ફરિયાદમાં જે પ્રશ્નો ઊભા થયા હતા તેનો ફટાફટ ઉકેલ લાવવા સહિત પદાધિકારીઓ સાથે સંકલન રાખવા અધિકારીઓને પણ સૂચિત કરવામાં આવ્યા હતા.

આ અંગે તજજ્ઞોનું માનવું છે કે આ કરવા પાછળનો સૌથી મોટો હેતુ અને લક્ષ્ય એ જ છે કે ચાલુ વર્ષના અંતે મહાનગરપાલિકાની ચૂંટણી યોજવાની છે ત્યારે લોકોના કામ થયા હશે તો ભાજપ તેમની સુધી સરળતાથી પહોંચી શકશે જે માટે તમામ પેન્ડિંગ કામો ને ઝડપભેર પૂર્ણ કરવા માટે સૂચિત કરવામાં આવ્યા.

# બાકી રહી ગયેલા કામો માટે ધડાધડ ટેંડરો પ્રસિદ્ધ કરતું RMC

### ઈસ્ટ ઝોનના વિસ્તારોમાં માળખાગત સુવિધા ઉભી કરવા તથા રોડ રસ્તાના કામોને પૂર્ણ કરવા માટે પદાધિકારીઓનો આદેશ માર્ચ મહિના સુધીમાં વર્ક ઓર્ડર આપી દેવા તાકીદ



રાજકોટ, તા. ૮

કોર્પોરેશન દ્વારા નવા ભરેલા જે કોઠારીયા સહિતના ઈસ્ટ ઝોનના જે વિસ્તારો છે તેના માટે રસ્તા ગટર લાઈટ સહિતની પ્રાથમિક સુવિધાઓ આપવાનું હજુ બાકી છે ત્યારે ગત નાણાકીય વર્ષના બજેટમાં જે બાકી રહેલા કામો છે તેને ઝડપથી પૂર્ણ કરવા સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર દ્વારા સૂચના આપવામાં આવેલી હતી આ સાથે પૂર્વ ઝોનના છ વોર્ડના ૧૮૦ રોડ રસ્તાને પેવરથી મઢવા ૨૨.૬૧ કરોડના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૪ અને ૨૫ ના બજેટમાં જે પૂર્વ ઝોનમાં રોડ રસ્તા સહિતના જે જરૂરિયાત ના કામો માટે જે જોગવાઈ કરવામાં આવી હતી તેને પણ અનુસરવા માટે આદેશો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. બજેટમાં ઈસ્ટ ઝોનના છ વોર્ડમાં પ્રથમ ટીપી રોડ અને નવી બનેલી સોસાયટીઓના રોડ રસ્તાઓ તેમજ યુટીલીટી રોડને અગ્રતા આપી ખર્ચની જોગવાઈ પણ કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ શહેરના ઉપલા કાંઠા વિસ્તારમાં રસ્તાના કામો માટે ફટાફટ ટેંડરો પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યા છે એટલું જ નહીં કુલ ૩૧ કરોડથી વધુની રકમના ખર્ચે મુખ્ય માર્ગો સહિત ૩૦ નવી સોસાયટીઓ તેમજ ટીપી રસ્તાઓ ઉપર મેટલિંગ કરવા પેવર કરવા અથવા તો રિકર્પેટ કરવાનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. રાજકોટ શહેર નો વ્યાપ વધતા અનેક વિસ્તારો મનપાની હદમાં તેનો સમાવેશ થયો છે ત્યારે એ તમામ વિસ્તારોને ઝડપભેર વિકસિત કરવાનો પણ આદેશ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ શહેરનો ઈસ્ટ ઝોન હાલ ઘણા સમયથી વિકાસથી વંચિત રહી ગયો છે તેવી એક વખત નહીં અનેક વખત ફરિયાદો પણ ઉઠવા પામી છે ત્યારે બજેટમાં કોર્પોરેટરો દ્વારા સૂચવવામાં આવેલા રોડ રસ્તા સહિતના જે લોકોની જરૂરિયાતના કામો છે તેની દરખાસ્ત પણ કરવામાં આવી હતી. વોર્ડ નંબર ૪,૫,૧૫,૧૬ અને ૧૮ માં મેટલિંગ કામ માટે ૯.૫૨ કરોડ તેમજ સોસાયટીઓના રસ્તા માટે ૧.૩૫ કરોડ અને પેવર રોડ માટે ૧૧.૭૪ કરોડના કામોના ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

ઈસ્ટ ઝોનના વોર્ડ નંબર ૪,૫ અને છ તેમજ મોરબી રોડની ઉપરના વિસ્તારોમાં રોડ રસ્તા નું મોટાભાગનું કામ બાકી હોવાથી નવી બનેલી સોસાયટીઓ તેમજ બાકી રહેલી સોસાયટીઓના મેટલિંગ કામોને પણ પૂર્ણ કરવા માટે હાલ નવા પેવરથી મઢવામાં આવશે. એટલું જ નહીં ગત બજેટમાં બાકી રહી ગયેલા રોડ રસ્તાના કામોના એક સાથે ટેન્ડર પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે ત્યારે આ ઝડપી કાર્યવાહી હાથ ધરી બે માસની અંદર વર્ક ઓર્ડર આપી દેવામાં આવશે. હાલ જે વિગતો સામે આવી રહી છે તેને ધ્યાને લઈ છવોર્ડમાં સોસાયટીઓ તેમજ મુખ્ય માર્ગો સિવાયના સોખડા ચોકડી થી કુવાડવા તરફ જતા રોડનું નવીનીકરણ કરવામાં આવશે કારણ કે હાલ આ રસ્તો અત્યંત હાલતમાં જોવા મળી રહ્યો છે ત્યારે ૯.૧૨ કરોડના ખર્ચે સોખડા ચોકડી થી કુવાડવા રોડ સુધીનો નવો ડામર રોડ બનાવવાની પણ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

મહાનગરપાલિકાની ના પદાધિકારીઓનું માનવું છે કે ઈલેક્શનનું વર્ષ હોવાથી હવે બાકી રહેતા કામોને ઝડપભેર આટોપી લેવા માં આવે તે માટે હવે નક્કર આયોજન હાથ ધરવામાં આવશે અને તે મુજબની કામગીરી થશે.

### રૂડા બાદ RMC એક્શન મોડમાં

# લાભાર્થીના સ્થાને ભાડુઆત રહેતા પાંચ આવાસ સીલ

### આવાસ યોજનાની ફિલ્ડ ટીમ દ્વારા હાથ ધરાઈ તપાસ

રાજકોટ, તા. ૮

હર હંમેશ કંઈક ખોટું થાય ત્યારે સ્થાનિક પ્રશાસન ઉપર આંગળી ચિંધી દેવામાં આવતી હોય છે પરંતુ લોકો ખરા અર્થમાં પોતાની નૈતિક જવાબદારીને સમજતા નથી તેમાં પણ કોઈ શંકા નહીં કારણ કે સરકાર દરેક લાભાર્થી ન હિત માટે જ વિચાર કરે છે અને તે મુજબની જ યોજનાઓ બનાવે છે પરંતુ અત્યારે જે સ્થિતિ ઉદ્ભવિત થાય છે તેને જોતા એ વાત તો સ્પષ્ટ છે કે લોકોને સરકારી લાભ લેવો છે પરંતુ તેનો ઉપયોગ કરવો નથી હા, તજજ્ઞોનું માનવું છે કે અત્યારે સરકાર દ્વારા જે આવાસ યોજના લાભાર્થીઓ માટે બનાવવામાં આવી રહી છે તેમાં મૂળ લાભાર્થીઓ તો ખૂબ ઓછા છે પરંતુ જે લોકોને આવાસ લાગી ગયા છે તેઓ તેમના આવાસમાં રહેતા નથી અને તેમનો આવાસ અન્ય ભાડુંઆતને આપી દે છે. એટલું જ નહીં જે લાભાર્થી છે તેઓ તેમના જ આવાસમાં ઘણી ઘણી વખત વાણિજ્ય પ્રવૃત્તિઓ કરતા હોય છે આ તમામ ગેરરીતિઓને ડામવા માટે હાલ સ્થાનિક પ્રસાશન દ્વારા એક વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે અને તે મુજબ હવે રૂડા હોય કે મહાનગરપાલિકા હોય સંયુક્ત રીતે આ તમામ આવાસોમાં તપાસ હાથ ધરવામાં આવશે અને જે પણ લાભાર્થી તેના નિર્ધારિત કે ફાળવેલા આવાસમાં નહીં રહેતો હોય તો તે આવાસ ને સીલ કરી દેવામાં આવશે.

મૂળ લાભાર્થીના સ્થાને ભાડુઆત રહેતા હોવાનું માલુમ પડ્તા જ ઉધમસિંહ ટાઉનશીપના ચાર અન ક્રિષ્ના ટાઉનશીપના એક આવાસ સહીત કુલ-પાંચ આવાસ સીલ કરવામાં આવ્યા હતા. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિવિધ યોજના અંતર્ગત અલગ અલગ સ્થળો પર આવાસો બનાવવામાં આવેલ છે. જે પૈકી ઉધમસિંહ ટાઉનશીપ - કુવાડવા રોડ તથા ક્રિષ્ના ટાઉનશીપ મવડી-કણકોટ રોડ પર આવેલ આવાસ યોજનામાં રાજકોટ મહાનગરપાલિકાની આવાસ યોજનાની ફિલ્ડટીમ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે અન્વયે મૂળ લાભાર્થીના સ્થાને ભાડુઆત



રહેતા હોવાનું માલુમ પડતા રાજકોટ મહાનગરપાલિકા, આવાસ યોજના વિભાગ દ્વારા સીલ કરવામાં આવેલ છે. ઉધમસિંહ ટાઉનશીપ કે જે કુવાડવા રોડ પર આવી છે તેમાં ચાર આવાસ સીલ કરવામાં આવ્યા. એવી જ રીતે મવડી કણકોટ રોડ ઉપર આવેલા ક્રિષ્ના ટાઉનશિપમાં એક આવા સીલ કરવામાં આવ્યું છે.



તજજ્ઞોના જણાવ્યા અનુસાર મહત્વની વાત તો એ છે કે રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ હસ્તક જે આવાસ ઊભા કરવામાં આવ્યા છે તેમાં હજુ પણ ઘણા ફ્લેટ એટલે કે યુનિટ એવા છે કે જેમાં ભાડુઆત રહેતા હોય. હાલ આ તમામ બાબતોને ધ્યાને લઈ મહાનગરપાલિકા દ્વારા ફરી વખત તપાસ હાથ ધરવામાં આવશે અને તેમાં જો ઘેર રેતી લાગશે તો તે આવાસોને પણ સીલ કરાશે જે માટેની ખાસ વ્યવસ્થા હાલ આવાસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

આપવાનું એ છે કે ઘણા ખરા કિસ્સામાં જે લાભાર્થી ઓએ આવાસ માટેના ફોર્મ ભર્યા હોય તેમને આવાસ લાગતા પણ નથી અને તેઓએ વાટ જોવી પડે છે ત્યારે ખરા અર્થમાં સ્થાનિક તંત્ર એ પણ અંગે ગંભીરતા પૂર્વક વિચાર કરવો જરૂરી છે ત્યારે આ પ્રકારના જે આવા સીલ કરવામાં આવ્યા હોય તેને જે લોકોને નથી મળ્યા તેને ફાળવી દેવામાં આવે તો પણ ઘણું ખરું કાર્ય અને જે આવાસ માટેનો જે બેકલોગ ઉભો થયો છે તે પૂર્ણ થઈ શકે છે માત્ર યોગ્ય અનુસાશનની સાતો સાત યોગ્ય કામગીરી કરવાની જ જરૂર છે.

# ગેરકાયદે ભારતીયોને US મોકલનાર એજન્ટોનો પર્દાફાશ

## એરફોર્સમેન્ટ ડિરેક્ટરેટની તપાસ ગુજરાત અને પંજાબ સુધી પહોંચી

રાજકોટ, તા. ૮

સંસદમાં ભારતીય નાગરિકોને અમેરિકામાંથી બહાર કાઢવાનો મુદ્દો જોરશોરથી ઉઠાવવામાં આવ્યો હતો. દરમિયાન, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ખુલાસો કર્યો છે કે છેલ્લા ત્રણ વર્ષમાં લગભગ ૪,૨૦૦ ભારતીયોની ગેરકાયદેસર રીતે યુએસ પહોંચવા બદલ તપાસ કરવામાં આવી રહી છે.

EDએ ગુજરાત અને પંજાબમાં કાર્યરત એજન્ટોના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે, જેઓ વિવિધ માર્ગો દ્વારા ગેરકાયદેસર રીતે ભારતીયોને અમેરિકા મોકલવાનું કામ કરતા હતા. આ તપાસ દરમિયાન, ૪,૦૦૦ થી વધુ શંકાસ્પદ નાણાકીય વ્યવહારો સામે આવ્યા છે, જેના દ્વારા ભારતીયોને પહેલા કેનેડા અને પછી ત્યાંથી અમેરિકા લઈ જવામાં આવ્યા હતા. EDની તપાસમાં ખુલાસો થયો છે કે એજન્ટોએ શિક્ષણના નામે ગેરકાયદેસર સ્થળાંતર માટે જાળ બિછાવી હતી. આ અંતર્ગત અમેરિકા જવા ઈચ્છુક ભારતીય નાગરિકોને પહેલા કેનેડાની કોલેજોમાં પ્રવેશ આપવામાં આવતો હતો. તેના આધારે તેઓને કેનેડાના વિઝા મળી જતા અને ત્યાં પહોંચ્યા બાદ તેઓ કોલેજનો અભ્યાસ છોડીને અમેરિકાની સરહદમાં પ્રવેશતા.

EDના રિપોર્ટ અનુસાર, EbixCash નામની ફાઈનાન્સિયલ સર્વિસ કંપનીનો ઉપયોગ આ કોલેજોની ફી ભરવા માટે કરવામાં આવ્યો હતો. તપાસમાં જાણવા મળ્યું છે કે ૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ થી ૯ ઓગસ્ટ, ૨૦૨૪ વચ્ચે, ગુજરાતમાંથી કેનેડા સ્થિત વિવિધ કોલેજોમાં ૮,૫૦૦ વ્યવહારો થયા હતા. તેમાંથી ૪,૩૦૦ પુનરાવર્તિત વ્યવહારો જોવા મળ્યા હતા, જે દર્શાવે છે કે ૪,૨૦૦ વ્યવહારો એવા હતા કે જેનો ઉપયોગ ગેરકાયદેસર રીતે યુએસમાં પ્રવેશવા માટે કરવામાં આવ્યો હતો. EDના રિપોર્ટમાં એ પણ ખુલાસો થયો છે કે એજન્ટોને દરેક વ્યક્તિને ગેરકાયદેસર રીતે અમેરિકા મોકલવા માટે ૪૦ થી ૫૦ લાખ રૂપિયાની રકમ મળી હતી.

આ પછી તેઓ વિદ્યાર્થીઓના નામે કેનેડાની કોલેજોમાં એડમિશન મેળવતા હતા અને ફી ચૂકવતા હતા. જ્યારે તે વ્યક્તિ કેનેડા પહોંચે ત્યારે કોલેજમાંથી તેનું એડમિશન કોઈને કોઈ બહાને કેન્સલ થઈ જતું.

આ પ્રક્રિયામાં રૂ. ૬૦ લાખથી રૂ. ૧ કરોડ સુધીની રકમ ઉપાડી લેવામાં આવશે, પરંતુ આનાથી તેમના વિઝા પર કોઈ અસર થશે નહીં. તપાસમાં એ પણ જાણવા મળ્યું કે એજન્ટોએ વિવિધ નાણાકીય પ્રક્રિયાઓનો ઉપયોગ કરીને નાણાં છુપાવવાનો પ્રયાસ કર્યો હતો.

સંભવિત સ્થળાંતર કરનાર માટે એક નવું બેંક ખાતું ખોલવામાં આવશે, જેમાં પર્યાપ્ત ભંડોળ જમા કરવામાં આવશે. તે પછી તેને ફિક્સ્ડ ડિપોઝિટ (FD) માં રૂપાંતરિત કરવામાં આવશે અને ઓવરડ્રાફ્ટ એકાઉન્ટ તરીકે ઉપયોગ કરવામાં આવશે જેમાંથી ફી ચૂકવવામાં આવશે.

એકવાર પ્રવેશ રદ થયા પછી, ઓવરડ્રાફ્ટ એકાઉન્ટ દ્વારા પૈસા ત્રીજા વ્યક્તિને ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

**ત્રણ વર્ષમાં આશરે ૪,૨૦૦ ભારતીયોની તપાસ કરવામાં આવી રહી છે : ૪૦૦૦ થી વધુ શંકાસ્પદ નાણાકીય વ્યવહારો પણ આવ્યા સામે**

### ગુજરાતમાં પરિવારના મોતના કારણે ખુલ્યો કેસ

ગુજરાત પોલીસ દ્વારા નોંધાયેલી FIRના આધારે EDએ જાન્યુઆરી ૨૦૨૩માં આ તપાસ શરૂ કરી હતી. કેનેડા-યુએસ બોર્ડર પર ઠંડીના કારણે ગુજરાતના ચાર ભારતીય નાગરિકોના મૃત્યુ પછી ૨૦૨૨માં આ FIR નોંધવામાં આવી હતી. અમેરિકામાં અન્ય સાત ભારતીયોની ગેરકાયદેસર રીતે સરહદ પાર કરવાનો પ્રયાસ કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં ભાવેશ પટેલ નામના વ્યક્તિની સંડોવણી બહાર આવી છે, જેણે ગુજરાત સ્થિત કેઆઈઈસી ઈન્ટરનેશનલ એલએલપી નામની એજ્યુકેશન એન્ડ ઈમિગ્રેશન ફર્મ દ્વારા મૃતકને કેનેડાના વિઝા આપ્યા હતા. આ પેઢી અન્ય કેટલાક ગેરકાયદે સ્થળાંતર કેસોમાં પણ શંકાના દાયરામાં છે. ED હવે આ તમામ વ્યવહારો, એજન્ટો અને કંપનીઓની સંપૂર્ણ તપાસ કરી રહી છે જેથી કરીને આ સંગઠિત ગેંગનો પર્દાફાશ કરી શકાય.

# કાળીપાટના યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

## આર્થિક ભીંસથી કંટાળીને પગલું ભર્યાની બહાર આવતી વિગતો



રાજકોટ મિરર, તા.૮

કાળીપાટ ગામે રહેતા યુવાને આર્થિક ભીસ કંટાળી ગળેફાંસો ખાઇ લેતા તેમના મૃતદેહને પોસ્ટમોટર્મ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. યુવાનનો મૃત્યુથી તેમના ત્રણેય સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી હતી. આ મામલે આજીડેમ પોલીસના સ્ટાફે કાગળો કર્યા હતા.

કાળીપાટ ગામના યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા નાનકડા ગામમાં અરેરાટી ફેલાઈ છે. પોલીસના કહેવા અનુસાર આર્થિક ભીંસને કારણે યુવાને ત્રણ સંતાનોની દયા ખાયા વગર જીવન લીલા સંકેલી લેતા પરીવારજનોમાં શોક વ્યાપ્યો છે.

કાળીપાટ ગામે રહેતા અને કારખાનામાં મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવી શૈલેષભાઈ બાબુભાઇ મકવાણા નામના ૩૫ વર્ષના યુવાને પોતાના ઘરે ગળેફાંસો ખાઇ લેતા ૧૦૮ના ઇ.એમ.ટી ભાગ્યવાનભાઇ પચાલે જાણ પરથી ઘટના સ્થળે પહોચી શૈલેશને મૃત જાહેર કર્યો હતો. મૃતકના મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ મામલે આજીડેમ પોલીસના હેડકોન્સ્ટેબલ હરસુરભાઇ ડાંગર અને સ્ટાફે તપાસ શરૂ કરી હતી. મૃતકના ના પત્ની માવતરે પ્રસંગ હોય ત્યા ગયા હતા અને તેમને સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. શૈલેષભાઈને આર્થિક ભીસથી આ પગલુ ભરી લીધુ હોવાનુ પ્રાથમિક તપાસમાં જાણવા મળી રહ્યુ છે. તેમના મૃત્યુથી ત્રણેય સંતાનોએ પિતાની છત્રછાયા ગૂમાવી દેતા પરિવારજનો અને લાત્તાવાસીઓનો શોક બેવડાયો છે.

# આશાપુરાનગરમાં જુગાર દરોડો : પાંચ મહિલા ઝડપાઈ



રાજકોટ મિરર, તા.૮

શહેરના કોઠારીયા રોડ પર આશાપુરાનગરમા રહેણાક મકાનમાં ચાલતા જુગારધામ ઉપર પોલીસે બાતમીના આધારે દરોડો પાડતા ત્યાંથી પાંચ મહિલાને ૩૦ હજાર રોકડ સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

જાણવા મળતી વિગત મુજબ ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ એ. એસ. ગરચર, એએસઆઇ ચેતનભાઇ ચાવડા, હેડ કોન્સ ઉમેશ ચાવડા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમા હતો દરમિયાન કોઠારીયા રોડ પર આશાપુરાનગર શેરી નં ૭ મા રહેતા લીલાબેન ડાયાભાઇ રોકડ પોતાના મકાનમા જુગારધામ ચલાવતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી પતા ટીંચતા લીલાબેન રોકડ ઉપરાંત નયનાબા વનરાજસિંહ સરવૈયા, પુજાબેન નવીનભાઇ ધામેલીયા, કૈલાશબેન સુરેશભાઇ રોજાસરા અને ભકિતબેન જયંતિભાઇ રાજગોરને ઝડપી પાડી પટ્ટમાથી રૂ. ૩૦ હજાર કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પુત્રીની ઉમરની યુવતી પાછળ પડેલા ધરારપ્રેમીનો માતા-પુત્રી પર હુમલો

## ઘવાયેલા યુવતીના માતા સારવાર હેઠળ : ગાંધીગ્રામ પોલીસે નોંધ્યો ગુન્હો

રાજકોટ, તા.૮

શહેરના શિવપરામાં રહેતા ૫૦ વર્ષના ઢગાએ પુત્રીની ઉંમરની યુવતીને લગ્નનો પ્રસ્તાવ કર્યો હતો પરંતુ યુવતીએ ઢગાના પ્રેમને ઠુકરાવતા છેલ્લા પાંચ વર્ષથી ત્રાસ ગુજારતા ઢગાએ ગઈકાલે યુવતીને માર માર્યો હતો જે અંગેની ફરિયાદ નોંધાવી પરત ફરતી માતા પુત્રીને ફરી આંતરિક હુમલો કર્યો હોવાનો હતો. હુમલામાં ઘવાયેલી મહિલાને સારવાર માટે ખસેડવામાં આવી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શહેરમાં દોઢ સો ફૂટ રીંગ રોડ પર શીતલ પાર્ક પાસે આવેલા મોચીનગરમાં રહેતા ઝરીનાબેન અસલમભાઈ સૈયદ નામના ૪૭ વર્ષના પ્રોઢાને અરસામાં રૈયા રોડ ઉપર આવેલા શિવપરામાં હતા ત્યારે રહીમ સુલેમાન શેખ નામના શખ્સે ઢીકા પાટુનો માર માર્યો હતો. ઝરીનાબેન સૈયદને ઇજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પોલીસે ઇજાગ્રસ્ત મહિલાનું નિવેદન નોંધ્યું હતું.પ્રાથમિક પૂછપરછમાં ઝરીનાબેન સૈયદના પતિ જીઆઈએસેફમાં નોકરી કરે છે અને તેમને સંતાનમાં બે પુત્રી છે જેમાંની મોટી પુત્રીના શિવપરામાં લગ્ન થઈ ગયા છે અને નાની દીકરી ગાંધીનગર ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરે છે હુમલાખોર રહીમ શેખ અગાઉ ઝરીનાબેનની પાડોશમાં રહેતો હતો રહીમ શેખને પણ બે પુત્રી છે તેમ છતાં ૫૦ વર્ષના ઢગાએ પાંચ વર્ષ પૂર્વે ઝરીનાબેન સૈયદની નાની પુત્રીને પ્રેમનો એકરાર કર્યો હતો પરંતુ યુવતીએ ધરાર પ્રેમીના પ્રેમને ઠુકરાવી દીધો હતો જેનો ખાર રાખી ત્રાસ ગુજારતો હતો જેના કારણે એકાદ વર્ષ પૂર્વે યુવતીએ પોલીસ કમિશનર કચેરીમાં ફિનાઈલ ગટગટાવી લીધું હતું અને યુવતી દ્વારા પ્રેમી ઢગા રહેમ શેખ વિરુદ્ધ પાંચેક વખત પોલીસમાં અરજી કરી છે.

જેમાં એક ગુનામાં રહીમ શેખ જેલમાં પણ ગયો હતો જે પોલીસ ફરિયાદનો ખાર રાખી હજુ ત્રાસ આપી રહ્યો છે અને ગઈકાલે ગાંધીનગર નોકરી કરતી યુવતી બેંકના કામ સબબ ઘરે આવી હતી અને બેંકનું કામ પતાવી પોતાનું સ્કૂટર લઈ ઘરે જતી હતી ત્યારે રહીમ શેખે લાખના બંગલા પાસે રીક્ષા આડી નાખી તેણીને આંતરી માર માર્યો હતો. જે અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં અરજી કરવામાં આવી હતી જે અરજી કર્યા બાદ ઝરીનાબેન પોતાની પુત્રીને સાથે લઈને શિવપુરામાં રહેતી મોટી પુત્રીના ઘરે જઈ રહ્યા હતા ત્યારે પોલીસમાં અરજી કર્યાનો ખાર રાખી રહીમ શેખે ફરી શિવપરામા માતા પુત્રીને આંતરી ઝરીનાબેન સૈયદ ઉપર હુમલો કર્યો હોવાના આક્ષેપ સાથે ફરી રહીમ શેખ વિરુદ્ધ ગાંધીગ્રામમાં બીજી અરજી કરવામાં આવી છે. પોલીસે ધરાહાર પ્રેમી ઢગા વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરવા કવાયત આદરાઈ છે.

# ગોંડલના રમાનાથધામ ખાતે કાલથી ત્રિદિવસીય પાટોત્સવ

**પાટોત્સવનો લાભ લેવા ટ્રસ્ટ્ દ્વારા શહેર-પંથકના ભક્તોને અનુરોધ**

ગોંડલ તા.૮

ગોંડલનાં ઉમવાડા ચોકડી નજીક આવેલા આસ્થાનાં પ્રતિક સમા અને પુ.નાથાભાઈ જોશીની આધ્યાત્મિક ચેતનાઓ નાં સાક્ષાત્કારરુપ શ્રી રમાનાથધામ ખાતે આદ્યશક્તિ અંબાજી માતાજી સહિત પંચદેવની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠાની સ્મૃતિમાં દર વર્ષે પાટોત્સવનું આયોજન કરવામાં આવે છે આ વર્ષે પણ ત્રીદિવસીય પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ૧૧ યજ્ઞકુંડ સાથે શતચંડી મહાયજ્ઞ તેમજ સ્મૃતિ મંદિરના પ્રાંગણમાં સત્સંગ, સંકીર્તન નો કાર્યક્રમ રાખવામા આવ્યો છે.

શ્રી રમાનાથ ધામ મંદિર ખાતે કાલે ૧૦ ફેબ્રુઆરી સોમવાર સવારથી સાંજ સુધી પ્રાત પૂજન સ્મૃતિ મંદિરે, પ્રાયશ્ચીત વિધિ, દેહ શુદ્ધિ, ગણપતિ પૂજન, સ્વસ્તિ પુન્યા વાંચન, મંડપ પ્રવેશ, સ્થાપિત દેવોનું આહવાન, પૂજા, ગૃહ શાંતિ હોમાત્મક શતચંડી પ્રારંભ, સાયંપૂજા, આરતી, પ્રાર્થના અને રાત્રે ૯.૦૦ કલાકે સપ્તક લોકનૃત્ય ગ્રુપ, આંતરરાષ્ટ્રીય લોકનૃત્ય ગ્રુપ દ્વારા આપણા રાસ ગરબા નો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

૧૧ ફેબ્રુઆરી મંગળવાર દ્વિતીય દિવસના પ્રાત પૂજન સ્મૃતિ મંદિરે, ગણપતિ પૂજન, સૂર્ય અધ્યે પૂજન, સ્થાપિત દેવોનું પૂજન, પ્રધાન હોમ ચાલુ, સાય પૂજા, આરતી, પ્રાર્થના અને રાત્રે ૯.૦૦ કલાકે પદ્મશ્રી હેમંતભાઈ ચૌહાણ અને હાસ્ય કલાકાર મનસુખભાઇ વસોયા નો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

૧૨ ફેબ્રુઆરી બુધવારે તૃતીય દિવસ ના પ્રાત પૂજન સ્મૃતિ મંદિરે, ગણપતિ પૂજન, સ્થાપિત દેવોનું પૂજન, રાજોપચાર પૂજા, પાત્રા સાધન, ધ્વજારોહણ, અન્નકોટ દર્શન સવારે ૧૦.૩૦ કલાકે, સ્થાપિત દેવોનું ઉત્તર પૂજન, હોમાત્મક શત - ચંડી યજ્ઞ અને ત્યાર બાદ ૫ કલાકે બીડું હોમવાનું અને સાંજે ૫.૩૦ કલાકે મહાપ્રસાદ નું આયોજન કરેલ છે. આ ત્રીદિવસીય પાટોત્સવનો લાભ લેવા ભક્તજનોને રમાનાથધામ ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરાયો છે.

# ૧૧.૬૯ લાખના ૩૮૯.૮૦૦ કિ.ગ્રા. પોષ ડોડા ભરેલો ટ્રક ઝડપાયો

## ચાલક નાસી છૂટ્યો : સુરેન્દ્રનગર માલવણ હાઈવે પર SOGની ટીમે મકાઈની આડમાં લઈ અવાતો માદક ડોડા સહીત રૂ. ૩૨.૭૪ લાખનો મુદ્દામાલ કર્યો કબજે



રાજકોટ મિરર, તા.૮

સુરેન્દ્રનગર એસઓજીએ બાતમીના આધારે માલવણ હાઈવે પરથી એક ટ્રકને રોકી તલાશી લેવા પ્રયાસ કરતા ચાલક ભાગી ગયો હતો પણ ટ્રક તપાસતા તેમાંથી રૂ. ૧૧.૬૯ લાખનો ૩૮૯ કિલો ૮૦૦ ગ્રામ પોષ ડોડાનો જથ્થો મળી આવતા તપાસનો ધમધમાટ શરુ કરાયો છે.

મળતી વિગતો મુજબ સુરેન્દ્રનગર જિલ્લાના માલવણ નજીક ગેરકાયદેસર નશાકારક પોષડોડાની હેરાફેરી થતી હોવાની બાતમીના આધારે સુરેન્દ્રનગર એસઓજીની ટીમે વોચ ગોઠવી ટ્રક નંબર આરજે ૩૯ જીએ ૨૦૨૯ને અટકાવ્યો હતો ત્યારે ચાલક ફરાર થઈ ગયો હતો આ ટ્રકમાં તપાસ કરતા મકાઈના આડમાં નશાકારક પોષ ડોડાનો જથ્થો મળી આવ્યો હતો. એસઓજીએ રૂા. ૧૧.૬૯ લાખની કિંમતનો ૩૮૯ કિલો અને ૮૦૦ ગ્રામ પોષ ડોડાનો જથ્થો તથા ટ્રક સહિત ૨.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. મકાઈના દાણાની બોરીમાં આ ૪૦૦ જેટલા બોરીમાં પોષ ડોડા છુપાવવામાં આવ્યા હતાં. આ જથ્થો ક્યાંથી આવ્યો અને ક્યાં પહોંચાડવાનો હતો તે બાબતે એસઓજીએ વધુ તપાસ શરૂ કરી છે.

જિલ્લા પોલીસવડા ગિરિશ પંડ્યાની સૂચનાથી એસઓજીના પીઆઈ બી.એચ. શીંગરખિયા સાથે પીએસઆઈ એન.એન. ચૂડાસમા, એન.એ. રાયમા, એએસઆઈ અનિરુદ્ધસિંહ મહિપતસિંહ ઝાલા, અશ્વિનભાઈ, અનિરુદ્ધસિંહ ખેર, અનિરુદ્ધસિંહ બી ઝાલા, રવિરાજભાઈ, બળદેવસંગ, બલભદ્રસીંહ અને અશ્વિનભાઈ વાઘેલાએ કામગીરી કરી હતી.

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટને PGVCL દ્વારા મળેલા હિટાચી મશીનનું લોકાર્પણ

## ગુજરાત ભાજપના ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા સહિતના મહાનુભાવોના હસ્તે મશીનનું કરાયું લોકાર્પણ






રાજકોટ મિરર, તા.૮

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ્ને ચેકડેમ, તળાવો રીપેરીંગ, ઉંડા,ઊંચા તેમજ નવા બનાવવાની સેવાનો ભગીરથ પ્રયાસ ચાલી રહ્યો છે. આવી સેવાને વેગ આપવા તાજેતરમાં રાજકોટ પીજીવીસીએલ દ્વારા અર્થમુવર(હિટાચી મશીન) ભેટ સ્વરૂપે અપાયું હતું. જેનું ગુજરાત ભાજપના ઉપાદયક્ષ ભરતભાઈ બોઘરા અને પીજીવીસીએલના અધિકારી કે.બી.શાહ અને એસ.જી.કાંજીયાના વરદ હસ્તે સયાજી હોટેલ ખાતે લોકાર્પણ કરાયું હતું.

આ મીટીંગમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ના પ્રમુખ દિલીપ સખીયા, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, પ્રતાપભાઈ પટેલ, જમનભાઈ, વિરાભાઈ હુંબલ, રમેશભાઈ ઠક્કર, જેન્તીભાઈ સરધારા, જે.કે.પટેલ, ભરતભાઈ ટીલવા, ચંદ્રકાન્તભાઈ ભાલાળા,કિશોરભાઈ કાથરોટિયા,સતીશભાઈ બેરા, વિનેશભાઈ પટેલ, શૈલેશભાઈ જાની, સંજયભાઈ ટાંક, મિતલભાઈ ખેતાણી, મુકેશભાઈ પાબારી, સુજીતભાઈ ઉદાણી, વિજયભાઈ વાંક, ચેતનભાઈ કોઠીયા, ગોપાલભાઈ બાલધા, નરેન્દ્રિસહ જાડેજા, હાર્દિકભાઈ ચૌહાણ, સંદીપભાઈ જોષી, દીપકભાઈ ગંગલાણી, તુષારભાઈ, મહેશભાઈ સેગલીયા, પ્રવીણભાઈ ભુવા, બાલક્રિષણભાઈ મકવાણા, જેન્તીભાઈ માંડલિયા, જે.પી. ભાલાળા, રામજીભાઈ ગઢીયા, વસંતભાઈ ખાંટ, ભરતભાઈ ભુવા, મનીષભાઈ માયાણી, રતિભાઈ ઠુંમર, વિઠલભાઈ બાલધા તેમજ અનેક ઉદ્યોગપતિઓ, દાતાઓ, બહેનો, ભાઈઓ હાજર રહ્યા હતા.

# ગૌ પ્રત્યે પ્રેમ અને કરૂણા ભાવ વ્યક્ત કરવા તેમજ ગૌરક્ષા પ્રત્યે જાગૃતતા ફેલાવવા ૧૪મી ફેબ્રુઆરી કાઉ હગ ડે તરીકે ઉજવવા GCCI ની અપીલ



રાજકોટ મિરર, તા.૮

ગ્લોબલ કોન્ફેડરેશન ઓફ કાઉ-સેન્ટ્રિક ઇન્સ્ટિટ્યુશન્સ (GCCI) દ્વારા ભારતીય ગૌવંશ ધરાવતી ગૌશાળાઓ, ગૌ ભક્તો અને આધ્યાત્મિક સંસ્થાઓને આહ્વાન કરવામાં આવે છે કે તેઓ ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫ ને કાઉ હગ ડે તરીકે ઊજવીએ.

આ પહેલ ગૌમાતા પ્રત્યે પ્રેમ અને કરુણાનું ભાવ વ્યક્ત કરવા, ગૌરક્ષણને મજબૂત કરવા અને ગૌઆધારિત અર્થતંત્રને પ્રોત્સાહન આપવા માટે છે. આ સાથે ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મ અને સાશ્વત વિકાસમાં ગૌમાતાની ભૂમિકા ને ઉજાગર કરશે.

GCCI ના સ્થાપક ડો. વલ્લભભાઈ કથીરિયા એ 'કાઉ હગ ડે' શા માટે મનાવવો જોઈએ ? તેના પર જણાવ્યું કે, આધુનિક જીવનશૈલીમાં ગૌમાતાનું મહત્વ પ્રજાજનોએ ફરીથી સમજાવી શકાય તે માટે આ દિવસ મહત્વનો બની રહેશે. ગૌમાતાને આલિંગન (હગ, ભેટ) કરવાથી તણાવ ઘટે છે, સકારાત્મક (પોઝીટીવ) ઉર્જા અને માનસિક શાંતિ પ્રાપ્ત થાય છે તે વાત આધુનિક વિજ્ઞાને પણ સ્વીકારી છે. આ ઉપરાંત, ગૌશાળાઓ અને ગૌઆધારિત ઉદ્યોગો માટે જાગૃતિ પેદા કરવા માટે આ દિવસ એક સારો અવસર બની રહેશે.

વિશેષમાં ડો.વલ્લભભાઈ કથીરિયાએ 'કાઉ હગ ડે' કેવી રીતે ઉજવવો? તેના વિશે જણાવ્યું કે, ગૌશાળાઓમાં વિશેષ કાર્યક્રમો યોજવા, જેમ કે ગૌપૂજન, ભજન સંધ્યા અને ગૌસેવા પ્રવૃત્તિઓ, સોશ્યલ મીડિયા દ્વારા ગૌસેવાની જાગૃતિ ફેલાવવી, ગૌઆધારિત પંચગવ્ય તેમજ ગોબર અને ગૌમુત્ર થી બનતા ઉત્પાદનોનું માર્કેટમળી રહે તે માટે પ્રદર્શન કરવું

GCCI સર્વે ગૌભક્તો, વિદ્યાર્થીઓ, ખેડૂતો અને પ્રજાજનોને આહ્વાન કરે છે કે તેઓ આ અભિયાનનો હિસ્સો બને અને વ્યક્તિગત કે સામૂહિક રીતે ગૌ સાથે થોડો સમય વિતાવી ને 'કાઉ હગ ડે ૨૦૨૫' ને ગૌસેવાના ભાવ સાથે ભવ્ય રીતે ઉજવે તેવી ડો. કથીરિયા એ અપીલ કરી છે.

વધુ માહિતી માટે GCCIના જનરલ સેક્રેટરી મિત્તલભાઈ ખેતાણી, તેજસ ચોટલિયા (મો. ૯૪૨૬૯૧૮૯૦૦), મીનાક્ષી શર્મા (મો. ૮૩૭૩૯ ૦૯૨૯૫) પર સંપર્ક કરવા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અક્ષર આરાધકને શબ્દની અપાઈ સ્મરણાંજલિ

## સ્વ. જીતુદાન ગઢવીની તૃતીય વાર્ષિક પુણ્યતિથી નિમીતે ભવ્ય લોકડાયરાનું આયોજન કરાયું હતું




રાજકોટ મિરર, તા.૮

લોકસાહિત્યના જાજરમાન જીવ એવા સ્વ. જીતુદાન ગઢવીની તૃતીય વાર્ષિક પુણ્યતિથી નિમીતે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાયરામાં મેરાણ ગઢવી, અનુભા (બાવળી), પિયુદાન ગઢવી, નિકુલદાન ગઢવી, વિજયાબેન વાઘેલા સહિતના દેશવિદેશમાં લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય ખ્યાતનામ ધુરંધરોએ સ્વ. જીતુદાન ગઢવીને હદય પૂર્વક શબ્દ સ્વરૂપે સ્મરણાંજલિ આપી હતી અને ડાયરામાં જમાવટ કરીને લોકોને લોકસાહિત્ય અને ચારણી સાહિત્યનો અદભૂત રસ પીરસ્યો હતો. રાજકોટના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે ઉપસ્થિત રહી ડાયરાની મોજ માણી હતી.

લોક ડાયરાને પુરૂષોતમ રૂપાલાજી (સાંસદ રાજકોટ), દિલીપભાઈ સંઘાણી (ઈફકો, ચેરમેન), વિજયભાઈ રૂપાણી (પૂર્વ મુખ્યમંત્રી), ઉદયભાઈ કાનગડ (ધારાસભ્ય), નયનાબેન પેઢડીયા (મેયર- રાજકોટ), નરેન્દ્રસિંહ જાડેજા (ડેપ્યુટી મેયર), જયમીનભાઈ ઠાકર (સ્ટેન્ડિંગ ચેરમેન,રાજકોટ), નીતિનભાઈ ભારદ્વાજ, નરેશભાઈ પટેલ (ખોડલધામ), શામજીભાઈ ખુંટ (પીપલ્સ કો.ઓપ. બેંકના ચેરમેન), રાજદિપસિંહ જાડેજા (રીબડા), મિતલ ખેતાણી (શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-રાજકોટ), ડો. યજ્ઞેશ જોષી (પ્રાધ્યાપક), ડો. બળવંત જાની, રામકુભાઈ ખાચર, જયેશભાઈ લોઢીયા, બકુલભાઈ સોરઠીયા (ખોડલધામ), રાજેન્દ્રસિંહ જાડેજા (ખીરસરા), મયુરધ્વજસિંહ જાડેજા (જે.એમ.જે. ગ્રુપ), દિનેશભાઈ વિરાણી (ઉત્સવ ગ્રુપ), મનુભાઈ વઘાસીયા સહિતનાઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.